# શૂન્યાવકાશ

રાજેન્દ્ર ‘સાગર’

**પ્રકાશન**

એમ. એમ. સાહિત્ય પ્રકાશન
મહાવીર માર્ગ, આણંદ.

SUNYAVAKASH - NOVEL
Published by M.M.S. Publication, Anand

પ્રકાશક : એમ. એમ. સાહિત્ય પ્રકાશન
મહાવીર માર્ગ, આણંદ.

(C) લેખકના

ત્રીજી આવૃતિ : ૨૦૧૨

કિંમત રૂા. ૧૦૦-૦૦

મુદ્રક :-

એમ. એમ. સાહિત્ય પ્રકાશન
મહાવીર માર્ગ, આણંદ.

## શૂન્યાવકાશની ત્રીજી આવૃત્તિ ટાણે લેખક કહે છે. -



શૂન્યાવકાશ સામાજિક નવલકથા 'લક્ષ્મી પ્રકાશન' અમદાવાદથી પ્રસિધ્ધ થયા પછી સમયાંતરે તેનું પુનઃમુદ્રણ થતાં તે જ ''શૂન્યાવકાશ'' ની બીજી આવૃત્તિ હર્ષ પ્રકાશન - અમદાવાદ ગુર્જર સાહિત્ય મારફતે પ્રસિધ્ધ થઈ અને હવે એજ કથાનું પુનઃમુદ્રણ કરી 'શૂન્યાવકાશ'ની ત્રીજી અવૃત્તિ એમ.એમ.સાહિત્ય પ્રકાશન - આણંદ મારફતે બહાર પડતી આ નવલકથા પોતે જ પોતાની લોકપ્રિયતા દર્શાવે છે.

નવલકથાનું વિષયવસ્તુ - કથા આલેખન - નવલકથાના પાત્રો - નાયક - નાયિકા તથા અન્ય પાત્રો એના એ જ છે - એ જ આકાશ, એ જ ગીરધરકાકા, ગૌમુખી, રાહુ - કેતુ, શ્વેતા - સ્નેહા - જગત - ચિરાગ - સમીર - ક્ષિતિજ તથા અન્યપાત્રોની સૃષ્ટિ એની એ જ છે.

આપે પ્રસ્તુત નવલને 'શૂન્યાવકાશ' ને જે ઉમળકાથી વધાવી લીધી છે તે જ રીતે ત્રીજી આવૃત્તિને પણ આવકાર મળશે તેવી શ્રધ્ધા સાથે.

નાવલી - ૩૮૮ ૩૫૫
તા.જિ. આણંદ (ગુજરાત)

- આપનો
'રાજેન્દ્ર' સાગર

## સ્નેહાર્પણ



રેખાની યાદગીરી આપીને મારા જીવનમાંથી - મૃત્યુ થવાથી - મારો સાથ છોડી - દૂર દૂર - જતી રહેલ એવી - મારી સ્વ. પત્ની ''શારદાગૌરી'' ને પ્રસ્તૃત નવલકથા ''શૂન્યાવકાશ'' અર્પણ કરતાં મારા મનપ્રદેશ પરના ભાવનું નિરૂપણ કરતાં મારી કલમ અટકી જાય તે સ્વાભાવિક છે - પ્રભુ ! તેના આત્માને પરમશાંતિ આપેને વૈકુઠધામમાં તે સદાય સુખી રહે !

નાવલી - ૩૮૮ ૩૫૫
તા.જિ. આણંદ (ગુજરાત)

- રાજેન્દ્ર સાગર

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | અનોખી દુનિયામાં આકાશ | ૧ |
| ૨. | એક અકસ્માત | ૧૩ થી ૨૧ |
| ૩. | કાયમનો કકળાટ | ૨૨ થી ૩૪ |
| ૪. | ક્ષિતિજ-કૌમુદી-ધ્રુવ | ૩૫ થી ૩૯ |
| ૫. | કેતન પણ ગયો | ૪૦ થી ૪૮ |
| ૬. | કર ભલા તો હોગા ભલા | ૪૯ થી ૫૪ |
| ૭. | સમીર, ઉષા અને સંધ્યાની વાત | ૫૫ થી ૬૧ |
| ૮. | શ્વેતા તું ક્યાં છે ? | ૬૨ થી ૭૨ |
| ૯. | આકાશની અકળામણ | ૭૩ થી ૭૭ |
| ૧૦. | હતાશ હૈયાંઓને મળી હૂંફ | ૭૮ થી ૮૭ |
| ૧૧. | પ્રોફેસરનાં પુનઃલગ્ન | ૮૮ થી ૯૬ |
| ૧૨. | ગિરધરકાકા ગયા-ગૌમુખીની વિદાય | ૯૭ થી ૧૦૧ |
| ૧૩. | પ્રોફેસરનો ઘરસંસાર | ૧૦૨ થી ૧૦૪ |
| ૧૪. | શ્વેતા મળી | ૧૦૫ થી ૧૧૭ |
| ૧૫. | જ્વાળામુખી ફાટ્યો | ૧૧૮ થી ૧૨૩ |
| ૧૬. | શ્વેતા સરી ગઈ | ૧૨૪ થી ૧૨૮● |
| ૧૭. | તિરાડ પડી | ૧૨૯ થી ૧૩૬ |
| ૧૮. | અર્થ વગરનું જીવન | ૧૩૭ થી ૧૪૩ |
| ૧૯. | સ્નેહા અને શ્વતા સરી ગયાં | ૧૪૪ થી ૧૫૯ |
| ૨૦. | શૂન્યાવકાશ | ૧૬૦ થી ૧૬૩ |




## ૧

## - અનોખી દુનિયામાં આકાશ

- અનોખી દુનિયામાં આકાશ...

- ગતિ...પ્રગતિ...ગતિ એટલે ગતિ... ગતિ વગરની જિંદગી નકામી છે. અર્થ વગરની છે. પોતાના જીવનમાં આવતાં તમામ ઝંઝાવતી તોફાનો અને મુશ્કલીઓના આવરણો સામે ટક્કર ઝીલીને બહાદુરીથી તેનો સામનો કરીને માનવી જ્યારે આગળ આવે છે અને આ રીતે તે પોતાના જીવનને ગતિવંત રખવા પ્રયત્ન કરનાર માનવી સાચા અર્થમાં માનવી છે. જીવનમાં આવનારાં તમામ ઝંઝાવાત તમામ તોફાનોને તાબે થઈ, પોતાની હિંમત હારી જઈ હતાશ થઈ જનાર અને નિરાશામાં પોતાની જાતને બરબાદીને પંથે દોરી જનાર માનવીને માનવી કહેવાય ખરો ?

- પવિત્ર એવા ગોમતી તળાવના કિનારે ઊભો ઊભો આકાશ ભટ્ટ આ પ્રમાણે દૂર દૂર ક્ષિતિજમાં આથમતા સૂર્ય તરફ નિગાહ કરીને પોતાના જીવનમાં થયેલ ગતિ, પ્રગતિ, અધોગતિ કે વક્રગતિ એમ તમામેતમામ પ્રકારની ગતિઓના સરવાળા બાદબાકી કરી રહ્યો હતો.

- આકાશ-ઉમરેઠ ડાકોર વચ્ચે આવેલ કોલેજમાં ગુજરાતીનો પ્રોફેસર હતો. આકાશ એટલે આકાશ. તેનું કોઈ માપ નહિ. તેને કોઈ બંધન નહિ. તે વિશાળ હૃદયનો, સદાય હસમુખો અને પ્રસન્નવદન વીચ બાવીસી વટાવી ગયેલો એક તરવિરયો યુવાન. પોતે ડાકોર શહેરનો ભગવાન રણછોડરાયના ધામનો ... પુનિત ગામના લોકો હંમેશાં પ્રભાવશાળી હોય છે અને પોતાની આગવી પ્રતિભા ધરાવતા હોય. આકાશ ભટ્ટ એટલે નિરામ્ર આકાશ. આકાશની જેમ ખૂબ જ ચારિત્રવાળો ઊંચે ઊંચા વિચારો ધરાવતો તરવરીયો અને લાગણીપ્રધાન યુવક !!! યૌવનને જ્યારે માઝામાં અને મર્યાદામાં રાખી અને યોગ્ય રસ્તે વાળવામાં આવે, યૌવનના પારાવાર થનગનાટનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો ત્યારે એ યૌવન હંમેશા પ્રશંસાનાં પુષ્પોને પાત્ર ઠરે છે. એ યૌવન પુજાય છે. એવા યૌવનનો સર્વત્ર આદરભાવ અને સન્માન થાય છે. જ્યારે આજકાલનું છેલબટાઉ, ઈશ્કી યૌવન તમાકુના પાન-મસાલા ખાઈ મહાપરાણે થનગનાટ જાળવી રાખવા મથતું યૌવન, માદક ચીજ-પદાર્થો નશીલી પીણાનું સેવન કરીને મહાપરાણે 'ડિસ્કો ડાન્સર'ની તાલમાં તાલ મિલાવતા, મથામણ કરતા યૌવન તરફ આકાશ ભટ્ટને સખ્ત નફરત હતી. ધિક્કારની ભાવના હતી. આથી આ આકાશ ભટ્ટ એમ માનતો હતો કે જે દેશનું યૌવન (યુવક અને યુવતીઓ-કોઈ જાતની બરકત વગરનું હોય તે દેશની પ્રગતિની કોઈ દિશા હોતી નથી. તે કોઈ આંધળો માણસ દિશાશૂન્ય બનીને બસ ચાલ્યા જ કરે ! બસ ચાલ્યા જ કરે અને તેને માટે કોઈ મંઝીલ, કોઈ ધ્યેય અને કોઈ લક્ષ્યાંક હોય જ નહિ. પછી તેનામાં શું મેળવવાનો કંઈ



મંઝીલે પહોંચવાનો થનગનાટ હોય ? તે જ રીતે તેવું યૌવન ધરાવતો દેશ પેલા આંધળા અપંગ માણસ જેવો છે. ગમે તે દિશામાં કોઈપણ પ્રકાશના લક્ષ્યાંક નક્કી કર્યા વગર પડતો, આખડતો પ્રગતિ અને અધોગતિની દિશામાં બસ ગબડ્યા જ કરે છે. ગબડ્યા કરે છે !!

-ગોમતી તળાવને કિનારે ઊભો ઊભો પેલા આથમતા જતા રવિને ક્ષિતિજમાં ઓગળતો જતો આકાશ પોતાના વિચારોમાં ખોવાઈ ગયો હતો. વિચારમાળામાં મગ્ન બની ગયો હતો. ગૂંથાઈ ગયો હતો. પરોવાઈ ગયો હતો.

- આકાશ ભટ્ટ

- ગિરધરભાઈ ગોટાવાલાનો એકનો એક લાડકવાયો દિકરો.

- બાળપણમાં બધા આકાશને 'લાલો' કહીને બોલવતા, સાચે જ બાળપણમાં આકાશ લાલાની જેમ (કાનકુંવરની જેમ) બાળલીલા કરી પોતાની કાલીઘેલી ભાષામાં બોલીને નિત નિત અવનવા તોફાનો કરી પોતાના મા-બાપ, આડોશી-પાડોશી, મિત્ર-ભાઈ-ભાંડુઓને પજવતો, ખુશ કરતો અને ક્યારેક ક્યારેક રંજાડતો પણ ખરો. લાલાના બાપે એટલે કે ગિરધરભાઈ ગોટાવાલાએ બહુ ભણાવી ગણાવીને બસ મોટો પંડિત બનાવવાનો ઈરાદો નહોતો રાખ્યો. એ તો એમ જ વિચારતા કે મારો દિકરો 'મોટો થશે એટલે મારી મીઠાઈની, ફરસાણની દુકાન સંભાળી લેશે અને પછી હું અને લાલાની મા 'ગૌમુખી' બંને જણા રોજરોજ કલાકોના કલાકો-રણછોડજીના મંદિરમાં -ધામમાં- અમારી શક્તિ પ્રમાણે ભક્તિ કરીશું અને બસ ભક્તિમાં જ તલ્લીન બની જઈશું જેથી અમારા દેહનું કલ્યાણ થાય. અમારા બંનેનો આત્મા પરમ -પવિત્ર

પરમાત્મામાં વિલીન થઈ જાય !!!!

- પણ લાલાની માએ એટલે કે ગૌમુખીએ લાલાના બાપુની (ગિરધરભાઈ ગોટાવાળાની ઈચ્છા એમ કરીને પૂરી થવા દીધી નહિ. અને પોતાના દીકરાથી જેટલું ભણાય તેટલું તેને ભણાવ્યો ગણાવ્યો અને ડાકોરની બાજુમાં કોલેજમાં જ એમ.એ.બી.એડ (ફર્સ્ટ ક્લાસ-ગુજરાતી) કરાવીને તેની હોશિયારીથી જ્યારે લાલાએ નોકરી મેળવી ત્યારે લાલાની 'ગૌમુખી' ના હૈયે આનંદનો કોઈ પાર ન રહ્યો. જ્યારે ગિરધરભાઈ ગોટાવાળા (લાલાના બાપા) મનમાં ને મનમાં અકળાઈ રહ્યા. બેચેન બની ગયા. મારે સાલુ આખી જિંદગી ૫૦૦ ગ્રામ, ૧ કિલો કે પછી ૨૫૦ ગ્રામ ભૂસું - ભજિયાં કે પછી બરફી-પેંડા, મગશનાં પડીકાં બનાવી ભગવાનના પરસાદના નામે લોકોને આપ્યે જ રાખવાનું પણ આ બધું ક્યાં સુધી પરવડે....?' એવું દુકાને બેઠા બેઠા સાઠ વર્ષના ગિરધરકાકા વિચારતા... હકીકતમાં એમને નવરાશ ગમતી જ ન હતી. બેઠા કરતાં બજાર ભલું. વળી દુકાનના કામકાજ મટે એક વાણોતર મહેતાજી (ફેરા-ફાંટા ખાનાર) રાખ્યો હતો.જેથી ગિરધરભાઈને ઝાઝી ઊઠ બેસ હતી જ નહિ. એ તો દેખરેખની અને હિસાબી - કિતાબી કામગીરી જ કરતા. બાકીનું બધુ કામ મફતલાલ મુનીમજી ન કરતા. જ્યારે જ્યારે વખત હોય ત્યારે ત્યારે આકાશ ભટ્ટ, પણ પ્રોફેસર સાહેબ પણ દુકાને બેસી ગોટા, ફરસાણ અને બરફી, પેંડા મગશના પડીકા વાળી આપતા... ઘરાકી સાચવતા. પ્રોફેસર સાહેબને આ વાતની જરાપણ નાનમ કે શરમ તો હતી જ નહિ. દુકાને બેસવાથી પ્રોફેસર સાહેબના કોટ-પેન્ટ કે ઝભ્ભા પહેરણની ઈસ્ત્રી કાંઈ ભાંગી જતી ન હતી.



-એ બધી વાત જવા દો. પોતના દીકરાને પહેલાં ભણાવી દીધા પછી તરત જ પહેલું કામ ગિરધરભાઈને ગૌમુખીએ દીકરાના લગ્ન કરવાનું કહ્યું ! જોકે ઉતાવળમાં અને ઉતાવળમાં પોતાના દીકરાના વિવાહ કરીને પોતે બેય પસ્તાયા હતા. ડોશા-ડોશી બંનેય સમજતા હતા કે ઉમરેઠની નાગર કન્યા અને આકાશની જોડી-રૂપ, રંગ, ઢંગમાં ખૂબ જ જામતી હતી. શોભતી હતી. જ્યારે આકાશ અને શ્વેતા દવેનો સ્વભાવ ખૂબ જ ભિન્ન ભિન્ન હતો. એક આકાશ તો બીજી વસુંધરા. એક પૂર્વ તરફ કહે તો બીજું પશ્ચિમ તરફ દિશા પકડી ચાલતું થાય.

-એમાં વળી શ્વેતાને ડાકોરની હાઈસ્કૂલમાં હાયર-સેકંડરી સ્કૂલે મહેતા હાઈસ્કૂલમાં નોકરી મળી. પ્રોફેસર સાહેબ ડાકોરની પાડોશમાં આવેલ ભવન્સ કોલેજમાં લેકચરો ફાડવા જાય ત્યારે પ્રોફેસર પત્ની શ્વેતાબહેન હાઈસ્કૂલે નોકરી જાય. ગિરધરભાઈ રણછોડરાયજીના મંદિરની સામે જ દુકાને બેસી ભગવાનના ધામે આવેલા ઘરાકો સાચવે જ્યારે ઘરે બિચારાં એકલાં જ 'ગૌમુખીબેન' બબડતાં અકળાતાં ઘરનો કારોબાર સંભાળે. શરૂઆતમાં ગમેતેમ કરીને ઢચુપચુ કરીને જીવનગાડું ચાલ્યું. પછી તો આકાશ ભટ્ટ અને શ્વેતા બબ્બે છોકરાના (એક રાહુ ભટ્ટ અને બીજો કેતન ભટ્ટ) મા-બાપ બન્યાં. આથી બીજી કાંઈ નહિ તો છોકરાંની બાબતે ધણી-ધણિયણી અવાર-નવાર લડી-ઝઘડી પડતાં. શ્વેતા દવે બહુ જ બોલકણી હતી, બહુ જ લઢકણી, વઢકણી હતી. એની જીભ જાણે તલવારનું જ કામ કરતી ન હોય તે રીતે તે આકાશની તમામે તમામ વાત એકીઝાટકે જ કાપી નાખતી. ઉડાડી દેતી અને આકાશને - પ્રોફેસર સાહેબને

ખખડાવી નાંખતી, ધમકાવી નાખતી. તેમની રેવડી દાણા-દાણ કરી નાંખતી.

"જુઓ આકાશ...." તમે મોટા પ્રોફેસર થઈ ગયા તો તમારા ઘરના. તમે નોકરી કરો છો તેમ હું પણ નોકરી કરું છું..." જ્યારે નોકરીએથી થાકેલો-હારેલો આકાશ (પ્રોફેસર) બપોરે ત્રણ વાગ્યાના સુમારે ટયુશન વગેરે પતાવી ઘેર આવતો ત્યારે અને હજી તો સ્કૂટરને સ્ટેન્ડ પર ગોઠવ્યું ન ગોઠવ્યું હોય તો પણ શ્વેતા પોતાનાં લેકચર શરૂ કરી દેતી.

"પણ હકીકત શું છે ? વાતને સાંભળવા દે..." બિચારો આકાશ મહાપરાણે કશું બોલે તે પહેલાં, "જુઓ મિસ્ટર હું કાંઈ તમારા ઘરના, તમારા છોકરાંના કામના ઢસરડા કરવા અહીંયાં આવી નથી હોં... તમારે પણ છૈયાંછોકરાં સાચવવાં જોઈએ, હું તો કંટાળી ગઈ આ ઘરથી, તમારાથી અને તમારાં છોકરાંથી." શ્વેતા કંટાળીને કકળાટ કરતી ત્યારે આકાશને પોતાને પણ 'હું વળી રોજ કરતાં વહેલો અહીયાં ક્યાંથી ટળ્યો ?' એ બાબતનો પસ્તાવો જરૂરથી થતો.

- આકાશ મનમાં જે મનમાં વિચારતો.... 'હું પહેલાં કેટલો બધો સુખી હતો ! ન કોઈ જાતની ચિંતા, ફિકર કે નહિ કોઈ લપન-છપન. હું અને મારાં ચોપડાં ભલાં. ભલે ! ટાઈમ મળે તો પોતે પોતાના મા-બાપ જોડે સુખદુ:ખની વાતો કરી સમય કાઢતો...

આકાશ ભણી-ગણીને નોકરીએ જતો થયો એટલે તે જે રસ્તે પોતાનું સ્કૂટર લઈ 'ભવન્સ કોલેજ' સવારે-બપોરે આવતો-જતો ત્યારે 'મહેતા હાઈસ્કૂલ'માં છોકરાં ભણાવતી એક બહેન જોડે ડાકોર ગામની



જ હતી તેમ છતાં આકાશે તેના તરફ ધ્યાન આપ્યું ન જ હતું... પણ એક વખત... ચોમાસું હતું ! તે વખતે બપોરની વેળાએ વરસાદ પડ્યાને ખાસો અડધો કલાક થયો એટલે ડાકોર શહેરના રોડરસ્તા કાદવ-કીચડથી લથપથ હતા... આકાશે સ્પીડ ધીમી કરી અને પોતાનું સ્કૂટર સાઈડ પર લીધું એટલે ...! છપાક..છર...ર...છર... દઈને વરસાદથી લથપથ બનેલ રોડની સાઈડ પરથી પાણીની શેર ઉડી ત્યારે તે વખતે પસાર થતી છોકરં ભણાવતી પેલી બહેનનાં નવાનકોર કપડાં-આસમાની રંગની સાડી અને બ્લેક રંગનો બ્લાઉઝ રંગાઈ ગયાં.

"બબૂચક જરા દેખાતુંય નથી..." પેલી બબડી.

આકાશે પોતાના સ્કૂટરને બ્રેક મારી...

"- કોને કહ્યું તેમ ? બબૂચકની જેમ તમે જાણે રસ્તો તમારા બાપનો હોય તેમ ચાલો છો. એટલે તમારા કપડાંના બગડે તો બીજું શું થાય ? સારું થયું કે આ વાત તમારા કપડાં બગડવાથી જ પતી ગઈ નહિ તો બીજા કોઈ વાહનવાળો (ટ્રક) તો ઉપર જ ચઢાવી દે'ત અને તમે ભગવાનને ઘેર પહોંચી જાત એ વાતમાં ના નહિ. સમજી ગયાં બહેન...' કહી આકાશે સ્કૂટરની ગતિ વધારી દીધી.

- પાછળ પેલી મહેતી બબડતી ફફડતી રહી પણ તેની પરવા કરે તેનું નામ આકાશ નહિ !

એક દિવસ ભવન્સ કોલેજમાં છોકરા-છોકરીઓ અચાનક હડતાળ પર ઉતરી ગયાં અને જબરદસ્તીથી કોલેજનું કામકાજ બંધ કરાવ્યું. એટલે આકાશને કોલેજમાં કઈ કામ રહ્યું નહિ ત્યારે આકાશ

પોતાને ઘેર વહેલો પધાર્યો... તે વખતે આકાશની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ... પેલી બબૂચકની મા-પેલી મહેતી પોતાના ઘેર આવી પોતાની મા જોડે હસી હસીને વાતો કરતી હતી.

"- દીકરાને ઘેર આવેલો જોઈ ગૌમુખીએ કહ્યું... "લે હમણાં જ મારા દીકરાને યાદ કર્યો અને દીકરો ઘેર આવી ગયો.. આકાશ તારું સો વરહનું છે હોં..." કહી આકાશની બા આકાશ માટે પાણી લેવા રસોડા તરફ વળી. તે વખતે પેલી હાઈસ્કૂલમાં ભણાવતી અભિમાની મહેતી આકાશના તરફ ત્રાંસી નજરે જોતી હતી તે હકીકત આકાશના ધ્યાન બહાર હતી નહીં.

-"દીકરા આ બે'નને તું કયાંથી ઓળખે ? પેલા શિવશંકર કાકાની મોટી દીકરી. તારા બાપના ચાર ખરેખરા ભાઈબંધ..એક મોહનલાલ, બીજા કેશવલાલ, ત્રીજા આત્મારામ અને ચોથા શિવશંકરભાઈ.... અને તેમની બે દીકરી એક શ્વેતા તે આ રહી મોટી અને બીજી નાની સ્મિતા જે હજુ કોલેજનું ભણે છે. મોટી દીકરીને માથે બધી જવાબદારી આવી પડી. મા રુક્ષ્મણીબહેનથી ઘરનું ઝાઝું કામકાજ થતું નથી.... નાની દીકરી સ્મીતા ઘેર ટાંટિયો વાળીને બેસે નહિ. શિવશંકરભાઈની પણ ઉંમર થઈ એટલે ઘરનું ઝાઝું કામકાજ થાય નહી. એટલે ઘરનું બધું કામકાજ એની માથે આવી પડ્યું..." કહી ગૌમુખીએ શ્વેતાની ઓળખાણ કરાવી. આકાશે અને શ્વેતાએ પરસ્પર નમસ્કારવિધિ કરી પણ બંનેના મગજમાં તો પેલી વરસાદવાળી ઘટના જ પ્રતિબિંબિત થતી હતી. જેનું ચિત્રાણ એકમેકના ચહેરા પર થતું હતું.

ચા-પાણી કર્યા પછી શ્વેતા પોતાના ઘરે જવા ઉભી થઈ ત્યારે



તે વખતે શ્વેતાના મનમાં 'પ્રોફેસર આકાશ' ને બબૂચક કહી તેનું અપમાન કર્યાનો તેમજ પ્રોફેસર આકાશના મનમાં શ્વેતાનું પોતે ખોટી રીતે અપમાન કર્યું તે બાબતનો રંજ હતો. બંનેની ચાર આંખો એકબીજાની માફી માગી રહી હતી...

- બીજો પ્રસંગ એ બન્યો કે તે જ ચોમાસાની સિઝનમાં ગરનાળા નજીક ખૂબ જ કાદવ થયેલો એટલે બિચરી શ્વેતા લપસી પડી. એટલે શ્વેતાનો ટંગો મચકોડાઈ ગયો. એટલે મહાપરાણે ડગુમગુ ચાલતી, દુખઃદર્દથી પીડાઈ રહેલી શ્વેતા કોઈ ઘાયલ હરણી જેમ વનપ્રદેશ વિહ્વળ બનીને વિચરે, તે રીતે જોઈ રહી હતી ત્યારે બીતાં બીતાં આકાશે પોતાનું સ્કૂટર ધીરું કર્યું અને મૂંઝવણ અનુભવતાં અનુભવતાં કહ્યું, "બે'ન કેમ આમ ? પગે શું થયુ ?"

"મને લાગે છે કે મારો પગ મચકોડાઈ ગયો હશે...."

- શ્વેતા ઉવાચ...

"બે'ન બેસી જાઓ મારા સ્કૂટર પર... તમને ઘેર સુધી મૂકી જાઉં..." આકાશે સંકોચાતાં સંકોચાતાં કહ્યું. અ વખત કાંઈપણ જાતની આનાકાની વગર શ્વેતા સ્કૂટરની પાછળની સીટ પર ગોઠવાઈ ગઈ.... ! આ રીતે શ્વેતા આકાશની જિંદગીમાં કાયમ માટે ગોઠવાઈ ગઈ... ફીટ થઈ ગઈ. શ્વેતા અને આકાશ. આકાશ અને શ્વેતા. શ્વેતાના મા-બાપ અને આકાશનાં મા-બાપે પોતાના દીકરા-દીકરીનાં લગ્ન વખતે ખર્ચાપાણીમાં કોઈ જાતની ખામી રાખી નહિ..." ગિરધરભાઈ ગોટાવાળાએ પોતાની પ્રખ્યાત ગોટાની દુકાન અઠવાડિયા સુધી બંધ રાખેલી. અને ડાકોર શહેરના તમામે તમામ ફરસાણના વહેપારીઓએ પોતપોતાની રીતે આગવી

વેરાઈટીઝ બનાવી આપીને ગિરધરભાઈ ગોટાવાળાના દીકરાના લગ્નની શોભામાં અનેકગણો વધારો કર્યો.

- શ્વેત અને આકાશ... !

- આકાશ અને શ્વેતા.... ! એકબીજાના જીવનસાથી બની ગયાં. શ્વેતા અને આકાશની જોડી આખા ડાકોર શહેરમાં વખણાતી. બધા એકબીજાની અદેખાઈ કરતા પણ ખરા.

શ્વેતા અને આકાશનો સરવાળો એટલે પહેલાં અંકમાં રાહુ અને બીજા અંકમાં કેતુ (કેતન) નો ઉમેરો. એક પ્રોફેસર સાહેબ અને બીજા બે'ન માસ્તરાણી શ્વેતાબેન દવે. બંનેની સવારની નોકરી. ગિરધરકાકા વહેલી સવારે દુકાન વધાવવા જતા રહેતા. એમના માટે ચા-નાસ્તો પાણી કરવા એમને તૈયાર કરવા અને છોકરા જો જાગ્યા હોય તો તેમને સાચવવા, રમાડવા અને પોતે તૈયાર થઈ સમયસર હાઈસ્કૂલે નોકરીએ જવું... આથી શ્વેતાનો ઘણીબધી ઉતવળ અને અકળામણ થતી અને આનાથી શ્વેતા બૂમો પાડતી. બરાડા પાડતી હતી. ગૌમુખી શ્વેતાને છોકરાં-છૈયાને સાચવવામાં, રમાડવામાં ઘણી બધી મદદ કરતાં અને પોતાનાથી બની શકે તે તમામ ઘર કામકાજમાં પણ મદદ કરતાં.

- શ્વેતાનો સ્વભાવ જ એવો... બૂમો પાડવાનો. કકળાટ કરવાની અને દાદાગીરી કરવાનો. જેનાથી દેવતાના અવતાર સમા ગિરધરકાકા અને ગૌમુખી ટેવાઈ ગયાં હતાં. અને મશીનગનથી અદાથી બૂમબરાડા પાડતી વહુના મુખેથી વહી જતી શબ્દસરિતાના પ્રવાહને બંને જણાં અહોભાવથી, નિર્લેષ રહીને સાંભળી રહેતાં. જરાક પણ ખોટું લગાડ્યા વગર.



જ્યારે ભોળાશંકર જેવા ક્રોધી સ્વભાવના પ્રોફેસર આકાશથી આ બધું સહન થતું ન હતું. પ્રોફેસરના પોચા દિલમાં પ્રોફેસર પત્નીના શબ્દબાણ જ્યારે ઊંડા ઘા કરી જતાં ત્યારે ત્યારે પોતાના મનની વિહ્‌વળતા ઘટાડવા માટે પોતાના મનનો, મગજનો, હૃદયને શાંતિ, સંતોષ મળે તે માટે પ્રોફેસર આકાશ પોતાની બૈરી, પોતાનાં છોકરાં, પોતાનું ઘર-બાર, મા-બાપ, દુકાન, ધંધો વગેરે ભૂલી જઈને ગોમતી તળાવને કિનારે જે જગ્યાએ પરમકૃપાળુ પરમાત્મા સંતાઈ જઈ પાછળથી તોલાની વાળીએ તોલાયા હતા તે જગ્યાએ બે-આરાએ ઊભાં ઊભાં વીતેલી વાતો યાદ કરતો હતો.

"જુઓ આકાશ-તમે મોટા પ્રોફેસર થઈ ગયા હો તો તમારા ઘરના-તમો નોકરી કરો છો તેમ હું પણ નોકરી કરું છું. તમે નોકરી....નોકરી કરો છો તેમ હું પણ નોકરી કરું છું.... ! જુઓ મિસ્ટર હું કંઈ તમાર ઘરના તમારા છોકરાંન કામના ઢસરડા કરવા અહીંયાં આવી નથી હોં... તમારે પણ છૈયાં-છોરાં સાચવવાં જોઈએ. હું તો કંટાળી થઈ, આ ઘરથી. તમારાથી અને તમારાં છોકરાંથી..." એ બધી વાતો ભૂલવા મથતો આકાશ, પોતાની પત્નીના કાળા-કકળાટથી દૂર ભાગવ ઈચ્છા કરતો આકાશ.. ગોમતી તળાવના કિનારે ઉભો હતો ત્યારે સૂર્યનારાયણ ભગવાન પશ્ચિમ દિશાની ક્ષિતિજમાં ડૂબવા મથામણ કરી રહ્યા. ખૂબ જ શ્રમ કરવાથી થાકથી તેઓ લાલ લાલ બની ગયા હતા સાથે સાથે સંધ્યાટાણે અવનવા રંગો આકાશમાં ઉભરાયા હતા. તેનાથી 'ગોમતી' તળાવનું પાણી પણ નવરંગી બની ગયું હતું... તે વખતે... આકાશનો ખભો કોઈને થપથપાવ્યો. "હલ્લો આકાશ, કયાં કંઈ દિશામાં ખોવાઈ ગયો... હું તો તને ઘરે પણ શોધી

આવ્યો. પૂછ્યું કે પ્રોફેસર સાહેબ ક્યાં ગયા છે ? જવાબ મળ્યો કે - હશે ગોમતી કિનારે અને વાત સાચી નીકળી...'' કહી સમીરે આકાશને જાણે ઊંઘમાંથી ન જગાડતો હોય તે પ્રમાણે આકાશને ખભો થાબ્યો ત્યારે આકાશ વિચાર-તંદ્રામાંથી જાગ્યો.

''હલ્લો સમીર'' કહી આકાશે (પોતાના જિગરજાન દોસ્ત કે જે ભવન્સ કોલેજમાં 'અર્થશાસ્ત્ર' વિષયનો વ્યાખ્યાતા હતો) પોતાના મિત્રને આવકાર્યો પછી.

''ચાલને ઘેર જઈએ ત્યાં ગપ્પાં મારીશું'' કહી આકાશ પોતાના મિત્ર સમીરને પોતાના ઘર તરફ લઈ ચાલ્યો.

❀



# ૨
# એક અકસ્માત

- ઘણી વખત ન ધારેલું થઈ જાય છે અને જેની કલ્પના પણ ન હોય તેવા પ્રસંગો આકાશ લઈ આપણી સમક્ષ ખડા થઈ જાય છે ત્યારે માનવીની બુદ્ધિ બહેર મારી જાય છે.

- પ્રોફેસર આકાશ ભટ્ટ, પ્રોફેસર પત્ની શ્વેતા દવે અને પ્રોફેસરનાં બાળકો રાહુ ભટ્ટ ચાર વર્ષનો અને કેતુ ભટ્ટ અઢીથી ત્રણ વર્ષનો - પ્રોફેસર ભટ્ટન બાપુજી ગિરધરભાઈ અને કૌશલ્યા સમાન માતા ગૌમુખી - આમાં પ્રોફેસર પરિવાર આવી જતું. દાદા (ગિરધરકાકા) જ્યારે સાંજે દુકાન વધાવીને (ફરસાણની) ઘરે પાછા આવતા ત્યારે રાહુ અને કેતુ.. ''દાદા મમ.. લાવ્યાં... દાદા મમ લાવ્યા... !'' કહી દાદાને વધાવવા દોડી જતા અને દાદા ખુશી ખુશી પોતાના વહાલસોયાંને મનગમતી વસ્તુઓ - ઘણી વખત બુંદીના લાડુ, મગશની લાડુડી, બરફી વગેરે વગેરે આપતા અને આમ છોકરાઓ પણ ખુશ ખુશ થઈ જતા અને પ્રોફેસર પરિવાર પણ ખુશ ખુશ હતું.

- આજે આકાશ ભટ્ટ કોલેજમાં વાર્ષિક સમારંભ હોઈ તે કોલેજની ક્રિયાવિધિ અને કોલેજમાં આવેલા આમંત્રિતોની આગતા-

સ્વાગતામાં પરોવાયેલો હતો... કોલેજમાં પણ મહેમાનમિત્રો,આમંત્રિતો આવ્યા હતા. જાતજાતના કાર્યકર્મો, ચર્ચાસ્પર્ધા, વકતૃત્વસ્પર્ધા, અર્ધકાવ્ય સર્જન સ્પર્ધા, વાર્તાસ્પર્ધા વગેરે વગેરે કાર્યક્રમો વચ્ચે વીંટાળાયેલો આકાશ આજે ખૂબ ખૂબ પ્રવૃત્તિમય હતો. તેને આજે ઘડીભરનો ટાઈમ ન હતો.

ત્યાં કોલેજના આચાર્યશ્રીના કાર્યાલયમાં રાખેલો ટેલિફોન રણકી ઉઠ્યો. કોલેજના બધા માણસો કોલેજના વાર્ષિકોત્સવ પ્રસંગે ગોઠવાયેલ અને પ્રવૃત્તિમય હોઈ એકલા પટાવાળાએ જ ફોન ઉઠાવ્યો.

'હલ્લો કોણ બોલે ?' સામે છેડેથી પૂછયું.

'હું કોલેજમાંથી પટાવાળા મણિભાઈ બોલું છું...' કહી મણિભાઈ પટાવાળાએ ફોન પર પોતાની ઓળખાણ આપી. "તમે પ્રોફેસર આકાશને એટલી ખબર આપો કે પ્રોફેસરના મોટા દીકરા રાહુને અકસ્માત નડ્યો છે... જો કે બહુ વાગ્યું નથી પણ આ તો ગિરધરકાકાએ આવી જવા કહ્યું છે... અને અમેને કહેજો કે ગણપતરામનો ફોન હતો અને જલદીથી ઘરે આવી જાય..." કહી સામે છેડેથી ફોન મૂકી દેવાયો.

પટાવાળાએ કોલેજના કાર્યક્રમોને પરિપૂર્ણ પાર ઉતારવા દોડાદોડ કરતા શ્રી આકાશ ભટ્ટને આ વાતથી વાકેફ કર્યા ત્યારે તે વખતે પ્રોફેસર આકાશ ભટ્ટના અંતરમાં શંકા-કુશંકાનાં ઘેરા વાદળો ઘેરાવા માંડ્યાં. તેને પાર વગરની ચિંતા થવા માંડી. તેનું હૈયું હાથ રહ્યું નહિ અને જેમ તેમ કરીને પોતાની જાત સંભાળી લઈ મોટા સાહેબશ્રી વાસવાણી (કોલેજના પ્રિન્સીપાલશ્રી) ને આ વાતથી વાકેફ કરી પોતાને ઘેર જવા માટે રજા માગી ત્યારે......



"ભટ્ટસાહેબ, અરે ...એમ તે હોય... ! તમ તમારે જલદીથી જાવ બાબાને... શું થયું છે ? તેની મને જેમ બને તેમ જલદીથી ખબર કરજો. અને કોઈ આપણા બીજા સ્ટાફના સ્નેહીમિત્રોની જરૂર હોય તો... તેને પણ લઈ જાઓ.." વાસવાણીએ જવાબ આપ્યો.

"થેંકયુ સર, એકલા સમીરભાઈ મારી સાથે આવશે તો મને આનંદ રહેશે. મારો ઉચાટ ઓછો થશે અને મને કંપની મળશે." કહી ગભરાયેલ, અકળાયેલા પ્રોફેસર આકાશે વિદાય લીધી.

- થોડી વારમાં જ પ્રોફેસર આકાશ અને સમીરનાં બે વાસ્પા સ્કુટર ડાકોર તરફની દિશામાં ઝડપથી ભાગતાં જતાં હતાં. દોડતાં જતાં હતાં. આકાશની કપાળે ખૂબ ખૂબ પરસેવો વળ્યો હતો. તેના દિલમાં પોતાના લાડકવાયા દીકરાની ચિંતા થઈ રહી હતી. તે મનમાં આકુળવ્યાકુળ થતો હતો. તેણે પોતાના સ્કૂટરની સ્પીડ વધારી મૂકી. પાછળ પાછળ સમીરે પણ સ્પીડ વધારી.

❀

- રાહુ ડાકોરની હોસ્પિટલમાં મોતની ઘડીઓ ગણી રહ્યો હતો. ઘરમાં મમ્મી થોડી જ વારમાં આવું છું. કહી બહાર નીકળેલો રાહુ ફરીથી ઘરમાં કદીયે ન આવ્યો... દાદાની દુકાને જવા ઉપડેલો રાહુ ડાકોરના રણછોડરાયજીના મંદિરે રણછોડજીનાં દર્શન કરવા આવેલા કોઈ મુંબઈના ધનાઢ્ય શેઠની એમ્બેસેડર (સફેદ) જી.ટી.એ. ૧૩૧૩ની નીચે આવી ગયો અને માથામાં ઘણી જ ગંભીર ઈજા થઈ.

- ડાકોરના રણછોડરાયજીના મંદિરની સામે જ આવેલ ગિરધરભાઈ સ્વીટ માર્ટ ગોટાવાળાની દુકાન આગળ રમતા

ગિરધરકાકાનો પૌત્ર રાહુ ગાડી નીચે આવી ગયો તે સમાચાર જાણી આજુબાજુના બધા દુકાનદારોનો જીવ પડીકે બંધાણો. બધા ટપોટપ દુકાનો બંધ કરી ગિરધરકાકાની મદદે લાગી ગયા. ગિરધરકાકા તો આ અકસ્માતની ઘટના પોતાની નજર સમક્ષ બનતી નિહાળીને જ બેભાન બની ગયા હતા અને તે ઢળી પડ્યા... દુકાન દુકાનને ઠેકાણે રહી, વેપારને ઠેકાણે વેપાર... લગતા વળગતા ભેગા થયેલા બધાએ ગિરધરકાકાના ઘરે શહીદ ચોકમાં કેતુભવનમાં સમાચાર પહોંચાડ્યા.. ગૌમુખી (ડોસી અને શ્વેતા વગેરેના જીવ પડીકે બંધાઈ ગયા... એમના તો ચાલવાનાય હોંશ રહ્યા નહિ.''

- આ બાજુ ગિરધરકાકાને પાણી બાણી છાંટ્યું એટલે કાકાને જરા હોશ આવ્યા. હોશમાં આવીને છાતી કૂટવા માંડ્યા ત્યારે પરસોત્તમદસ (પશાકાકા) કે જે જૂના પીઢ, વૃદ્ધ, અનુભવી વેપારી હતા. તેમણે કાકા આ રોવા કકળવા કે છાતી કૂટવાનો સમય નથી. અત્યારે છોકરાની જિંદગી જોખમમાં છે. હાલો ઝટપટ છોકરાંને દવાખાને લઈ જઈએ... કહી સલાહ આપી.

-તરત જ બધાએ પેલી ગાડીવાળા (નં. જી.આર.ટી.૧૩૧૩)ને કહ્યું. એટલે બિચારો ડ્રાઈવર નવો જ લાગતો હતો પણ ગભરાઈ ગયો. બધા ઝટપટ ગાડીમાંથી (શેઠ-શેઠાણી તથા બે ત્રણ છોકરાં) નીચે ઉતરી ગયાં અને ગાડી ખાલી કરી દીધી. તરત જ ઘવાયેલા રાહુને લઈને આખો કાફલો દવાખાને રવાના થયો. ડોકટરે તરત જ કેસ હાથ પર લીધો.

- દર્દીને ઈમરજન્સી વોર્ડમાં ખસેડવામાં આવ્યો અને ખોપરીમાં નુકશાન થઈ મગજને ઈજા થઈ છે કે કેમ ? તેની તપાસ ચાલી.



રાહુને લોહી આપવામાં આવ્યું. રાહુ બેભાન બની ગયો હતો. એટલે ભાનમાં આવે તો જ ખરી હકીકત કહી શકાય અને હાલની સ્થિતિ કટોકટી ભરેલી છે. કલાક દોઢ કલાક શાંતિથી વિઘ્ન વગર પસાર થઈ જાય તો 'આશા રાખી શકાય' એવું મેડીકલ રીપોર્ટને આધારે જાહેર કરવામાં આવ્યું.... હોસ્પીટલમાં દોડાદોડી વધી ગઈ. ડોકટરી સ્ટાફ, કંપાઉન્ડરો, નર્સિંગ અને બીજા બધાની દોડાદોડી ધમાલ અને અવરજવરથી આખી હોસ્પિટલનું વાતાવરણ જીવંત બની ગયું.

- આ બધું પ્રોફેસર આકાશ ભટ્ટે અને સમીરે જેવો હોસ્પિટલના કંપાઉન્ડમાં જેવું પોતાનું સ્કૂટર પાર્ક કર્યું અને બીજી બાજુ ઓપરેશન થિયેટરમાંથી - રાહુના મૃતશરીરને સ્ટ્રેચરમાંથી બહાર લાવવામાં આવી રહ્યું હતું... રાહુને મૃત જાહેર કરવામાં આવ્યો ત્યારે વધારેમાં વધારે 'ડોસા' ગિરધરકાકા રોઈ પડયાં એ નાના બાળકની જેમ 'હીબકા' ભરીને રડતા હતા. કકળતા હતા. આક્રંદ કરતા હતા. જ્યારે આકાશની પરિસ્થિતિ એવી હતી કે તે તો રડી શકતો નહોતો કે કશું કરી શકતો હતો નહિ... હા, આકાશનું અંતર અપરંપાર રડી રહ્યું હતું... હીબકાં હીબકાં ભરી રડતું હતું કે કકળતું હતું. કલ્પાંત કરતું હતું.

- ડાકોરની હોસ્પિટલ....!

- માણસોની અવરજવર, ચહલ-પહલ, દોડાદોડી અને શોરબકોરથી ભરપૂર. રાહુ કટોકટીભરી પરિસ્થિતિથી પર બની ગયો હતો. આ દુનિયાની બધી ચિંતાઓથી પર, મૂંઝવણ, અકળામણ અને બેચેનીથી દૂર દૂરના કોઈ અનોખા જગતમાં પહોંચી

ગયો હતો. તેને ત્યાંના જગતમાં અપાર સુખ, શાંતિ, સંતોષ મળવાનાં હતાં.

આકાશ, પ્રોફેસર આકાશે જેવા દુઃખદાયક વજ્રઘાત સમા પોતાનો દીકરો રાહુ હવે અ જગતમાં રહ્યો નથી તેવા સમાચાર જાણ્યા. સાંભળ્યા ત્યારે તે વખતે આકાશ સાવ ભાંગી પડ્યો અને કોઈ નાના બાળકની જેમ ‘ઓ મારા દીકરા રે… ! ઓ મારી આંખોના રતન… રે…ઓ મારા જીવ રે… ! તું મને એકલો છોડીને ક્યાં ભાગી ગયો ? … મારી જરા પણ દયા ન આવી… ! કલ્પાંત કરવા માંડ્યો. રડવા લાગ્યો. પોતાનું કપાળ કૂટવા માંડ્યો… તે વખતે સમીરે આકાશને પોતાની બાથમાં લઈ લીધો.. કહ્યું, “આકાશ.. તારા હૈયે શાંતિ રાખ… ધીરજ રાખ… ખમી જા આકાશ… તારે તો હજુ શ્વેતા ભાભીનો, નાનકડા કેતુનો… તારાં ઘરડાં માવતરનો વિચાર કરવાનો રહ્યો. તું જ આ રીતે ઢીલો બની જઈશ અને જીવનસંગ્રામ હારી જઈશ… તો તે બધાનું કોણ ? … આકાશ તું રડીશ નહિ… નકામો જીવ બાળીશ નહિ.” સમીર આકાશને આશ્વાસન આપતો હતો.

આકાશે પોતાના વહાલસોયા દીકરાને ગુમાવ્યો હોય ડૂસકે ને ડૂસકે રડતો હતો.

શ્વેતાનો જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તે તો બેભાન થઈ ગઈ અને ગૌમુખીએ તો છાતી કૂટવા માંડી. અને રડવા માંડી. પોતાની પૌત્રને યાદ કરી કરીને તે રડતી હતી… રડતી હતી…. તે વખતે ફળિયાનાં ભેગા થયેલાં સાસુ-વહુને આશ્વાસન આપતાં હતાં.

છેક સાંજે રાહુની અંતિમ ક્રિયાવિધી તપાવીને બાપ-દીકરો


અને સગાંસંબંધીઓ ઘેર આવ્યાં. ઘેર આવીને થોડીવાર બેસીને બધા વિદાય થઈ ગયા પછી એકલતા મળતાં,

‘હું મારા આંખના રતન સમા…રાહુ દીકરાને સાચવી ન શકીને ? …મારી આંખની કીકી જતી રહી… હું આંધળો થઈ ગયો.. શ્વેતા હવે તું જ જવાબ આપ. મારો રાહુ મને છોડીને ક્યાં જતો રહ્યો ? … કહી શ્વેતાના સાનિધ્યમાં આકાશ રડી પડયો… ખૂબ જ રડ્યો.

શ્વેતા ડૂસકે ને ડૂસકે રડવા માંડી… ‘અરે રે ! હું અભાગણી મારા જીવને જાળવી ન શકી… !! ભગવાન તું જ હવે મને તારી પાસે બોલાવી લે. મારે આ દુનિયામાં જીવવું નથી. જીવીને શું કામ ? જીવ બાળવા માટે… ! એના કરતાં હું જ મરી ગઈ હોત તો સારું…’ કહી બોલતી લવારો કરતી શ્વેતા પોતાનું માથું કૂટવા માંડી… તે જોઈને બાજુમાં ઉભેલો નાનો કેતુ (કેતન) પણ મોટે મોટેથી રડવા માંડ્યો. બીજા રૂમમાંથી ગિરધરભાઈ અને ગૌમુખી દોડી આવ્યાં. ગૌમુખીએ રડતા ‘કેતન’ને છાતી સરસો ચાંપી દીધો અને ગિરધરભાઈ પોતાના દીકરાના માથે ફેરવી હાથ કહેતા હતા, “બેટા આકાશ, રણછોડરાયજી કરે એ ખરું ! ભગવાનને ગમ્યું તે થયું. તેમાં આપણું તલભારેય નહિ ઉપજે. નકામો વલોપાત કરીને જીવને શા કારણે દુભાવે છે ?” - જ્યારે ગૌમુખી પોતાના દીકરાની વહુને બરડે હાથ ફેરવી “બેટ શ્વેતા હવે તારે કેતનનો વિચાર કરવો રહ્યો. આમને આમ તું વલોપાત કર્યા કરીશ તો પછી કેતનનું શું ? આકાશના જીવને જંપ નથી. એને સાચવવાનું કામ તારું જ છે. તેના દિલને દુઃખ ન થવું જોઈએ. !!! બેટા શ્વેતા હવે ખમૈયા કર.’

કહીને ઊઠીને ગૌમુખીએ પણ આકાશના માથે હાથ ફેરવ્યો. આકાશ છાતી ફાટી જાય તેમ રડતો રહ્યો !!!!

- આ વાતને બેચાર દિવસ થયા પછી એક દિવસ રાત્રે... સૂતી વખતે... શ્વેતાએ.... "બાપુજીની બેદરકારીના કારણે જ મેં મારો દીકરા રાહુને કાયમ માટે ગુમાવ્યો છે. તે જ જવાબદાર છે. મારા દીકરાના ભોગે માટે..." કહ્યું ત્યારે આકાશની છાતી ચિરાઈ ગઈ. જોકે (આકાશ) શ્વેતાએ પોતાના મનની વાત કરી દીધી હતી. પોતાના હૈયે હોય તેવું તેના હોઠે આવી ગયું. અ વાત સાંભળી ત્યારે તે વખતે આકાશની છાતી ચિરાઈ ગઈ... બાપુજી આવું સાંભળી જાય તો તેમને કેટલું બધું દુઃખ થાય તે વિચારથી તે કંપી ઊઠ્યો... તેણે શ્વેતાને ગુસ્સામાં ને ગુસ્સામાં સંભળાવી દીધું, "હવે લવ-લવ કર્યા વગર જંપીને સૂઈ જાને. તું જ છો એક ડાકણ જેવી. તું જ તારા સ્વભાવને કારણે મારા દીકરાને મારી આંખના રતનને ભરખી ગઈ..."

-તે વખતે શ્વેતા સ્તબ્ધ બની ગઈ... આકાશ શું બોલી રહ્યો છે ? પોતે શું સંભળી રહી છે ? તેનાથી આ સહન થયું નહિ એટલે "હું ડાકણ છું, ચૂડેલ છું ત્યારે તમે તો ભૂત છો, જડ જેવા છો, પ્રેત છો. તમને તમારો છોકરો ગુમાવ્યાનું જેટલું દુઃખ નથી એટલું દુઃખ તમારા માવતરને કોઈ સાચું-ખોટું કહી જાય તેનું છે..." બોલતાં બોલતં શ્વેતાનો અવાજ ઊંચો ગયો એટલે સડાક...સડાક.... કરતા બે તમાચા આકાશે શ્વેતાના ડાબા-જમણા ગાલ પર ચોડી દીધા અને પોતે પલંગ પર અવળું ફરીને સૂઈ ગયો.

આ બધી હકીકત, સંવાદ, બોલાબોલી બાજુના રૂમમાં રહીને



સૂતાં સૂતાં જાગતાં પડી રહેલાં બે ઘરડાં માનવીઓ ગિરધરભાઈ અને ગૌમુખીએ સાંભળી હતી. આ વાતો સાંભળીને ગિરધરભાઈની આંખમાં ઝળહિળયાં ભરાઈ આવ્યાં. બંને આંખો ભૂરા નાઈટ લેમ્પના અજવાળામાં ચમકી ઉઠી. તે જોઈને ગૌમુખીએ ઉભા થઈને સ્ટીલના લોટામાંથી પાણી ભરી ગિરધરભાઈને આપ્યું અને કહ્યું, "હવે તમે પણ આખી દુનિયાના વિચારો કર્યા વગર જંપીને સૂઈ જાઓ. એ તો એમ જ ચાલ્યા કરે....."

"હા, ખરી વાત છે.... મારા ઠાકોરજીને ગમ્યું તે ખરું" કહી વેદનાથી જેનું હૈયું હાથ રહ્યું નથી તેવા ગિરધરભાઈએ મહાપરાણે આંખો મીંચી સૂવા પ્રયત્ન કર્યો અને આડે પડખે ફરી ગયો.

# ૩

# કાયમનો કકળાટ

- વહુના મોઢેથી જ પોતાની નિંદા સાંભળીને ગિરધરકાકાનું મન અંદરોઅંદર ખૂબ જ ગંભીર રીતે ઘવાયું હતું. તેમને રાહુ ખૂબ જ વહાલો હતો. પોતાના જીવથી પણ વહાલો.. પોતાના જ ઘરના માણસો પોતાની કૂથલી કરે. પોતાની વગોવણી કરેતો પછી પારકા માણસોનું શું ? ... દરેકને મુખે કાંઈ થોડાં તાળાં વસાય છે ? દરેક માણસ પોતાને જેમ ફાવે તેમ કહેતું હતું.

- દુનિયાની વાત જ ન્યારી છે, અનોખી છે. આગવી છે. સામાન્ય માનવીની કલ્પનામાં ન હોય તેવું ઘણુંબધું અસામાન્ય માનવીઓ વિચારી લેતા હોય છે. અવનવા કકડા જોડીને બંધબેસતી વાર્તા બનાવી દઈને ગપગોળા બનાવી દેતા હોય છે. ખોટેખોટી વાતો ઉપજાવી કાઢવી અને આ ખોટીખોટી હકીકતોને, પાયા વગરની હકીકતોને સમાજના દરિયામાં વહેતી મૂકવી અને આવી વાતોને બમણો વેગ આપવો એ જ સંસારની આગવી પદ્ધતિ છે. દુનિયાદારી છે.

- કોઈ કહેતું...“આ ડોસા-ડોસી ઘરડાં થયાં તોયે આ સંસારનો મોહ છોડતા નથી... અધૂરામાં પૂરું છોકરાં-અને છોકરાની વહુની



છાતીએ રહીને તેમના દુઃખમાં વધારો કર્યા કરે છે. આ ઉંમરે- જો પાસે પાઈ - પૈસો હોય તો તીર્થધામની જાત્રા કરવી જોઈએ અને અવતાર સુધારવો જોઈએ. એકલા ડાકોરમાં રણછોડરયની સેવા-પૂજા કરવાથી કાંઈ પુણ્યનાં પોટલાં કાંઈ થોડાં જ ભરાઈ જવાનાં છે ?”

- વળી કોઈ કહેતું કે, “આ પ્રોફેસર આકાશ અને શ્વેતાબહેન બંને આખરી પંતુજીની જાતનાં જ ને ...! પાઈ, પાઈનો હિસાબ રાખે... ડોસા-ડોસી ભેગા પડયા રહ્યા કરતાં પોતાનું અલગ આગવું. મકાન (ફલેટ રાખીને રહેતં હોય તો કેવું ? ફૂલ જેવા છોકરાનું અકાળે અવસાન (મોત) તો ન થાત ? .... બિચારાં ઘરડિયાના કારણે બંને જણાં દુઃખી-દુઃખી થઈ ગયાં...”

- કોઈક કહેતું..... ‘આ ડોસો જ એવો છે કે આટલી મોટી ઉંમર થઈ... ઘરડો થયો તોય બસ પૈસા, પૈસા ને પૈસા જ કર્યા કરે છે. રાતદા’ડો પૈસાની જ વાતો. એ ભલા, એમની (ભટ્ટ સ્વીટ માર્ટ અને ફરસાણ હાઉસ) દુકાન ભલી અને એમના પૈસા ભલા... એમાં એ એમાં તો ફૂલ જેવા બાળકને પેલા શેઠિયાની સફેદ એમ્બેસેડર ગાડીએ કચડી નાખ્યું, મસળી નાખ્યું તોય પેલા ડોસા પૈસા ગણતા. ડોસાને કાંઈ ગતાગમ પડી નહીં. ધિક્કાર છે તેના અવતારને... ધૂળમાં ગયું એ જીવેલું અને જોયેલું. આ ભેગા કરેલા પૈસાનો, રૂપિયાનો, દોલતનો વાપરનાર પાછળ કોઈ વંશ-વારસ નહિ રહે તો પછી ડોસો એને છાતીએ બાંધીને વૈકુંઠમાં કે ભગવાનને ઘેર કેમ કરીને લઈ જશે ? એ તો બધું ય આમ ને આમ જ રહેવાનું હોં...’

- ‘આ પ્રોફેસર સાહેબને કાંઈ ગતાગમ નથી અને આખી

દુનિયાને ભણાવવા નીકળી પડ્યા છે, એક તો ગુમાવ્યો અને બીજાનો હવે વારો...'

- ગૌમુખીયે શું કરે ? એક બાજુ ડોસા પૈસાની માયા છોડે નહિ અને બીજી બાજુ પ્રોફેસર કે પેલી મહેતી (માસ્તરાણી) સમજે નહિ... ! વળી બિચારાનું ઘરમાં ચાલે ય શું ....!

- ઘરનાં, બહારનાં, ફળિયાનાં, બીજાં ફળિયાનાં અને ડાકોર નગરનાં નગરજનો... ગિરધરકાકા, ગૌમુખી, પ્રોફેસર આકાશ અને શ્વેતાની ગેરહાજરીમાં તેમની પૂંઠે (પાછળ) રહીને ઉપર પ્રમાણે નિંદા કર્યા કરતાં - ચર્ચા કર્યા કરતાં. આ બધી કહેવાતી વાતો સાંભળી સાંભળીને ગિરધરકાકાના, ગૌમુખી, પ્રોફેસર આકાશ અને શ્વેતાના કાન પાકી ગયા હતા. પણ થાય શું ? અમુક વાતો, અમુક પ્રકારની હકીકતો કે જે આપણને નથી ગમતી હોવા છતાં તેવી વાતો, હકીકતોને કડવી દવાના ઘૂંટડાની જેમ સમજીને ગળે ઉતારવી પડતી હોય છે. સ્વીકારવી પડતી હોય છે. પછી ભલેને આપણા દિલમાં પારવાર દુઃખ થાય... દુઃખનો દરિયો ઉભરાઈ જાય. પણ તેની પરવા દુનિયાને - આ સમાજને હોતી નથી. એ તો પોતાનું કામ કર્યે જ જાય છે. લોકોની પૂંઠ પાછળ અવનવી વાતો કર રહેવાનું, અવનવા ગપગોટા વીંટાળી લઈ લોકોની પીઠ પાછળ ઘા કર્યે જવાનું અને ખોટેખોટી ખોદણી (નિંદા-કૂથળી) કરતા રહેવાનું એ જ દુનિયાની - એની ખાસિયત છે. એને જ દુનિયાની દુનિયાદારી કહી શકાય.

- આકાશ જ્યારે જ્યારે એકલો પડતો ત્યારે તેને એકલતા સતાવતી, નીરવતા આકાશને પોતાના ગળે ટૂંપો દઈને મારી નાખવા મથામણ કરતી હોય તેવું હરહંમેશ લાગ્યા કરતું.



- બાજુમાં આખા દિવસની થાકેલી, હારેલી, વ્યથાથી ભરપૂર અને બની ગયેલા અઘટિત બનાવના કારણે જેણે પોતાનું ખાવાનું, પોતાનું હરવા-ફરવાનું ભાન ભુલાવીને પોતાની જાતને જીર્ણક્ષીર્ણ કરી નાંખી છે તેવી શ્વેતાની દયનીય પરિસ્થિતિની આકાશને ખરેખર દયા આવી ગઈ. તેની છાતી પર પંદર પંદર મણના વજનનો ભાર ભર્યો હતો. આકાશે પોતાના પલંગ પર હાથ ફેરવ્યો. પલંગ ખાલી ખાલી હતો. રાહુ એકનો એક ફૂલ જેવો દીકરો કે જે હંમેશાં, કાયમના માટે પોતાની પડખે, પોતાની સોડમાં ભરાઈને સૂઈ જતો હતો... શાંતિથી સૂઈ રહેતો રાહુ અને તેના માથે સુંવાળા સુંવાળા નાનકડા વાળ પર હાથ ફેરવતાં ફેરવતાં આકાશ પોતે ક્યારે અને કઈ વખતે નિદ્રાધિન થઈ જતો તેની ખબર પડતી જ નહિ.

- આજે... આકાશ એકલો હતો. રાહુ વગરનો આકાશ.

- આજે આકાશની આંખમાં ઊંઘ નહોતી. આકાશ ઊંઘે ક્યાંથી ? આકાશનો સાથ છોડીનો, રાહુ - પોતાનો એકનો એક દીકરો બીજા લોકમાં પહોંચી ગયો હતો.

- આકાશને પોતાનો દિકરો યાદ આવી રહ્યો હતો. તેના હૈયામાં કોઈ જાતની શાંતિ, સુખ, સંતોષ હતાં જ નહિ. તે પલંગ પર પડખાં ફેરવી મહાપરાણે રાત પસાર કરવા મથામણ કરી રહ્યો હતો.

- 'રમતો રાહુ, દોડતો રાહુ, ખેલતો કૂદતો, ઊછળતો, પછડાતો રાહ, હસતો રાહુ, રડતો રાહુ, 'પાપા મમ... લાવશો ને... પપ્પા ફલવા લઈ જાઓને... પપ્પા-મમ્મી મને મારે છે. ... તમે મમ્મીને માલી છે ને.. ?'

બિસ્કીટ, ચોકલેટ, મેવા-મીઠાઈ ખાતો રાહુ !

- પપ્પા મારે નવી ચોપડી જોઈએ છે. નવી ચોપડી અપાવો કહેતો રાહુ...

'પપ્પા, દાદા દુકાનેથી પરસાદ નથી લાવતા... ચાલોને દુકાને જઈ પરસાદ લઈ આવીએ.' દાદાની ફરીયાદ કરતો રાહુ...

- 'રાહુ ! ઓ મારા દીકરા રાહુ, તુ ક્યાં છે ? તું કઈ દુનિયામાં ખોવાઈ ગયો છે ? મને તારી જોડે બોલાવી દે....' આકાશને રાહુની યાદ આવતી હતી.

- રાહુ વગરનું જીવન એટલે કોઈ જાતના રાહુ, માર્ગ વગરનુ જીવન. આકાશ માટે જીવન જીવવું દોહ્યું થઈ પડયું હતું. રાહુના અસ્તિત્વ વગર... આકાશ કેવો... વલોપાત કરતો હતો પણ તેનાથી શો ફાયદો....

- બાલમંદિરમાંથી પાછો કરતો રાહુ... ઘણી વખત રાહુને બાલમંદરિથી પાછા ફરતી વખતે સ્કૂટર પર બેસાડીને ઘેર લાવતી વખતે "પપ્પા કોલેજ જવું છે. પપ્પા મને કોલેજ જવું છે...' એમ કહેતો રાહુ.... !

- રાહુને કોણ શોધી લાવે ?

- આકાશ રાહુને શોધતો હતો... રાહુ તો આકાશમાં ખોવાઈ ગયો હતો. ભગવાનને ઘેર પહોંચી ગયો હતો.

આજે રાહુ વગર આકાશને પલંગ ખાલી ખાલી લાગતો હતો.

- રાહુ આકાશને ખૂબ ખૂબ વહાલો હતો. જીવ કરતાં યે વહાલો. રાહુ વગરનું જીવન એટલે જીવ વગરનું જીવન... જીવ વગરનું જીવન



સંભવી શકે નહિ. નિર્જીવમાં જીવ હોવાની કલ્પના કરવી એટલે મૂર્ખાઈ કરવી... નરી મૂર્ખાઈ કરવી... !

- આકાશ રાહુને મહાપરાણે ભૂલવા મથતો હતો પણ એ પોતાના વહાલસોયા દીકરાની યાદને ભૂલી જવા મથતો હતો. દીકરાના અસ્તિત્વને ભૂલથીય ભૂલવા માટે સમર્થ ન હતો.

- આકાશમાં પથરાતી આકાશગંગામાં રાહુ સંતાઈ ગયો. એવો સંતાઈ ગયો કે આકશ રાહુને કેમ કરીને શોધી શકે ? એ બધાય ઉપાય નિષ્ફળ બની ગયા. આકાશ થાકી ગયો. હારી ગયો. હાંફી ગયો - રાહુની વિરહની વેદનાથી....

- રાહુને મહાપરાણે ભૂલવા મથામણ કરતા આકાશના મુખેથી 'હે ભગવાન, ડાકોરના ઠાકોર... તને ગમ્યું તે ખરું. મારા રાહુને તારા ઘેર બોલવી લીધો હવે મને પણ તું ઉપર લઈ લે...' શબ્દો નીકળ્યા તે શબ્દો શ્વેતાએ સાંભળ્યા. શ્વેતા હમણાં જ જાગી હતી.

- "હજુયે તમે ઉંઘ્યા નથી... ? શું વિચાર છે તમારો ? કાલે નોકરી કરવા નથી જવું....?"

- "શ્વેતા... નોકરી-બોકરીની વાત તો ઠીક છે. પણ મને ઉંઘ નથી આવતી.... મેં લાખ લાખ પ્રયત્ન કર્યા પણ આ કોણ જાણે શું થયું છે મને ? શ્વેતા, મને મારા લાલાની યાદ સતાવે છે. ચાર દા'ડા પહેલાં મારી ગોદમાં મારો લાલો સૂતો હતો અને હું મારા દીકરાના માથે હાથ ફેરવતાં ફેરવતાં કેમ કરીને, કઈ વખતે સૂઈ જતો તેની મને ખબર પડતી નહિ.... એ જ હું અને આજે મારા લાલા (રાહુ) વગર ઉંઘવા માટે તરફડીયાં મરું છું. તડપી રહ્યો છું. શ્વેતા મારો રાહુ ક્યાં જતો રહ્યો ? ક્યાં ખોવાઈ ગયો."

બોલતાં બોલતાં આકાશનો અવાજ ભીના (લાગણી) ભીનો બન્યો...

"હશે... જે થવાનું હતું તે થઈ ગયું હવે આજ આપણો... બાબો કહી... નાનકડા બે વર્ષના કેતન તરફ અંગુલિનિર્દેશ કરી - શ્વેતા આકાશની નજીકમાં રહી. તે આકાશના માથના વાંકડિયાં વાળ પર ધીરે ધીરે હાથ ફેરવવા લાગી. તેણે હળવેથી આકાશને માથે હાથ ફેરવ્યો અને કપાળે ચૂમી ભરી દીધી.

"શ્વેતા ! તારો કેતુ-કેતન અને મારો હતો રાહુ. મારો હીરો મારો દીકરો મારાથી કોઈએ લૂંટી લીધો. હું બિલકુલ આધાર વગર નિરાધાર. દિશા વગરનો, દિશાશૂન્ય બની ગયો છું. શ્વેતા હવે મારાથી જીવી શકાશે નહિ...." કહેતાં કહેતાં આકાશનું ગળું (દુઃખના ડૂમાથી) ભરાઈ આવ્યું. શ્વેતાએ ઉભા થઈ સ્ટીલના જગમાંથી પાણી ગ્લાસમાં કાઢયું ને તે પાણી ભરીને ગ્લાસ આકાશને આપી આકાશના માથે, કપાળે, ગૂંચવાડા, લીસા લીસા વાળમાં હાથ ફેરવતાં.

"બસ હવે સૂઈ જાઓ છાનામાના..." કહી શ્વેતા પોતે આડે પડખે થઈ... અને આકાશ નિદ્રાંધીન બન્યો.

- હવે શ્વેતાની આંખમાંથી ઉંઘ ઉડી ગઈ હતી. તે હવે મહાપરાણે ઉંઘવા મથતી હતી પણ ઉંઘ - નિદ્રાં એવી કોઈ સસ્તી ચીજ નથી કે તરત જ આવી જાય - એ તો નસીબદારને જ મળતી હોય છે.

'સાલી આ તો કાંઈ જિંદગી છે... ! નથી સુખ, નથી શાંતિ કે નથી કોઈ સંતોષ. આ કકળાટમાં મારો હસતો આવેલો રાહુ ભગવાનના ઘરે પહોંચે ગયો. મારાથી આ ઘરમાં નહીં રહેવાય. જે



ઘરના માણસોને પોતાના ઘરના માણસની ના પડી હોય તે ઘરના માણસોને ટાળવા મથે, વિદાય કરવા જાણીજોઈને પ્રયત્ન કરે તેવા માણસોને કેવી રીતે માફ કરાય ? મારાથી આ હરગિજ સહન નહિ થાય. હું મારા ડોહાને ગિરધરકાકાને, મોઢે જ રોકડેથી પરખાવી દઈશ અને કહી દઈશ. કાં તો તમે દુકાનનો વહીવટ બીજાને સોંપીને મહિનાતરે દેશ-પરદેશની જાત્રા કરતા રહો. ભગવાનની સેવા-ભક્તિ, પૂજા કરતા રહો જેથી તમારા બંનેના આત્માનો ઉદ્ધાર થાયે એકલા એકલા ડાકોરમાં જ પડયા રહીને ભગવાનના ચરણોમાં રહીને પૈસા ભેગા કરવા, સંસારસુખ ભોગવવું અને બીજાના અ યાંત્રિક જીવનમાં ડખલગીરી કરવી અને માથાકૂટ કરવી છોડી દેવી જોઈએ.... શ્વેતા વિચારતી હતી. એની આંખોમાં ઉંઘ પણ ક્યાંથી આવે ? આવા બધા ત્રાસથી એ થાકી ગઈ હતી.

- મારો ફૂલ જેવો રાહુ ઘડીના છઠ્ઠા ભાગમાં હતો જ હતો થઈ ગયો...

- હે ભગવાન મારા રાહુને તેં શા માટે ઉપાડી લીધો ? મને કેમ ઉપાડી ન લીધી....?

- ભગવાન ! આ જિંદગીથી મને મારી પોતાની જાત પર નફરત થતી જાય છે. હવે હું મહાપરાણે ભક્તિની ખોટી આશામાંને આશામાં જીવવા માગતી નથી. પ્રભુ ! મને આ લોકોથી બચાવ કે જે લોકો મને દુઃખી કરવા બેઠા છે. મારા કુટુંબને, મને મારા આકાશને, મારા કેતુને, મારા અસ્તિત્વનો નાશ કરવા તલપાપાડ બનીને બેઠા છે ...!! ભગવાન જે લોકોથી જ મારી જિંદગીનાં આરામ, ઉંઘ, શાંતિ, સંતોષ લૂંટાઈ ગયા તે લોકોના ઘરમાં રહેવાથી

શો ફાયદો થવાનો છે કે સવારના પહોરમાં જ તેમના દિવેલીયા ડાંચા જોવા મળે...'' શ્વેતા મનોમન વિચારતી હતી અને શ્વેતાએ મનોમન નિર્ણય કર્યો કે ગમે તે થાય મહિનાથી મારે મારાં સાસુ-સસરાં ભેગું રહેવું નથી. હરગિજ નહિ, કારણકે તેમના જ કારણે મારી દુનિયા લૂંટાઈ ગઈ છે. ગમે તે હિસાબે ભલે મારે ઉમરેઠથી અપડાઉન કરવું પડે તો હું પોતે ઉમરેઠથી અપડાઉન પણ કરીને હું ઉમરેઠના ભાડાના મકાનમાં રહીશ પણ મારે મારા સાસરે રહેવું નથી.

- સવારે આ હકીકતથી મારા આકાશને વાકેફ કરીશ અને આકાશને સમજાવીશ કે -

- આપણે બંને નોકરિયાત છીએ. તમે બાપુજીના વેપાર - ધંધામાં મદદરૂપ થઈ શકો તેમ નથી. અને હું પણ નોકરી કરું છું. એટલે બાને ઘર કામકાજમાં સહાયરૂપ કે મદદરૂપ બની શકુ તેમ નથી. તેથી જ ભલે બા-બાપુજી આપણા ડાકોરવાળા જૂના ઘરમાં રહે અને ભલે બાપુજી ડાકોરમાં રહી વેપાર-ધંધો કરે પણ આપણે તો કાં તો ઉમરેઠ કે ડાકોરમાં ગમે ત્યાં જગ્યા શોધીને ભાડેથી તો ભાડેથી મકાન રાખીને રહીશું...

- આ પ્રમાણે પોતાનું મન મનાવી પોતાના મનને શાંતિ મળતાં શ્વેતા સૂઈ ગઈ... શાંતિથી સૂઈ ગઈ.

- શરૂઆતમાં વાતચીત કરતાં, વાતનો આરંભ કરતાં શ્વેતા થોડીક ખચકાઈ, શ્વેતા વિચાર કરવા લાગી. શ્વેતાએ વાત કેવી રીતે કરવી ? વાતની કેવી રીતે શરૂઆત કરવી ? તેવી ગડમથલમાં ને ગડમથલમાં થોડીવાર અચકાઈ....!!



- આ પ્રમાણે વિચાર કરતી જોઈને, આજે રજા હતી એટલે કોલેજ જવાનું ન હતું. બપોરે બાપુજીને જમવા માટે દુકાનેથી ઘેર મોકલવાનું અને દુકાન બંધ કરતી વખતે દુકાને જઈ બજારમાં બેસવું - એ પ્રોફેસર સાહેબના રજાનો દિવસનો નિત્યનો કાર્યક્રમ હતો.

- રજાના હિસાબે પ્રોફેસર સાહેબને બપોરે દુકાને જવાનું એટલે બપોર સુધી આરામ... પ્રોફેસર સાહેબ નાહી-ધોઈ પરવારીને છાપુ વાંચતા આરામ કરતા હતા. તે વખતે શ્વેતા આમ તો રજાના દિવસે રસોડામાં જ હોય અને રસોડામાં કાંઈક અવનવી વાનગી બનાવવાની પેરવીમાં હોય. પછી રસોડાની સાફસૂફી કરતી હોય તે શ્વેતા આજે બેઠક રૂમમાં આંટાફેરા કયા કારણસર મારી રહી હશે ? તે હકીકત પ્રોફેસર આકાશથી ન સમજાઈ એટલે.... !!!

'કેમ શ્વેતા શું તકલીફ છે ? કાં બેચેની લાગે છે. ?'

- આકાશ ઉવાચ.

- ''ના રે ના, આ તો એક વાત જરા પૂછવી હતી એટલે વિચાર કરું છું કે, આ વાત પ્રોફેસર સાહેબને પૂછું કે ન પૂછું ? કદાચ પ્રોફેસર સાહેબને ખોટું લાગશે તો. એની મને બીક લગતી હતી. એટલે મૂંઝાતી હતી !!' મહાપરાણે લોચા વળતી શ્વેતા બોલી.

- 'જા બસ મને તારી કોઈ વાતનું ખોટું નહિ લાગે હોં...' કહી પ્રોફેસર સાહેબ શ્વેતાને હૈયાધારણ આપી ત્યારે... 'આપણે આ ઘર બદલીને કાં તો ડાકોરમાં કે ઉમરેઠમાં ભાડેથી રહેવા જઈએ તો કેમ ?'

''કેમ ? કેમ ? આજે વળી નવી વાત કરી ...''

"વાત એમ છે કે રાહુના અકાળ અવસાન પછી મને આ ઘરમાં લગીરેય ગમતું નથી અને મનમાં એક જાતનું દુઃખ રહ્યા કરે છે અને થયા કરે છે કે મેં આ ઘરમાં એ મહત્વની કીમતી વસ્તુ ગુમાવી છે જે વસ્તુ ફરી પાછી મળવી મુશ્કેલ છે. અને જેના વિના હું આ ઘરમાં રહીશ તો જીવતી રહી શકું તેમ નથી. માટે મહેરબાની કરીને મને અ ઘરમાંથી બીજે ગમે ત્યાં લઈ જાઓ... આકાશ..."

"પણ મારાં બા-બાપુજીનું શું ?" તે લોકોને કેટલી બધી મુશ્કેલી-વિટંબણા પડશે તે બધાનો તે વિચાર કર્યો..."

"હું તો અત્યારે મારું પોતાનું જ વિચારી શકતી નથી ત્યાં વળી બીજા લોકોનો શો વિચાર કરું ?"

"પણ મને આ વાત ગમતી જ નથી શ્વેતુ..." આકાશ શ્વેતાને લાડમાં ઘણી વખત શ્વેતુ કહીને બોલાવતો.

'પણ આ વાત ગમવાની કે ગમાડવાની નથી. આ તો આપણા ભવિષ્યની વાતનો ને કેતુનો વિચાર કરવાનો રહ્યો.' શ્વેતાએ પોતાની હકીકત જોરદાર રીતે રજૂ કરી. આકાશે જવાબમાં કહ્યું...

"જો શ્વેતા તું મારી વાત સાથે કબૂલ મંજુર નથી ને. હું તારી વાત સાથે એટલા માટે કબૂલ નથી કે જે હકીકતથી મારાં મા-બાપને દુઃખ થાય તે હકીકત હું અમલમાં મૂકવા માગતો નથી. માટે મારું જે થવાનું હોય તે થાય, મારા છોકરાનું મારા કુટુંબનું અને મારી ઘરવાળીનું જે થવાનું હોય તે થાય..." આકાશે કહ્યું.

"પણ એવું કોણે કહ્યું કે મારે તમો કહો તેમ જ કર્યા કરવાનું ? શું મારું પોતાનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ છે જ નહિ ? શું હું પોતે મારા પોતાના આપણા બધાના સારા-ભલા માટે વિચારી શકું નહિ ?



આકાશ આપણા બંનેના ભલા ખાતર હું આ બધું કરી રહી છું..."

"મારે કોઈનું ભલું વિચારવું નથી. મારે તો મારાં મા-બાપની સેવા પહેલી. તેમની વાત પહેલી. પછી તમારા બધાંની વાત સમજી ગઈ... એ લોકો રાક્ષસ નથી કે મને, મારી પ્રજાને કે તને જીવતાં ભરખી જાય. શ્વેતા આ તારા મનમાં કોણે ભૂત ભરાવ્યું છે કે દાદાની (ગિરધરકાકા) બેદરકારીથી આપણા રાહુને અકસ્માત થયો અને તે ભગવાનને પ્યારો થઈ ગયો ?

- "તો તમને તમારાં મા-બાપની એટલી બધી લાગણી હોય તો તમે તમારાં મા-બાપને, આ ઘરને અને આ ઘરની બધી જ ચીજવસ્તુઓને મધ મૂકીને ચાટજો... હું તો આવતી કાલથી જ મારા બાપુજીને ઘેર રહેવા જતી રહીશ. મારા કેતુને પણ મારી જોડે જ રાખીશ. હું પોતે કમાઉ છું. તેને ઉછેરીશ, તેને મોટો કરીશ, ભણાવીશ, ગણાવીશ... મને તમારી કોઈ જ જરૂર નથી..."

- "હા...હા... આવતીકાલથી તો શું આજથી જ તમે તમારા બાપુજીને ઘરે રહેવા જઈ શકો છો અને તે પણ ખુશીથી, સમજી ગયં તમે..." કહી આકાશે અલ્ટીમેટમ આપી દીધું અને પછી કપડાં બદલીને પોતાનું મગજ શાંત કરવા બજાર તરફ ફરવા નીકળી પડ્યો...

- સારું થયું કે આવું બધું વાતાવરણ ઝઘડાનું જામ્યું ત્યારે બાપુજી દુકાને ગયા હતા અને બા 'રાજભોગ' ના દર્શન કરવા રણછોડજીના મંદિરમાં ગઈ હતી. નહિતો શ્વેતાના મોઢામાંથી બહાર નીકળતા જીવતો જાગતા લાવારસથી તેમના હૈયા બળીને ખાક થઈ જાત. આ હકીકતની ના નહિ. અને આકાશ પોતે પણ શ્વેતાના

કાયમના કકળાટથી થાકી ગયો હતો, હારી ગયો હતો. બેચેન બની ગયો હતો. તેની સામે હવે બીજો કોઈ રસ્તો દેખાતો ન હતો. ભગવાનની ઈચ્છા જે ખરેખર બળવાન છે.

''બલિયસી કેવલો ઈશ્વરેચ્છા'' વિચારી ભગવાન જે કાંઈ કરે તે સારા માટે જ કરે છે તેમ નક્કી કરી અકાશ પોતાની દુકાન 'ભટ્ટ સ્વીટ માર્ટ એન્ડ ફરસાણ હાઉસ' તરફ વળ્યો.

❀



# ૪
# ક્ષિતિજ-કૌમુદી-ધ્રુવ

- આ રીતે કોઈ પણ જાતનુ વજૂદ વગરનું કારણ ન હતું તેમ છતાં આકાશ સાથે ખોટી રીતે ઝઘડીને શ્વેતા પોતાના પિતા શિવશંકરભાઈ મહેતાને ઘેર પોતાના દીકરા કેતુને લઈ રહેવા માટે કાયમ માટે ગઈ.

- આ બાજુ ગિરધરભાઈ (ગોટાવાળા) એ અને ગૌમુખીએ આકાશને કહ્યું કે આકાશ એ તો બતાવ કે તમારી વચ્ચે શું થયું છે ? જેના કારણે શ્વેતા એકાએક આપણું ઘર છોડીને તેના લૂગડાં-લત્તાં-સર-સામાન ભરીને આપણા એકના એક દીકરા કેતનને લઈ તેના પિયર ચાલી ગઈ. તું કહેતો હોય તો અમે બંને જણાં તેને ઘેર જઈ તારા વતીથી માફી અમો જાતે માગી લઈશું અને શ્વેતાને સમજાવી પટાવીને ઘેર બોલાવી લાવીશું અને કહીશું કે વહુ બેટા તમને ફાવે તેમ કરજો પણ આ રીતે લડીઝઘડીને આવતા રહેવાથી શો ફાયદો ? ગિરધરભાઈ પોતાના દીકરાને આ રીતે સમજાવતા હતા.

''મારે કે તમારે કોઈની માફી માગવાની જરૂર નથી. શ્વેતાને પોતાના પગ પર ઉભા રહેવું છે, જીવવું છે, અલગ રીતે રહેવું છે

તો તેને રહેવા દો, જીવવા દો, કોણ ના પાડે છે તેને...? તમારે મને પૂછયા વગર કોઈએ ડહાપણ કરવા જવું નહિ. છો એ મારા છોકરાને ઉછેરતી. મારો છોકરો આખરે મારો છોકરો જ કહેવાશે. એની પાછળ કાંઈ એની માનું નામ કોઈ થોડું જ લાગવાનું છે...?''

- આ બાજુ રૂક્ષ્મણીબહેન અને શિવશંકરભાઈ પોતાની દિકરી શ્વેતાને સમજાવત હતા, પટાવતા હતા. ''બેટા આકાશને હું રૂબરૂ મળીશ અને સમજાવી દઈશ પણ તારે આ રીતે ખોટો ઝઘડો કરીને આવવું જોઈતું નહતું...''

''જુઓ બાપુજી, મને જયારે એમ લાગશે કું અને મારો કેતન તમને ભારે પડી રહ્યાં છીએ અને અમારો ભાર તમારાથી વેઠાતો નથી ત્યારે તે જ વખતે તમને કાંઈ પણ પૂછયગાછયા વગર અલગ રહેવા ચાલી જઈશ સમજી ગયા ! હા અને આકાશને રૂબરૂમાં મળવાની કાંઈ જ જરૂર નથી. તે કાંઈ નાના કીકલા નથી કે નાના છોકરા નથી કે તેમને સમજાવવા પડે, પટાવવા પડે. એ તો મોટા પ્રોફેસર છે અને તેમને એ જ વાતનું અભિમાન છે. એ મોટા હોય તો એમના ઘેર મોટા, મારે શું ? હું તો અહીયાં જયાં સુધી રહેવા જેવું લાગશે ત્યાં સુધી રહીશ અને અહીંથી પણ જાકારો મળતાં બીજે કયાંક રહેવા જતી રહીશ....'' કહેતાં કહેતાં શ્વેતાની આંખમાંથી આંસુડાની ધાર ચાલી.

- બિચારા શિવશંકરભાઈ અને રૂક્ષ્મણીબહેન પણ ઢીલાં થઈ ગયાં, પણ એ લોકો શું કરે ?

- આ બાજુ ગિરધરભાઈ અને ગૌમુખીબહેન પણ લાચાર હતાં. મજબૂર હતાં. એ લોકો પણ શું કરે ?



આ રીતે આકાશ પોતાનાં બા-બાપુજી, ગિરધરભાઈ, ગૌમુખી સાથે અને શ્વેતા એ પોતના બા-બાપુજી (શિવશંકરભાઈ - રુક્ષ્મણીબહેન) સાથે તેમજ પોતાના દીકરા કેતન સાથે નવી રીતે પોતાની સાથે રાખે તે રીતની જિંદગી શરૂ કરી. શ્વેતા કેતન આઝાદ પોળમાં રહેતાં હતાં. તે ઘરે આઝાદ શહીદ મકાન નજીક જ હતું. આઝાદ પોળને અડીને અને શહીદચોકને અડીને ગોમતી તળાવ હતું. આઝાદ પોળમાં આવેલ શિવશંકરભાઈના મકાનની પાછળ જ ગોમતી તળાવ હતું. તેમના મકાનની એક બારી (ઝરુખાવાળી) ગોમતી તળાવના પાણીવાળા ભાગમાં પડતી હતી.

- પડોશમાં રહેતા ક્ષિતિજભાઈ કે જે ડાકોર એસ.ટી. કન્ટ્રોલના હેડકલાર્ક હતા જયારે તેમની ઘરવાળી કૈમુદીબહેન શ્વેતાની જ સ્કૂલમાં ડાકોર હાઈસ્કૂલમાં પ્રાયમરી વિભાગમાં ધોરણ ૧ થી ૫ સુધીના વર્ગો લેતી હતી. કૌમુદી અને શ્વેતાની જોડી જામી ગઈ. તેમાં ઘણી વખત ક્ષિતિજ પણ કંપની આપતો.

- ક્ષિતિજ-કૌમુદીનો એકનો એક દીકરો ધ્રુવ અને શ્વેતાના દીકરા કેતન વચ્ચે ભારે દોસ્તી જામી ગઈ હતી. બધો એટલે કે ક્ષિતિજ-કૌમુદી-શ્વેતા બધાં નોકરીએ જાય ત્યારે તે વખતે ઘરે શિવશંકરભાઈ અને રુક્ષ્મણી છોકરાં સંભાળવાનું કામ કરતાં. શિવશંકર મહેતા પોતે રેલવે નોકરીમાંથી નિવૃત થયેલા એક નાનકડા નોકર હતા. તેનું પોષણ પણ ખૂબ ઓછું શ્વેતાની બહેન સ્મિતાની અભ્યાસ હજી ચાલુ હતો. તે ડાકોર ભવન્સ કોલેમાં એસ.વાય. સેકન્ડ યરમાં ગુજરાતી વિષય સથે ભણતી હતી.

- સવારનો કોલેજનો સમય હતો. એટલે બપોર પછી ઘેર

આવી ને સ્મિતા મહેતા ઘરનું કામકાજ પતાવી પરવારી અભ્યાસ કાર્ય પતાવીને પછી છોકરાં સાચવતી, ચાર વાગે એટલે શિવશંકરભાઈ બજારમાં કે મંદિર તરફ ઉપડી જતા ને દેવદર્શન કરી બજારની ખરીદી કરી ૬ થી૭ વાગ્યે પાછા આવતા. તે દરમ્યાન સ્કુલેથી ઘેર આવીને શ્વેતા પોતાના ઘર કામકાજમાં પોતાની મા રૂક્ષ્મણીને મદદ કરતી અને સમય મળે તો કૌમુદી ક્ષિતિજ ધ્રુવ શ્વેતા અને કેતન બજારમાં કે મંદિર તરફ ફરવા જતાં. આ રીતે નવી જિંદગીનું ચક્કર શરૂ થઈ ગયું.

- જયારે આ બાજુ આકાશ પોતાની કોલેજમાં અભ્યાસ કામકાજમાં અને ટાઈમ મળે ત્યારે બીજી રેફરન્સ બુકોના અભ્યાસ કરવામાં તલ્લીન બની જતો. પોતાની જાતથી અળગા બનીને તે એવો તો ખોવાઈ જતો કે તેને ઘરનું, કોલેજનું કે બીજા કોઈના સમયનું કોઈ ભાન રહેતું નહિ અને કોલેજનો કોઈ પટાવાળો કોલેજ લાઈબ્રેરીમાંથી ઉઠાડવા આવે ત્યારે એને કહે છે, “સાહેબ સમય થઈ ગયો. બધા લોકો ક્યારનાય જતા રહ્યાં.”

- “હા, ખૂબ જ મોડું થઈ ગયું.. હો આજે...” કહી આકાશ સ્વપ્નનિદ્રામાંથી જાગતો અને સ્કૂટર-સવાર થઈ પોતાના ઘર તરફ ભાગતો.

- ઘેર જઈ જમી - પરવારીને વળી પાછો ફરીથી પોતાના રીડિંગ રૂમમાં - વાંચવાના રૂમ ચોપડીઓ વચ્ચે પોતાની જાતને ખેંચી જતો અને અ રીતે ચોપડીઓમાં તલ્લીન બનીને પોતાની દુનિયાને પોતાની જાતને પોતાના અસ્તિત્વને ભૂલવા મથતો.

- હા, રજાના વખતે પોતાનાં બા-બાપુજીની તબિયતના સમાચાર પૂછતો. દુકાનનું કામકાજ સંભાળતો. ઘરનું પરચૂરણ



કામકાજ કરી લેતો અને ઘરની જીવનજરૂરીયતની ચીજ વસ્તુઓ લવી દેતો. પોતાના મા-બાપને કોઈપણ વાતનું દુઃખ પડે નહિ કે તેમના મનમાં જરા પણ મનદુઃખ થાય નહિ તે બાબતની આકાશ પૂરેપૂરી કાળજી રાખતો. હા, એ હકીકત સાચી હતી કે આકાશ પોતાનાં મા-બાપની દિલ લગાવીને ખૂબ્ જ જતનથી સેવા શુશ્રુષા કરતો હતો. આ રીતે આકાશનું જીવનગાડું પોતાનાં મા-બાપના સુખભર્યા સહકારથી અને પ્રેમાળ હૂંફ વચ્ચે - જ્યારે શ્વેતાનું ગાડું પોતાના પિયરમાં મા - બાપ - બહેન સ્મિતા અને પુત્ર કેતનની સાથે તથા વધારાના બીજા માણસો કૌમુદી, ક્ષિતિજ, ધ્રુવની સાથે ગબડતું જતું હતું. સુખેદુઃખે ઘણી વખત શિવશંરભાઈ કોલેજમાંથી પાછી ફરેલી સ્મિતાને પૂછતાં.

- “સ્મિતા તારા બનેવી શું કરે છે ? તને મળે છે કે નહિ ?”

- “હા, એકવાર મને મળ્યા હતા ખરા. મેં તેમને બોલાવવા માટે પ્રયત્ન પણ કરેલો પણ બોલ્યા નહિ. કોણ જાણે આકાશ પોતાના સ્ટેડન્ટ - લેકચર્સમાં અને સમય મળે તો લાઈબ્રેરીમાં જ પોતાના સમય પસાર કરે છે. તેમને પોતાનું મિત્રમંડળ પણ ઓછું કરી નાખ્યું છે.” સ્મિતા કહેતી.

- શિવશંકરભાઈ અને રૂક્ષ્મણીબેન ત્યારે નિશ્વાસ નાંખી - “ભલે જે ભગવાનને ગમ્યું તે ખરું.” કહી પોતાની હૈયાવરાળ ઠાલવતાં. આથી બે જિંદગી અને આ નાની જિંદગી (આકાશ, શ્વેતા અને કેતનની) કોણ જાણે કઈ તરફ દોડતી આગળ વધતી હતી ? અને કયાં જઈને અટકશે એ વાત તો ભગવાન જ જાણે !

## ૫

# કેતન પણ ગયો.

'મમ્મી આપણે દાદાની દુકાને જઈશું ?' ઘણી વખત કેતન પોતાની મમ્મી શ્વેતાને પોતાની કાલીઘેલી ભાષામાં પૂછે ત્યારે 'ના બેટા ત્યાં ન જવાય હોં.. ત્યાં તો મોટો હાઉ રહે છે. તને લઈ જાય અને પછી ખાઈ જાય...' પોતાનો બીજો દીકરો ભૂલથીયે તેના 'દાદાની દુકાને - ભટ્ટ સ્વીટ માર્ટ એન્ડ ફરસાણ હાઉસે' પહોંચી જાય નહિ અને તે વખતની માફક ફરીથી કોઈ ઘૂમી રહેલા કાળનો ભોગ ન બની જાય તેવી બીકથી ડરી જઈ શ્વેતા પોતાના દીકરાને વાળતી.

- ઘણી વખત ફરવા નીકળ્યા હોય ત્યારે તેના દાદા શિવશંકરભાઈ કેતનના દાદા ગિરધરભાઈ પાસે પહોંચી જતા અને સુખદુ:ખની વાતો કરતા અને ભગવાન હવે મારા - તમારાં છોકરાંને સદ્‌બુદ્ધિ આણપે તો સારું; નહિ તો બેયની જિંદગી બગડી જશે... કહી એકબીજાનો ઉભરો કાઢતા. તે વખતે કેતનના દાદા ગિરધરભાઈ કેતનને મગશની લાકડી, મોહનથાળ, પેંડા અને બીજા ફરસણ મન કરી કરીને આપતા ને ખુશ થતા.પોતાના પૌત્રને જોઈને તે જ રીતે કેતનની દાદી ગૌમુખી પણ મંદિરે દર્શન કરવા આવતા જતા ત્યારે



રૂક્ષ્મણીબેન કેતનને લઈને મંદિરે આવતાં અને ભેગાં થઈ જતાં. તે વખતે કેતનની દાદી ગૌમુખી પણ પોતાના દીકરાના દીકરા કેતુને જોઈ ખુશી ખુશી થઈ જતાં. બંને દાદીઓની આંખમાંથી ગંગાજળ ઉભરાતાં તે વખતે કેતન, ''બા તમે કેમ લલો છો.'' પોતાની કાલીઘેલી ભાષામાં પૂછતો ત્યારે બંને જણ શું જવાબ આપે ?

''એ તો બેટા અમસ્તુ હોં. અમારી બંનેની આંખોમાં કસ્તર ભરાઈ ગયું એટલે હોં.''

''તો પછી મારી આંખમાં કાં ન ભરાયું ?'' નિર્દોષભાવે કેતન પોતાની દાદી ગૌમુખીને પૂછતો ત્યારે.

''બેટા તું મોટો થઈશ ત્યારે તારી આંખમાં ભરાશે હોં.'' કહી ગૌમુખી આંખમાં ઝળઝળિયાં લાવી રૂક્ષ્મણીબહેન સામે જોતાં ત્યારે રૂક્ષ્મણીની આંખમાંથી પણ ગંગાજળ ઉભરાતાં.

- અને બંને સાઠ વર્ષની ઉંમરે પહોંચેલી ડોશીઓ 'હવે આપણાં બંનેનાં છોકરાં રાજી થઈ જાય તો સારું. આ છોકરાની તો જિંદગી સુધરે !'' વિચારી મનમાં ઘણુંય ઓછું લાવતાં. શું થાય ? ન જાણ્યું જાનકી નાથે કે કાલે શુ થવાનું છે ?

- આમને આમ શ્વેતાની દાદાગીરી અને આકાશની અડગતા વચ્ચેથી ત્રણ ત્રણ વર્ષનો ગાળો કેમ કરીને ગુજરી ગયો તે વાતને કોઈને કશી ખબર પડી નહિ ! આકાશ તો પહાડ કે કોઈ પર્વતની જેમ જ અડગ હતો જ્યારે શ્વેતા પણ પોતે પકડેલું પૂછડું એટલી સહેલાઈથી છોડે તેમ ન હતી.

❀

- વખત- સમય સરકતી સરિતા જેવો છે. વખતો વહેતા સમયને સરકતાં સમય લગતો નથી એ તો સરક્યા જ કરે છે. બસ વખત તો વહ્યા જ કરે છે. વખત વખત પ્રમાણે વહેવાનું કામ નહિ કરે તો પછી એ કામ બીજું કરશે કોણ ?

- કૌમુદીબહેન ધ્રુવ અને ક્ષિતિજભાઈ ડાકોર છોડી બીજે રહેવા ચાલી ગયાં. ક્ષિતિજને બઢતી મળતાં તેની બદલી કપડવંજ ગામે થઈ અને તેથી પોતાની લાગવગથી હાઈસ્કૂલમાં નોકરી તો મેળવાવી ને ક્ષિતિજ, કૌમુદી અને ધ્રુવ ડાકોર શહેરની આખરી સલામ કરી કપડવંજ તરફ વહી નીકળ્યાં.

- ધ્રુવ પોતાનાં મમ્મી-પપ્પા જોડે ગયો એટલે પહેલા ધોરણમાં ભણતો કેતન હવે એકલો પડ્યો. અને તેની ઉંમર પાંચ સાડા પાંચ વર્ષની થઈ એટલે હવે તે ઘરમાં પણ ઠરીને બેસતો ન હતો. એક વખત તે તેના દાદાને તેની શોધખોળ કરવા માટે આખું ડાકોર ગામ માથે કરવું પડેલું અને છેવટે તે તોફાની બારકસ કેતનિયો ડાકોરની એક પાંજરાપોળમાં બધાં છોકરાં ભેગો રમતો મળી આવ્યો. તે વખતે તેના દાદા કાનપટ્ટી ઝાલીને પકડી લાવેલા. ફરીથી પાછો તે ક્યાંક રખડવા જતો રહેલ તો તે વખતે દાદા વળી પાછા તેને શોધી ઘરે લઈ આવતા.

- પણ આ વખતે નાનકડો કેતન એવો ખોવાયો - એવો ખોવયો કે કાયમ માટે જ ખોવાઈ ગયો. કોઈનો શોધ્યો - ખોળ્યો મળ્યો નહિ. આ બાજુ પેલી બાજુ, આ ઘેર પેલે ઘેર, આકાશના ઘેર, આકાશની દુકાને, કેતનની નિશાળે બધેય ખબર આપી. કેતન ગુજરાતી શાળામાં ભણતો હતો એટલે ગુજરાતી શાળા કેતનની મમ્મીની હાઈસ્કૂલથી ઘણી જ દૂર આવી હતી. પહેલા ગુજરાતી



શાળા આવે અને પછી બસ-સ્ટેન્ડની નજીક હાઈસ્કૂલ આવે. ગુજરાતી નિશાળમાં કેતન ન મળ્યો એટલે પછી કેતનની મમ્મીની શાળાએ તપાસ કરાવી તો ત્યાં પણ કેતનકુમાર મળ્યા નહિ.

- છેવટે આકાશની કોલેજમાં પણ સમાચાર આપી ખાતરી કરી. જવાબ આવ્યો કે આકાશ ભટ્ટ આજે બહારગામ ગયેલ હોઈ કોલેજમાં જ આવ્યા નથી અને સાથે સાથે તેમનો દીકરો અહીંયા હોય જ ક્યાંથી ?

- પોલીસસ્ટેશને ખબર કરી રીપોર્ટ લખાવ્યો કે અમારો પુત્ર કેતનકુમાર એ. ભટ્ટ ઉ.વ. ૫ થી ૬ વર્ષ આશરે. ઠે. આઝાદ પોળ આગળથી ખોવાયો છે. જેને માહિતી મળે તેણે તાત્કાલીક પોલીસ સ્ટેશને ખબર આપવી.

- તોયે શું કરવું ? કતેનમાં બંને દાદા-દાદીઓ મૂંઝાઈ ગયું અને કેતનની મમ્મી શ્વેતાનું હૈયું જ હાથ રહ્યું નહિ. ત તો બસ રડવા જ બેઠી ! જ્યારે સ્મિતા બહાવરી બહાવરી બનીને ડાકોરને ખૂંદવા મંડી પડી - કેતનની શોધમાં.

એક મૂંઝવણ... એનો ઉકેલ શો ?

કેતનની શોધમાં આકાશપાતાળ એક કર્યાં. આખું ડાકોર ડહોળી માર્યું પણ કેતન હોય તો મળે ને ?

- કોઈકે વળી કલ્પના કરી. કદાચ પેલી ઝરુખાવાળી બારીએ રમવા ચડ્યો હોય અને રમતાં રમતાં ગુલાંટ ખાઈ જતાં સીધો ગોમતી તળાવમાં કદાચ ના પડ્યો હોય ?

- એવું બને તો નહિ પણ ખાતરી કરવી સારી - એ વિચારે કેતનનાં ચારેય દાદા-દાદી, કેતનની માસી અને કેતનની મમ્મી

શ્વેતા બધાં ઘરના પાછળના ભાગમાં ઝરુખાવાળી બારી તરફ દોડયાં.

- જોયું તો કેતનની પ્રિય રમકડાં ઠેલણગાડી, બે ચોપડીઓ તથા બીજી સામગ્રી વેર-વિખેર બારીમાં પડી હતી. આ બધી જ વસ્તુઓ કેતનની હાજરી અને ગેરહાજરી બંને વાતોની ચાડી ખાતી હતી - એટલા માટે થોડો સમય એટલે કે બે-ત્રણ કલાક પહેલાં કેતન બારીમાં રમતો હશે. અને ગેરહાજરી એટલા માટે કે કેતન અત્યારે હાજર ન હતો એ હકીકત હતી. ત્રણ-ચાર કલાકથી કેતનની ગેરહાજરી હવે જાણે બિહામણી લાગતી હતી. શું કેતનનો કાળ કોળિયો કરી ગયો હશે ?

- આડોશી-પાડોશી બધી વાત ઘડીકમાં સમજી ગયાં. બે-ચાર હોશિયાર તરવૈયાઓએ ગોમતી તળાવને ખૂંદી નાખવા માટે કમર કસી. બિલાડા જેવું સાધન પણ તાત્કાલિક મંગાવ્યું. કદાચ કેતનની લાશ જોઈને કેતનની મમ્મી શ્વેતા, કેતનનાં દાદા-દાદી અને કેતનની માસી ફાટી ન પડે તેટલા શુભાશયથી શરૂઆતની દશ મિનિટ શોધખોળ કરી એવું જાહેર કરાયું કે કેતનનો ગોમતી તળાવમાં પત્તો નથી લાગતો માટે બીજે કયાંક તાત્કાલિક તપાસ કરાવો. આમ કહીને કેતનનાં દાદ-દાદી, નાના-નાની અને કેતનની માસીને બીજી જગ્યાએ સલામત જગ્યાએ ખસેડવામાં આવ્યાં. પ્રોફેસર આકાશ આજે અમદાવાદ ગયા હતા જેથી તે આવશે ત્યારની વાત તે વખતે જોઈ લેવાશે.

- ફરીથી તળાવમાં બધાએ શોધખોળ શરૂ કરી. જાણે મરજીવાઓ સાગર ખેડુઓ મોતીની શોધમાં કે દરિયો ખેડવા ન નીકળી પડ્યા હોય ! આજુબાજુ જોનારાઓની ઠઠ જામી. તમાશાને



કાંઈ તેડું હોય... બધાંની આંખો ગોમતી તળાવના પાણી પર હતી. ગોમતી તળાવ - પવિત્ર તળાવ આજે ગોઝારું લાગતું હતું !

- કલાક - દોઢ કલાકની મહેનત પછી ડૂબી જઈ પાણી પી ફૂલી ગયેલ કાચબા, માછલીઓ અને અન્ય જળચર પ્રાણીઓએ ફોલી ખાઈ નવરુ કરી મૂકેલ એવું કેતનનું શબ, પાર્થિવ દેહ હાથ લાગ્યો ત્યારે બધાં જ કલ્પાંત કરી રહ્યા. નાના-મોટાં અબાલ વૃદ્ધ સહુની આંખમાં ગંગાજળ ઉભરાયાં...

- હે ગોઝારા ગોમતી તળાવ... નાનકડા ફૂલ જેવ બાળકનો ભોગ લઈને તને શું મળ્યું ? ... તારા હાથમાં શું આવ્યું ? તળાવ તારે કે પછી મારે ! ડાકોરમાં રહેતા રણછોડરાયજી પણ હૃદય વગરના બની ગયા હતા. તેમને ભાન ન હતું કે મારા લાલને તરતાં નથી આવડતું તેથી તેને પાણીમાં ધક્કો શીદ માર્યો ?

- આ વાત જ્યારે આકાશે અમદાવાદથી પરત આવ્યા બાદ જાણી ત્યારે તે તો બેહોશ જ થઈ ગયો અને પોતાના હોશહવાશ ગુમાવીને ઢળી પડ્યો. જોડે આવેલા પ્રોફેસર સમીરે આકાશને સંભળી લીધો અને તરત ડાકોરની હોસ્પીટલમાં તાત્લીક સારવાર અર્થે દાખલ કરી દીધો. અને ઘેર ખબર કરી દીધી.

- આ બાજુ પોતાનો દીકરો આ દુનિયામાં રહ્યો નથી તે હકીકત જાણી ‘રાહુ ગયો અને જોડે જોડે કેતન પણ ગયો... મારા બે હંસો વારફરતી ઉડી ગયા... હે ભગવાન હું છોકરા વગરની થઈ ગઈ. ભગવાન તેં મારી દુનિયા ઉજાડી નાંખી. ભગવાન તારામાં જરાપણ દયા નથી રહી કે, તેં મારા બબ્બે છોકરાને વારાફરતી ઉપાડી લીધા.’

- હવે શ્વેતા લગભગ ગાંડાની જેમ બોલ્યા કરતી હતી કે એક ગયો, બીજો ગયો.... 'એક ગયો, બીજો ગયો... બસ હું જ બાકી રહી ગઈ...હા...હા...હા... શ્વેતા ગાંડી થઈ ગઈ. એ લગભગ પાગલ જ બની ગઈ હતી. '

- શ્વેતા પાગલ અવસ્થામાં જ બક્યા કરતી હતી... 'એક ગયો બીજો ગયો, બસ હું જ બાકી રહી ગઈ.' તે વાતના અડઘાપડગા પફતા રહ્યા અને શ્વેતા પાગલની જેમ બકતી રહી...

'એક ગયો બીજો ગયો....! બસ હું જ બાકી રહી ગઈ...'

'એક ગયો બીજો ગયો....! બસ હું જ બાકી રહી ગઈ...'

હા...હા...હા... બસ હું તો હવે ગાંડી થઈ ગઈ... આ દુનિયામાંથી ભલા ભગવાન મને આ દુનિયા છોડવી દે...! હવે મરે આ દુનિયામાં રહેવું નથી...' શ્વેતા રડતી હતી, માથું કૂટતી રહી.

એ બાળફૂલ ઉજડી ગયને બે-ત્રણ દિવસ વીતી ગયાં. ઘરમાં દાદા-દાદી, આકાશ અને બધાં ઉદાસ રહેતાં હતાં. આખું ઘર રેતીના અફાટ રણ જેવું ભાવહીન, શુષ્ક અને કોઈ પણ જાતના હેતભાવ વગરનું લાગતું હતું. સમય મળ્યો એટલે આકાશે શ્વેતાને કહ્યું.

"શ્વેતા, તું તો કહેતી હતી કે તમારા બાપુજીના લીધે મેં મારો દીકરો 'રાહુ' ખોયો. હવે બોલ, આપણો 'કેતન' મૃત્યુ પામ્યો. આ દુનિયામાંથી કેતન ચાલી ગયો આપણે છોડીને, તેના માટે જવાબદાર કોણ....?"

ત્યારે શ્વેતાની આંખમાં બોર બોર જેવાં આંસુડાં ઉભરાયાં તે હીબકે હીબકે રડવા લાગી.



- "હું જ અભાગણી... હું જ એક ડાકણ અને ચુડેલ છું. જેથી હું જ મારા લાડકવાયા રાહુ અને કેતુને ભરખી ગઈ છું. એક ગયો બીજો ગયો.... બસ હું જ બાકી રહી ગઈ...' શ્વેતા નાના બાળકની જેમ હીબકે હીબકે રડતી રહી...

- નિર્જન કેડી. કોઈ આવનાર નહીં, કોઈ જનાર નહીં. કોઈ બોલનાર નહીં. કોઈ બોલવનાર નહીં. વસંતઋતુ વીતી ગયા પછી જે હાલત બગીચાઓની અને બગીચાની રખેવાળી કરનાર, બગીચાના નાનામોટા છોડવાઓને પાણી પાઈ ઉછેરનાર અને રંગબેરંગી ફૂલો તથા ઘટાદાર વૃક્ષો જોઈ સદાય ખુશ રહેનાર માળી પોતાના બાગની બિલકુલ ખરાબ સ્થિતિ સહરાના રણ જેવા શુષ્ક, રૂક્ષ અને બળબળતા વેરાન બગીચાની હાલત થાય તેવી હાલત ગિરધરકાકા (ગોટાવાળા), ગૌમુખી, આકાશ અને શ્વેતાની થઈ.

- જાણે અજાણે ભેગા થઈ જતાં ગિરધરભઈ (રાહુના દાદા) અને શ્વેતા (કેતનની મમ્મી) એકબીજાથી એવી રીતે આખો છુપાવી લેતા કે જાણે તેઓ પરસ્પર એકબીજાનાં સરખાં ગુનેગાર ન હોય ! ગિરધરકાકા શ્વેતામાં અને શ્વેતા ગિરધરકાકામાં પોતે કરેલ ભૂલનું બિંબ-પ્રતિબિંબ હંમેશા જોતાં રહેતાં. આથી જ આકાશના ઘરમાં વધારેમાં વધારે દુઃખી ગિરધરકાકા અને શ્વેતા બંને હતાં. જોકે ગૌમુખી, શ્વેતા, શિવશંકર અને રૂક્ષ્મણી એ બધાંને વજ્રઘાતથી, વિધિએ કરેલા કઠોર પ્રહારથી પાર વગરનું દુઃખ થયું હતું. તેથી જ શ્વેતા પોતાનું મન પોતની નોકરી અને પોતાના ઘર કામકાજમાં રચ્યું પચ્યું રાખવા મથતી. તે જ રીતે આકાશ પણ પોતાની કોલેજ, પોતાની નોકરી, પોતાની લાઈબ્રેરી અને બીજી બધી પ્રવૃત્તિઓમાં

તન્મય બની જવા મથતો પણ આ બધાથી શું ? નોકરી કરી થાકયાં-પાક્યાં બંને જણાં પોતાના ઘરે આવતાં તો બે પંખીઓ પોતાના માળામાં ભેગાં થતાં ત્યારે બાળ-બચ્ચાં વગરના માળાને (ઘરને) જોઈને પોતાની દુનિયાને ઉજડી ગયેલ જોઈ બંને જણાં ખૂબ ખૂબ દુઃખી થઈ જતાં, તેમની આંખોમાં ગંગા-જમના ઉભરાતાં પણ શું થાય ! ભગવાનને ગમ્યું તે ખરું ? એમ વિચારી બંને જણાં પોતાના મનને ખોટું ખોટું આશ્વાસન આપતાં રહેતાં.

❀



## ૬

## કર ભલા તો હોગા ભલા !

- શ્વેતા વિચારતી...

- હું જ આકાશને દુઃખી, દુઃખી ને દુઃખી કરી રહી છું. મેં જ આકાશના મોંઘા-મૂલા રતન જેવા બે દીકરા, મારી મૂર્ખાઈના કારણે ખોઈ નાખ્યા છે. પહેલા રાહુને તેના દાદાની દુકાને જયારે રાહુ ગયો ત્યારે તેને રોક્યો હોત તો તે વખતે રાહુને મોટર અકસ્માત થાત ખરો ? અને ફરી વખત કેતન મારી બેકાળજીના કારણે જ ગોમતીમાં ડૂબી જઈ મોતને ભેટયો. ખરેખર, બંને દીકરાઓના અકાળ અવસાન માટે હું જ જવાબદાર છું. મેં જ મારા જીવનબાગને ઉજ્જડ-વેરાન-સહરાના રણ જેવો સૂકો બનાવી દીધો છે. ખરેખર આકાશને દુઃખી કરવાનો મને કોઈ હકક નથી. કોઈ અધિકાર નથી. સદાય ફૂલની જેમ હસતો રહેનાર પતંગિયની જેમ રંગીન નટખટ અને આનંદી આકાશને મેં જ મહાપરાણે દુઃખ, દર્દ અને યાતનાના દરિયામાં મહાપરાણે ધકેલી દઈ એને જીવતેજીવત ડુબાડી દીધો છે. મારા જેવી અભાગણીને અ બાબતની કોઈ સત્તા કે અધિકાર નથી... હું જ આકાશ, આકાશનાં મા-બાપ અને મારાં માબાપ માટે ભારરૂપ, કલંકરૂપ અને કાંટા સમાન છું. મારે આ લોકોના રસ્તા વચ્ચે આડે શા માટે આવવું જોઈએ.

જ્યારે આ બાજુ આકાશ પણ વિચારતો...

‘‘ભાગ્યવિધાતા પણ કેવા અજબ -અજબ ખેલ બતાવે છે. તેણે દીકરા આપ્યા અને વળી પાછા છીનવી પણ લીધા. ભૂંડા ભગવાન તારા હાથમાં શું આવ્યું ? મારો જીવનબાગ ઉજડી ગયો તેનાથી તને કે બીજા કોઈને શો ફાયદો થયો ? મારો રાહુ અને મારો કેતન વારાફરતી આકાશ મધ્યેથી જેમ તારલા ખરી પડે તેમ વારાફરતી પોતપોતાનાં જીવન સમાપ્ત કરીને અમોને વજ્રાઘાત આપીને ચાલી નીકળ્યા... હેં ભૂંડા ભગવાન ! હવે  તું જ ન્યાય આપ. હું ક્યાં જઈ કોની આગળ મારું હૈયું હળવું કરું ! મારાં વડીલ મા-બાપ પણ તેં દીધેલા વજ્રાઘાતથી સાવ પડી ભાંગ્યા છે. તૂટી ગયાં છે. તેમની સામે રહીને મોકળે મને છૂટે મોંએ રડીને મારું દુઃખ ઓછું કરી શકાતું નથી. મારા હૈયે જે લાખ લાખ મણનો બોજો લાગેલ છે તે બોજાને હળવે રહીને બીજાની ખાંધે મૂકી શકતો નથી. પ્રભુ અ બધું દુઃખ, દર્દ, મુશ્કેલી અને યાતનાઓ સહન કરી કરીનેય હવે હું થાકી ગયો છું. હાંફી ગયો છું. હારી ગયો છું. મારા વ્હાલા હવે થોડીક મહેરબાની કર. મારા ઉપર.’

- પોતાનાથી કોલેજ લાઈબ્રેરીમાં, સ્ટાફ રૂમમાં, ફ્રી પીરીયડ હોય ત્યારે અથવા કોઈક ઘડી ફુરસદ મળે ત્યારે આકાશ ઉપર પ્રમાણે ઘણું બધું વિચાર કરતો અને વિચારો કરી કરીને થાકતો ત્યારે પછી તે વિચારવાનું બંધ કરતો.

- આ બધું આકાશના મા-બાપ અને શ્વેતાનં મા-બાપ પણ આ બાતે ઘણું બધું વિચારતાં. વિચારો જેમ દોડતા રહે તેમ સમય પણ કોઈની પણ રોકટોક વગર દોડતો રહ્યો અને દોડતો રહેશે. રાહુ અને



કેતનની વિદાય પછી ત્રણ ત્રણ વર્ષના વા’ણાં વીતી ગયાં. વરસો પાણીના રેલાની જેમ વહ્યાં જાય છે. આકાશનાં બા-બાપુજી અને શ્વેતાનાં બા-બાપુજી અનેક બાધા આખડી, જંતર-મંતર દોરધાગા વગેરે કરી કરીને થાક્યાં. આકાશે અને શ્વેતાએ પોતપોતાનું મેડીકલ ચેકઅપ કરાવી લીધું. બંને જણાં સંપૂર્ણ હતાં. બંને જણાં સંપૂર્ણપણે, યોગ્ય રીતે એકબીજાના પૂરક સ્ત્રી - પુરુષ હતાં. પણ રાહુ કેતનના મૃત્યુ પછી કોઈ નવતર શિશુંનું આગમન ન થયું તો ન થયું. ટૂંકમાં એ જ મતલબ રહ્યો કે આકાશ ફરીથી ન તો બાપ બની શક્યો કે શ્વેતા ફરીથી માતા બની શકી. આકાશ તો ‘ભગવાનની ઈચ્છા જ બળવાન છો તેની ઈચ્છા વગર એક પાંદડું પણ હાલી શકતું નથી’ તેમ વિચારી પોતાનામાં સંપૂર્ણ ક્ષય થઈ ગયેલા વિશ્વાસને પુનઃજીવિત કરવા મથતો જ્યારે શ્વેતાના મનમાં માતૃત્વની ફરીથી માતા બનવાની ભાવના વધતી જ ચાલી વધતી જ ચાલી, તેના હૈયામાં હોળીની જ્વાળા બનીને સળગતી રહી બસ સળગતી રહી, પણ તેનાથી શું ફાયદો ?

- આકાશે, ઋષિમુનિ જેવું મૌનવ્રત અને પોશાકમાં સાદગી ધારણ કરી લીધા. આકાશનું ઝગારા મારતું વિશાળ કપાળ, આકાશે પહેરેલો ઝભ્ભો અને લંઘો. તેમજ આકાશે વધારેલી દાઢી. આકાશની વાણી, વર્તન અને વિચારમાં આવી ગયેલ એકાએક ધીરગંભીરતાને આકાશને ખૂબ ખૂબ બદલી નાખ્યો. આકાશના આખા વ્યક્તિત્વને બદલી નાંખ્યું. આકાશ પોતાના પરિવારમાં, કુટુંબ કબીલામાં, મિત્રમંડળ કે કોલેજ પરિવારનાં ભાઈ-બહેનો સાથે હવે સહેલાઈથી ચર્ચા વિનોદ કરી શકતો ન હતો. તેના બેસવા-ઉઠવામાં, હરવા - ફરવામાં, હાલ-ચાલ, બોલવા હસવાની વગેરે ક્રિયા-પ્રક્રિયાઓ

પર એક જાતનું કુદરતી કે અકુદરતી નિયંત્રણ આવી ગયું હતું. બધા આ નિયંત્રણ ક્યાંથી, કેવી રીતે આવ્યું તેની હકીકત સમજતા હતા અને મનોમન ખૂબ ખૂબ દુઃખી થતા હતા.

- શ્વેતા ભટ્ટે પણ અકાશની માફક પોતાનાં વાણી... વર્તન.. વ્યવહાર વગેરે પર નિયંત્રણ અને મર્યાદા મૂકી દીધાં હતાં. તે હંમેશના શ્વેત વસ્ત્રો જ પહેરવાનું પસંદ કરતી. કોઈને ભૂલનીય દુઃખ ન પહોંચે તે હકીકતનો પૂરેપૂરો વિચાર કરીને કોઈક પગલું ભરતી કે એવાં કોઈ વાક્યો બોલતી. સાચે જ શ્વેતા એક તપસ્વિની બની થઈ હતી તે હેમંશાં પોતાની શાળાના-હાઈસ્કૂલના શૈક્ષણિક કાર્યમાં તલ્લીન, ગળાડૂબ બની જઈ વીતી ગયેલી તમામ ભૂતકાળની ભૂતાવળોને ઓગળી દઈ પી જવા મથતી પણ એકાદ બે વખત આડોશી-પાડોશીના કે બીજા કોઈ હિતેચ્છુના મુખેથી એ તો રાંડ છે જ એવી છપ્પરપગી ! પોતાનાં જ ફૂલ જેવાં છોરાં ભરખી ગઈ...

- "એ વાંઝણીનું મોઢું વળી કયાં જોયું ? આખો દિવસ પાણીયે નહિ મળે..."

- આવાં બોલાયેલાં વાક્યો-શબ્દબાણો શ્વેતાના હૃદયને તીર ભોંકાયા જેવી વેદના ઉપજાવતાં. અને બાણથી ઘાયલ કોઈ મૃગલી તરફડે તેવી સ્થિતિ શ્વેતાની થતી. એ આકાશની બાહોમાં ડૂસકે ને ડૂસકે રડતી. કકળતી અને પોતાને આ દુનિયામાં જ રહેવું નથી. હવે જીવ્યાથી શો ફાયદો ? એમ કહી બળાપો કાઢતી ત્યારે... આકાશ પોતાનો હિમશિલા જેવો શીતળ હાથ શ્વેતાના કપાળે, બરડે હાથ ફેરવી હૈયાધરણ આપતાં કહેતો :

- "જો શ્વેતા, આ દુનિયામાં આ હું કરું છું અને ફલાણું મારા



લીધે આમ થયું અને હું ના હોત તો આમ બનત કે ન બનત એ વાત ગાડા નીચે ચાલતું કોઈ કૂતરું વિચારે કે 'આ ચાલતું ગાડું મારા લીધે જ અને હું ચાલું તો જ ચાલે છે, તેવી વાત છે. પ્રભુની ઈચ્છા વગર કાંઈ પણ શક્ય નથી. પ્રભુ જ બધું કરવા સમર્થ છે. આપણે ણો નિમિત્તમાત્ર છીએ. માટે આવા ખોટેખોટા વિચારો કરીને દુઃખી થવું એ તો આપણી મૂર્ખાઈ છે. હકીકતમાં આપણે ઉપર પ્રમાણે વિચારીને જાણી જોઈને દુઃખી થઈને જાણે અજાણે આપણા આત્માને દુઃખી કરી રહ્યાં છીએ..." આ ઉપદેશાત્મક વાક્યો સાંભળીને શ્વેતા બળબળતા હૃદય પર જાણે કોઈએ બર્નોલનો મલમ લગાડ્યો ન હોય ! તેવી તેને લાગણી થતી અને આકાશ ઉભો થઈ પાણીનો ગ્લાસ ભરી દેતો ત્યારે ગટ ગટ પાણી પી શ્વેતા આડે ખડખે થતી. શ્વેતાને જોઈ કોઈ ફૂલ વગરની ગુલાબની ડાળખી અને પોતાને તથા શ્વેતાને એકબીજાના સાંનિધ્યમાં નિહાળી બે દૂર દૂર હોય એવા કિનારાનો આકાશને ખરેખર ભાસ થતો. બે કિનારાના સ્નેહસેતુ રાહુ-કેતુ તો ક્યારનાય તૂટી ચૂકયા હતા. ક્ષીણ થઈ ગયા હતા. તેમનું અસ્તિત્વ જ રહ્યું ન હતું. નહિ તો આકાશની ગોદમાં રાહુ અને શ્વેતાની ગોદમાં કેતન સૂતો હોત અને... પછી... તે વખતની દુનિયા જ નિરાળી હોત... 'પણ હાય ! મારી જ દુનિયા લૂંટાઈ ગઈ...' વિચારી અડીખમ આકાશ ઢીલો થઈ ગયો. તેની આંખમાંથી ગંગા જમના વહેવી શરૂ થઈ. પોતાનાં ડૂસકાં મહાપરાણે દબાવી દઈ શ્વેતા ઉંઘી ગયેલી એટલે તે ડિસ્ટર્બ ન થાય અને જાગી જશે તો પોતાની આંખો આંસુથી ભરપૂર જોઈ જશે તો મુશ્કેલી થશે. એવા ભયથી આકાશ આડું પડખું ફરી ગયો.

ગિરધરકાકા હવેથી કાંઈક વધુ પડતા ધાર્મિક બની ગયા હતા. ગિરધરકાકા પોતાના રસથી નહિ પણ ખાલી સમય કાઢવા વેપાર-ધંધો કરતા, દુકાન ચલાવતા અને તેમાંથી પણ વખત કાઢીને ગૌમુખી જોડે દેવદર્શન, બાધા-આખડી અને જંતર-મંતરમાં મનમાન્યો પૈસો ખરચતા અને ભગવાનને દરબાર 'મારા વા'લા તું હવે મારું મોત સુધારે તો સારું. તે જે મારે ઘેર સવાશેર માટીની ખોટ બંધ કરી છે તે ખોટ તું જ પૂરી કરે તો મારો પ્રભુ ખરો... પ્રાર્થના કરતાં. જ્યારે શ્વેતાનાં મા-બાપ, શિવશંકરભાઈ અને રૂક્ષ્મણીબહેન... જો કે તેમની આર્થિક પરિસ્થિતિ સારી ન હોઈ તેઓ પણ પોતાના મનથી ભક્તિ કરીને પોતાની દીકરીનો ઉજડી ગયેલો સંસાર ફરીથી નવપલ્લવીત કરવા પ્રભુને દયાભરી યાચના કરતાં. તેમની સ્મિતા પણ પોતાનો સૂર પુરાવતી. હકીકતમાં તો કોઈ કહેનારે કહ્યું છે કે....

- 'કર ભલા તો હોગા ભલા...' એ નિયમને અનુરૂપ આપણે કોઈનું ભલું કરીશું તો કુદરતી રીતે આપણું ભલું થવાનું જ છે. તેવું વિચારી આકાશ પોતાને હૈયે ધારણ આપી. અડખાં પડખાં ફેરવતો હતો શ્વેતા ઉંઘી ગઈ હતી. આખી દુનિયા બધી નિંદરમાં ગરકાવ હત, આરામ કરતી હતી. જ્યારે આકાશને ઉંઘ આવતી નહોતી. તેના હૈયે જંપ ન હતો. તેને કોઈ જાતનો આરામ મળતો ન હતો. ક્યાંથી મળે ?



# ૭

# સમીર, ઉષા અને સંધ્યાની વાત

- દિલ વગરની દુનિયા બેકાર છે. સ્મશાનવત્ છે. પોતાનામાંથી જે આનંદ મળી રહેવો જોઈએ તે આનંદ, ઉલ્લાસ, ઉમંગ, તરવરાટ જ્યારે ધીમે ધીમે ઓગળવા લાગે, ઓછો થવા લાગે, ત્યારે દુનિયા કોઈ મતલબ વગરની, હેતુ વગરની બની જાય છે. જેથી જ નિજાનંદ એ મુખ્ય ચીજ છે. જેનાથી આ જગતમાંથી સઘળી ક્રિયાઓ - પ્રક્રિયાઓ ચાલી રહી છે અને ભવિષ્યમાં ચાલતી રહેશે. મતલબ વગરનો માનવી હેતુ કે લક્ષ વગર ભરદરિયે તોફાનો વચ્ચે અટવાતી કોઈ નૌકા જેવો છે કે જેનો કોઈ કિનારો નથી, કોઈ આશરો કે સહારો નથી.

- શ્વેતા ગુલાબના ફૂલો વગરની વાડી. કોઈ સૂકી ડાળી, શ્વેતા એટલે કોઈ નિર્જીવ શિલા.. શિલાલેખ પણ ઘણું બધું કહી જતા હોય છે. તેમ શ્વેતાના મુખ ઉપર સદાય છવાયેલો રહેતો ઘેરો વિષાદ, દુ:ખ-દર્દની છાયાનો આલેખ તેના દિલમાં થતા પારાવાર ઓગળતાં પહેલાં પાણી-પ્રવાહી અને વધુ ગરમી પડે એટલે શૂન્યાવકાશના આવરણમાં, આંચલમાં જેમ છવાઈ જાય, અંતર્ધ્યાન

બને તે રીતે પોતે પણ વિશાળ વિશ્વમાંથી પોતાની જાતને ઓગાળી દઈ પરમ લોકના આવરણમાં એક તલ્લીન બની જાય એ પ્રકારની શ્વેતાના ઉરપ્રદેશે ઉંડે ઉંડે ઝંખના જાગી હતી - યાચના લાગી હતી.

- આકાશ તો વિશાળ છે; આકાશનો કોઈ અંત નથી, છેડો નથી. ધરતીના કોઈપણ છેડા પરથી તમે ગમે ત્યાંથી ઉપર નજર કરશો તો આકાશ, આકાશ અને આકાશ દેખાશે. ભૂરું, ભૂરું આકાશ, તો કયારેક કાળાં કાળાં ઘનઘોર પાણીની ભરપૂર વાદળો. મેઘતાંડવ નૃત્ય કરવા આતુર હોય તેવા સમયે વાદળો અને મેઘગર્જનાથી ભરપૂર આકાશ જે રીતે ઉપર આકાશની જુદી જુદી પરિસ્થિતિઓ આકાર લે છે, ઉદ્‌ભવે છે અને સ્વયંસંચાલિત અદશ્ય બની જાય છે તે રીતે પ્રોફેસર આકાશના હૃદયમાં તોફાન મચી ગયું હતું.

- તે જ પ્રમાણે વસુંધરા ઉપર આવેલા ઉંચા ઉંચા આકાશના હૈયે પણ પાર વગરનો ઉલ્કાપાત મચી રહ્યો હતો. કાળાં ઘનઘોર વાદળો ચારેય બાજુથી ભેગાં થઈ આકાશમાં વાઈ રહેલા સુસવાટા મારતા તોફાની વાયરની સાથે સાથે પકડદાવની રમત રમી રહ્યા હતા. જંગલમાં કોઈ ક્રોધે ભરાયેલ સિંહણ ત્રાડો પાડે તેમ આકાશ મધ્યે લાગલગાટ-બિહામણી, ભયંકર, દરિયો ચીરી નાખે તેવી મેઘગર્જનાઓ થતી હતી. તોફાની વાયરા વંટોળ લઈને રમણે ચડ્યો હતો. કાળી ઘનઘોર રાત્રી વાદળોની દોડમદોડ, આકાશમાં થતી મેઘગર્જનાઓ જાણે કેટકેટલીય ડોસીઓ ગબડતી હતી. સબાક ! સબાક ! સબાક ! વીજળીના ઝબકારા થઈ રહ્યા અને તેની સાથે સાથે વીજળીના કાટકા પણ સંભળાતા હતા.



- વરસાદમાં પલળી ગયેલ આકાશ, આકાશનાં કપડાં વરસત વરસાદના ધોધમાર પાણીની ભીંજાઈ જઈ સાવ લથપથ બની ગયા. તે આજે ખૂબ ખૂબ પલળી ગયો હતો. થાકી ગયો હતો.

- તા. ૨૯ મી જુલાઈ... આ એ જ કાળરાત્રિ હતી કે જે રાત્રિએ શ્વેતાએ - પોતાની વહાલસોઈ પત્ની પોતાના સીનામાં ક્રોધાવેશમાં આવી જઈ છૂરી ઉતારી દીધી હતી. તે વખતે પણ આવો જ વરસાદ વરસતો હતો... અને તે વખતે પણ પ્રોફેસર સાહેબ ખૂબ ખૂબ પલળીને ઘરે આવ્યા હતા ત્યારે....'

- પ્રોફેસર આકાશ... દુઃખના દરિયામાં ડૂબી જઈ દરિયામાં ખોવાઈ ગયેલો બાવરો બનેલો એક ઈન્સાન...

- આકાશના મનમાં : આજે મારા બંનેય બાળકુંવરો રાહુ-કેતુ જીવતા, જાગતા, હસતા, રમતા હયાત હોત તો તે બંને જણા વરસતા વરસાદમાં રમ્યા કરતા હોત, પલળ્યા કરતા હોત ! વરસદના પાણીની ભરાયેલાં ખાબોચિયામાં હોડી-હીડીની રમત રમ્યા કરતા હોત અને "આવ રે વરસાદ, ઢેબરિયો પરસાદ, ઊની ઊની રોટલી અને કારેલાનું શાક..." કહી તેમની કાલી-ઘેલી ભાષામાં ગીત ગાતા, નાચતા, કૂદતા હોત ! અને મૂબ મઝા કરતા હોત...."

- પ્રોફેસર આકાશ ઉમરેઠમાં ડાકોર જવાના રોડ પર આવેલા નવરંગ કોલોનીના... સખી સવિતમાં રહેતા બીજા પ્રોફેસર મિત્ર સમીર જોષીના ઘેર નાની બેબી 'સંધ્યા રાણી'ના જન્મ-વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે ઉમરેઠમાં પ્રોફેસર સમીર અને સમીરની

પત્ની ઉષારાણીનો મોંઘેરા મહેમાન બનીને પાછો આવતો હતો, તે વખતે આકાશમાં તોફાની વાયરો વંટોળ અને કાળા વાદળો, દિલને ચીરી નાંખતી વીજળી અને મુશળધાર વરસાદ વરસતો હતો.... તે જોઈને....

- "આકાશ ઘડીભર થોભી જાઓને... જુઓ બહાર કેટલો બધો વરસદ પડે છે. નકામા પલળી જશો. પછી શરદી અને તાવ આવશે એટલે શ્વેતા ભાભી અમોને વઢશે.... સંધ્યાની બર્થડે પાર્ટી પત્યા પછી માંદા પડી ગયા...." ઉષાએ કહ્યું.

- ત્યારે.... "ખરી વાત છે દોસ્ત, તારી ભાભી સાચી વાત કહે છે. થોડીક વાર રોકાઈ જાવ તો સારું. વરસાદ બંધ થાય કે ઓછો થય ત્યારે તું તારે વહ્યો જજે... તને કોઈ નહિ રોકે હો..." સમીરે ટાપસી પૂરતાં કહ્યું.

- એ બંને જણાંની દરમ્યાનગીરીથી આકાશ સમીરના ઘેર વધુ રોકાયો. સમીર અને ઉષા બંને આનંદી અને સંતોષી જીવ હતાં. તેમના મુખેથી ક્યારે પણ કોઈ જાતની દાદ, ફરિયાદ કે દુઃખ દર્દના નિસાસ સંભળાતા નહિ. આજની વાત આજે... જો બીત ગઈ સો બાત ગઈ અને આવતી ઘાડે વખ શાને ધોળવાં ? એ કહેવતના અનુસંધાનને તેઓ બંને જણાં વળગી રહેતાં. અને ભૂત-ભવિષ્યને માનતાં ન હતાં. જાણતાં ન હતાં, સમજતાં ન હતાં ! હા, કરકસર કરી ભવિષ્યમાં આવી પડનારો ઉપાધિઓનો સામનો કરવા બચત તો કરવી જ પડે. તે વાત -હકીકત ચોકકસપણે સમજતાં હતાં. 'સંધ્યા' એ સમીર અને ઉષાના અનોખા મિલનનું સંભારણું હતું. ત્રણ વર્ષની



'સંધ્યા' પોતાની ટહુકા કરતી કાલીઘેલી, તોતડા, મીઠીમધ જેવી બોલીથી કોઈ બગીચામાં ટહુકા કરતી કોયલની જેમ આખા ઘરને - વાતાવરણને હર્યુંભર્યું સંગીતમય બનાવી દેતી હતી.

- સંધ્યા એક-નાનકડી કોમળ ગુલાબી, ગુલાબની કળી. સંધ્યા એટલે જ સમીર અને ઉષારાણીનો પ્રાણ. નાનકડી બેબીના આગમનથી ઉષાદેવીના જીવનમાં વસંત આવી ગઈ હતી. ઉષા અને સમીર પોતાની બેબીને પૂર લાડકોડથી ઉછેરતા હતા. પોતાની કોલેજથી આવ્યા બાદ ઉષા ઘરકામકાજમાં પરોવાઈ જતી ત્યારે અને તે વખતે સમીર પોતાની લાડકવયી દીકરી સંધ્યાને ખૂબ ખૂબ વહાલ કરતો, રમાડતો, લાડ કરતો....

- જ્યારે રાહુ અને કેતના ગમનથી પ્રોફેસર આકાશનું ઘર દુનિયા ઊજડી ગઈ હતી. પોતાનાં બે બાળકો (ગુલાબ અને મોગરાના ફૂલ જેવાં બાળકો) થી બનેલી આબાદ દુનિયા એકાએક બે બે બાળકો ભગવાનના ઘરે પહોંચી ગયાં અને બંનેય ફૂલો મુરઝાઈ ગયાં. પણ તે પૂરેપૂરું વિકસ્યા વગર ! જેથી પ્રોફેસરને ખૂબ ખૂબ દુઃખ થયું આજે ! સમીરના ઘરમાં ઉજવાઈ રહેલી સંધ્યાની બર્થડે પાર્ટી જોઈને આકાશના જિગરમાં પારાવાર દુઃખ થયું... અંદરોઅંદર દુઃખ, દર્દ, નિરાશાનો દરિયો ઘૂઘવાટા મારતો રહ્યો. જ્યારે બહાર હસતા હૃદયે (આડંબર) બધાંને ખૂબ ખૂબ ખુશ રાખવા મથતા પ્રોફેસર આકાશે જ્યારે નાનકડી સંધ્યાને ગુલાબી ગુલાબી ગાલ પર પ્યારનું ચુંબન કર્યું ત્યારે તેની આંખમાંથી મોતી સમાન બે અશ્રુ બિન્દુ ટપકી પડ્યાં. જે અશ્રુબિંદુને કોઈ જોઈ ન જાય તેવી

ત્વરાથી, કાળજીથી લૂછી નાંખ્યા અને આકાશ અને પાર્ટીના મહેમાનો પાર્ટીના પીણા અને પાર્ટીના ડીનર કાર્યક્રમમાં પરોવાઈ ગયો. શ્વેતા એક અક્કડ સ્વભાવની અતિ લાગણીશીલ અને અતિસંવેદનશીલ સ્વભાવની હતી. બર્થડે પાર્ટી વખતે શ્વેતાને પોતાનાં બે ટાબરિયાં (રાહુ અને કેતન) સાંભરી આવે અને પોતાનાથી ન રહેવાય એટલે કદાચ રડી પડે અને જામેલી પાર્ટીનો મૂડ ઓફ કરી નાંખે તે બીકથી જ્યારે શ્વેતાએ મારી તબિયત સારી નથી એટલે માટે સમીર અને ઉષાના ઘેર બેબીના બર્થડે પાર્ટીમાં આવવું નથી. પણ તમે વહેલા ઘેર આવી જજો હોં....' કહ્યું ત્યારે શ્વેતાને ઝાઝો આગ્રહ કરવો ઠીક નથી તેવું સમજીને આકાશે એ વાત પડતી મૂકી.

- જ્યારે ગિરધરકાકા, શિવશંકરભાઈ અને અનસૂયાબહેન આકાશ-શ્વેતાનાં મા-બાપ બધાંય પોતાના દીકરા-દીકરીના ઉજડી ગયેલા જીવનથી ખૂબ ખૂબ વ્યથિત હોઈ, આત્માને શાંતિ, સંતોષ મળે અને રામ-નામ પ્રભુશરણમાં જીવ પરોવાય જેથી દેહનું કલ્યાણ થાય એવી ગણતરી કરી ચાર ધામની યાત્રાએ ઉપડી ગયાં હતાં.

- આકાશ આ બાજુ પ્રોફેસરના ઘરે પોતે વરસતો વરસાદ કયારે થોભી જાય ? ક્યારે વતાવરણ હળવું બને અને પોતે શાંતિથી અને સલામતીથી ઘરે પહોંચી જાય એ વાતની રાહ જોઈને બેઠો હતો. કલાક-દોઢ કલાક વીતી ગયો છતાં કમબખ્ત વરસાદ ધીમો પડતો નહોતો કે પછી થોભવાનું નામ દેતો નહોતો.

- આ બાજુ પોત પોતાના ઘરમાં એકલી-અટૂલી રહી કંટાળી ગયેલી શ્વેતા આજે ખૂબ ખૂબ ઉશ્કેરાઈ ગઈ હતી. થાકી ગઈ હતી. તેના મનમાં ચેન ન હતું. આકાશને રસ્તામાં અકસ્માત તો નડ્યો



નહિ હોય ? કે પછી આકાશ... સમીરના ઘેર રોકાઈ ગયો હશે ? દશ-સાડાદશ થયા... ઘડિયાળનો સેકન્ડ કાંટો ગોળ ગોળ ઘડિયાળના ચંદા ઉપર આંટા-ફેરા મારતો હતો. જ્યારે આવેગમાં ને આવેગમાં પોતાની માનસિક સમતુલા ગુમાવતી જતી શ્વેતા પોતાના 'મકાનના દીવાન ખંડમાં' આંટા-ફેરા મારતી હતી... ચક્કર પર ચક્કર મારતી હતી.

❀

## ૮
# શ્વેતા તું ક્યાં છે ?

- વરસતા વરસાદે પોતાની ગતિમાં ફેરફાર કર્યો. વરસાદનું જોર જરા ધીમું પડ્યું એટલે સમીરે કર્યું.....

"આકાશ, હવે સારું ચોઘડિયું છે. રાહ જોયા વગર હવે ઘરે જા. ઘરે ચિંતામાં ને ચિંતામાં મારા ભાભીનો શ્વાસ ઉંચો ચડી ગયો હશે, જીવ ગભરાઈ ગયો હશે...."

"ખરી વાત છે.... પણ જરા સંભાળીને જજો હોં.... જરૂર પડે તો સમીરનો રેઈટકોટ અને કેપ લઈ જાઓ...." ઉષા ઉવાચ.

"ના રે....ના.... આ દશ-પંદર મિનિટમાં જ ડાકોર ભેગો થઈ જઈશ... વાર નહિ લાગે..." કહી આકાશે કીક મારીને સ્કૂટર ચાલુ કર્યું. હેડલાઈટ ચાલુ કરીને સ્કૂટર મારી મૂક્યું...

- એ જ તા. ૨૯ મી જુલાઈ, ...૧૯૮૦

- દરેક તારીખ કંઈ ને કંઈક યાદગીરી મૂકી જાય છે. પોતાના પાછળ ન ભુલાય તેવું ચિહ્ન... જેને સહેલાઈથી ભૂલવા મથતો.



વિસરે પડવા ઈચ્છતો પામર માનવી ભૂલી શકતો નથી. કશું કહી શકતો નથી. એ જ એની નિર્બળતા છે. આજે વરસતા વરસાદની રાત્રે પોતાના મકાનમાં આંટા-ફેરા મારતો આકાશ..... આજ તારીખના એક વર્ષે પૂર્વની તારીખે અટલે કે તા. ૨૯ જુલાઈ ૧૯૭૯ ની તારીખે બની ગયેલ એક દુઃખદાયક ઘટના કે જે બનાવે આકાશના જીવનને અસ્તવ્યસ્ત કરી નાંખ્યું. તે બનાવને ભૂલવા આકાશ મથી રહ્યો હતો, વલખાં મારી રહ્યો હતો.

- તારીખ ૨૯ મી જુલાઈ ૧૯૮૦

- એક વર્ષ પહેલાંની તારીખ ૨૯ મી જુલાઈ, ૧૯૭૯ !

- સંધ્યાની બર્થ ડે પાર્ટી પતાવીને પાછો કરતો આકાશ... વરસાદ... મુશળધાર વરસતા વરસાદથી ભીંજાઈ ગયેલો આકાશ. રાત્રિના અગિયાર વાગ્યા હતા....

- ઘર આવ્યું એટલે સ્કૂટરને બ્રેક મારી કંપાઉન્ડની જાળી ખોલી આકાશે પોતાનું સ્કૂટર તેના યથાસ્થાને ગોઠવ્યું.

- દીવાનખંડમાં સળગતી ટ્યુબ લાઈટ દૂધિયો પ્રકાશ વેરીને શ્વેતા જાગી રહી છે તે હકીકતની ખાતરી કરાવતી હતી. વરસાદથી પલળી ગયેલો આકાશ ઠંડીથી ધ્રુજતો હતો. થરથર ધ્રુજતો હતો.

- સ્કૂટરને યથાસ્થાને ગોઠવી પ્રોફેસર સાહેબ ધીમેથી દરવાજો ખોલી પોતાના ઘરમાં દખલ થયા કે તરત જ....

- 'કેમ આકાશ આટલું બધું મોડું થયું...? ત્યાં વળી કઈ સગલીનું મોઢું જોઈ બેસી રહ્યા હતા ? એટલીયે ખબર નથી પડતી કે

હું ઘરે એકલી ભૂત જેવી છું?'' શ્વેતાએ ઘાંટો પાડી કહ્યું.

- જવાબમાં આકાશે કહેયું.

- ''જો શ્વેતા, હકીકત એમ બની ગઈ કે વરસદ ખૂબ ખૂબ વરસતો હતો તે જોઈ સમીર અને ઉષાએ થોડી વાર રોકાઈ જવા કહ્યું એટલે હું રોકાયો હતો; પણ વરસાદ થોભવાનું નામ જ લેતો ન હતો. એટલે કંટાળીને હું વરસતા વરસાદમાં પલળીને પણ ઘેર આવતો રહ્યો.''

''બહું સારું કર્યું... તેમાં...''

''પણ ! તું આજે અટલી બધી ગરમ કેમ થઈ ગઈ છે ?''

''પણ ને બણ મારે કાંઈ જ સાંભળવું નથી. એક તો દા'ડે નોકરી કરીને થકેલા ઘેર આવ્યા હોય અને તેમાં તમારા જેવા સમયસર ઘેર ના આવે એટલે અડધી રાત સુધી જાગ્યા કરી ઉજાગરા કરવાના... આકાશ... હવે તો કંટાળો આવે છે.''

''પણ મેં કયાં કહ્યું હતું કે તમે મારા લીધે અડધી રાત સુધી જાગરણ કરો. ચાલો આજે જાગરણ કર્યું કે તેમાં તમારી મહેરબાની'' કહી આકાશ પલળેલાં કપડાં બદલવા લાગ્યો.

- ''ભલે હવે ભૂલથીયે જાગીશું નહિ કે તમને જગાડવાની કોશિશ પણ નહિ કરું બરાબરને ! પણ આકાશ તારા અને મારા વચ્ચે જાણે-અજાણે આ એક અણબનાવની આડીદીવાલ ઉભી થઈ રહી છે તેની ખબર છે તને ?''

''હાં મને પૂરેપૂરી ખબર છે અને અ અણબનાવની દિવાલ


કોણ બનાવી રહ્યું છે તેને પણ હું સારી રીતે ઓળખું છું, જાણું છું અને પિછાણું છું...''

- ''એટલે તું કહેવા શું માગે છે !''

- ''એ જ કે તેં હવે તારા હાથથી જ તારા પગ પર કુહાડો મારવાનું કામ કરી રહી છે શ્વેતા ! તું જ એ વ્યક્તિ કે જના લીધે તારા અને મારા વચ્ચે ખટરાગની ખાઈ અને ખારાશનો દરિયો પોતાનાં આકાશી મોજાં સાથે ગરજી રહ્યો છે. તારા લીધે જ મારી દુનિયા બરબાદ થઈ ગઈ છે. મેં મારા ફૂલ જેવા હસતા-રમતા લાડકવાયા બે રાજકુંવરો જેવા - મારા રાહુ અને કેતુને ગુમાવી દીધા. તું જ આ બધા માટે જ જવાબદાર છે. મનમાં અને મનમાં એવું થઈ જાય છે કે કયાંક તો તું અથવા ક્યાંક હું, કાં તો તારી નજર સમક્ષથી અથવા મારી નજર સમક્ષથી દૂર થઈ જઈએ તો કમસે કમ તારા અથવા મારા મનને એટલી તો શાંતિ મળ્યા કરે... શ્વેતા હવે બહુ દુઃખ સહન કર્યું... હવે મારામાં રહેલી તમામ સહનશક્તિ ઓગળી ગઈ છે, બાષ્પ બની ગઈ છે. હવે મને જીવન જીવવામાં પણ કોઈ રસ, કસ, આનંદ, ઉમંગ, ઉલ્લાસ કે તરવરાટ રહ્યો નથી. ક્યાંથી રહે ! હું કોનાં મુખ જોઈ ખુશ થાઉં ? મને કોણ હસાવે ? કોણ રમાડે ? મારી દુનિયા બરબાદ થઈ ગઈ... શ્વેતા, હું ભરરસ્તે લૂંટાઈ ગયો છું. બરબાદ થઈ ગયો'' કહેતાં કહેતાં આકાશ પોતાની આંખમાંથી વહી જતાં ચોધાર આંસુઓને મહાપરાણે ખાળવાનો વ્યર્થ પ્રયત્ન કરતો કરતો સ્લીપીંગ રૂમમાં જવા લાગ્યો.

- શ્વેતા આરસપહાણની મૂર્તિની જેમ, સ્થિતપ્રજ્ઞ નિર્જીવતાની કોઈપણ જાતના હાવ-ભાવનું વિશેષ દર્શન-પ્રદર્શન કરાવ્યા વગર ઉભી રહે તેમ ઉભી રહી. તે રૂમમાં પથરાયેલી આરસપહાણની સ્ટાલઈ સાથે જડાઈ ગઈ, ચોંટી ગઈ....

- દીવાનખંડની સિલ્વાનીયા ટયુબ લાઈટ હસતી, હસતી દૂધિયો પ્રકાશ વેરતી શ્વેતાની જાણે હસી મજાક ઉડાડતી હતી, મશ્કરી; હા, મશ્કરી કરી રહી હતી અને અધૂરામાં પૂરું 'ટન' અવાજ કરી સાડા અગિયાર વાગ્યા છે. એમ ટાઈમ જણાવી પેલી ઘડિયાળ પણ શ્વેતાનુ 'રાંડ વાંઝણી હવે તો જરા તારી જાતને સુધાર...' કહેતી ઠપકો ન દઈ રહી હોય ? તેવું શ્વેતાને લાગ્યું... !!!

- પોતાના મનમાં કાંઈક અવનવો ચિત્ર-વિચિત્ર નિર્ણય કરી તે તાત્કાલિક અમલમાં મૂકી જ દેવો તેવું મનમાં નક્કી કરી શ્વેતા સૂવાના રૂમની તરફ આગળ વધી.

- આખા દિવસની બર્થ ડે પાર્ટીની રઝળપાટથી થાકી ગયેલો અને વરસાદથી પલળી ગયેલો આકાશ બીજી લપ્પનછપ્પન કર્યા વગર જ કપડાં બદલીને પોતાના પલંગમાં સૂઈ ગયો હતો. અને ઘસઘસાટ ઉંઘતો હતો. શ્વેતા આકાશને પલભર જોઈ રહી. તેની આંખમાં ધસમસી રહેલાં આંસુઓને મહાપરાણે શ્વેતાએ રોકી રાખ્યાં હતાં. તે આંખનાં આંસુને લૂછી બેડરૂમની સ્વીચ ઓફ કરી તે પોતાના ડ્રોઈંગ રૂમમાં વળી.

શ્વેતા કંઈક લખતી હતી.

પ્રિય આકાશ,



મને લાગે છે કે હવે હું આ દુનિયામાં જીવી નહિ શકું. આકાશ તમે તો ભગવાનની જેમ સર્વવ્યાપી છો. મારા જ કારણે તમારું જીવન ખેદાનમેદાન બની ગયું. હવે જયારે તમે જ તમારા સ્વમુખેથી મને જવાનું કહી રહ્યા છો ? મારું કાળમુખી મોઢું જોવા તમે સૌ ખુશી નથી. મારે હવે તમારે ત્યાં રહીને શું કામ ? મારે - તમારે જયાં સુધી જોડે રહેવાનું આપણા ભાગ્યમાં લખાયું હતું ત્યાં સુધી આપણે બધાં સુખ, સંપ અને સંતોષથી રહ્યાં. મારા દુર્ભાગ્યે પ્રભુએ મારા લાલ - બન્ને બાળકુંવરને વારાફરતી બોલાવી લીધા. ત્યાર પછી આ દુનિયામાં હું એકલી-અટૂલી પડી ગઈ. તમારા સ્વભાવમાં પણ હવે આસમાન-જમીનનો ફરક પડી ગયો છે. બા-બાપુજી અને બીજા બધાં મને કાંઈ પણ કહેતાં નથી પણ તેમનું મૌન મને ઘણુ બધું કહી જાય છે. તેમની દુઃખી આંખો, તેમનું વર્તન અને તેમની દુભાયેલી લાગણીઓ, ભાવના મને એ હકીકતનું અવારનવાર ભાન કરાવે છે કે શ્વેતા તું એક શાપિત આત્મા છો. શ્વેતા તેં ગયા ભવમાં એટલા બધાં પાપ કર્યા હશે કે જેનો બદલો તારે આ ભવમાં ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે ચૂકવવો પડી રહ્યો છે અને ચૂકવવાનો રહેશે. 'શ્વેતા તું એક પાપી જીવ છે. તારે ડાકોર જેવા પવિત્ર ધામમાં રહેવું ન જોઈએ. અરે ! તને ડાકોરમાં રહેવાનો કોઈ અધિકાર નથી. તું ડાકોરના રણછોડરાયજીના નામ માથે કલંક છે. એક કાળી ટીલી સમાન છે. તું અહીંયાથીં હટી જા. પૃથ્વી પરની જાણી - અજાણી ભીડ, ગીરદી, માનવ સમુદાય વચ્ચે ઓગળી જા. તું તારી જાતને એવા પ્રકારના વાતાવરણ વચ્ચે છુપાવી દે, સંતાડી દે કે જયાં તેને કોઈ ઓળખી ન શકે. આ ભૂમિ પર (ડાકોરની) તને તારું અસ્તિત્વ

ભારરૂપ નથી લાગતું ? તને આ ભૂમિ પર જીવવાનો કે શ્વાસ લેવાનો હરવા ફરવાનો શો અધિકાર છે ? તારે અહીંયા રહીને જીવન જીવીને હવે બીજું શું મેળવવું છે ? આટલી બધી યાતનાઓ, આટલું બધું દુઃખ અને આટલી બધી નિંદા, ગાળો તથા વગોવણી આ ઠાકોર નગરના સમાજે તને આપી છે. સ્નેહાર્ષણ કરી છે. હવે આથી વિશેષ તારે બીજું જું જોઈએ છે ? કે જેની અપેક્ષામાં આશામાં તું અહીંથી તેમ, આ બાજુથી પેલી બાજુ ડાકોરની ગલી ગલીમાં ભટકી રહી છે ?

- આકાશ... હું તો મારી જાતથી, મારા પોતાનાથી થાકી ગઈ છું. હારી ગઈ છું, હાંફી ગઈ છું. હવે મને પોતાને પણ મારી જાતનો ભાર લાગે છે. શક્તિ વગરની ભક્તિ નકામી છે. હવે મારામાં કોઈ પણ પ્રકારની શક્તિ સામે ઝઝૂમવાનું જોમ રહ્યું નથી. તેથી આ બધો બોજો, બધો ભાર, બધી વિટંબણાઓ તેમને સોંપીને હું અલિપ્ત બનવા માગું છું. કોઈ અજનબી, નવા જ પ્રકારના વાતાવરણમાં મારી જાતને મૂકીને હું હળવીફૂલ જેવી બનીને જીવવા માગું છું.

- આકાશ તમે હવે મુક્ત છો, આઝાદ છો, તમે હવે મન ફાવે તે પ્રમાણે ફરી શકો છો, વર્તી શકો છો, હું તેમાં રોકટોક કે કોઈ અંતરાયની દીવાલો ઉભી નહિ કરું. હું એટલી બધી નાદાન કે કાયર નથી કે હું મારી જાતનું ખંડન કરું. મારી જાતને મિટાવી દઉં. હું હવે હું નથી રહી. પછી મને બીજા કોઈને ઓળખીને શો લાભ ? હા, હું તમને ભૂલી નહિ શકું. મારી જાતની માયા હવે ધીમે ધીમે ઓછી થતી જાય છે. મીરાબાઈના મનમાં પણ આવા જ પ્રકારની લાગણી કે ભાવના ઉપસ્થતિ થઈ હશે એવું હવે મને ક્રમશઃ ધીમે ધીમે સમજાઈ



રહ્યું છે. તે હકીકતની ખાતરી થઈ રહી છે.

આકાશ, તમે મારી શોધખોળ કરશો કે બીજા કોઈની મારફતે શોધખોળ કરાવશો નહિ. પોલીસ સ્ટેશને ફરિયાદ કરવી કે છાપામાં જાહેરાત આપી ખોટેખોટા ખર્ચા સહિત પોતાની મુર્ખાઈનું પ્રદર્શન કરવું એ હકીકત વાજબી નથી. જે માણસ પોતાની જાતે જ ખોવાઈ જવા નીકળે તે માણસને શોધવાની પ્રવૃતિ કરવી એ બાલિશતા છે. તમે એવા નથી તેની મને ખાતરી છે. આકાશ હું એક પ્રકારની ખાતરી આપું છું કે મને જ્યારે શાંતિ મળશે, મારા આત્માનો જ્યારે સંપૂર્ણ એવો વિશ્વાશ પેદા થશે કે હવે હું તમારી સાથે જીવન જીવવા માટે તૈયાર થઈ ગઈ છું ત્યારે અને તે જ ઘડીએ હું તમારી સમક્ષ, તમારી પ્રત્યક્ષ રૂબરૂમાં હાજર થઈશ.

- આકાશ મને લાગે છે કે હું તમને ખૂબ ખૂબ દુઃખી કરી રહી છું. પણ હવે મારે શું કરવું ? મને પોતને જ કાંઈ સમજણ નહિ પડતી હોવાથી આ પ્રકારનું ઘટિત કે અઘટિત જે કાંઈ ગણો તે પ્રમાણેનું પગલું ભરી રહી છું. આકાશ મને માફ કરશો ને ? મારી સ્મૃતિ મારી યાદગીરી તમારા પડછાયાની જેમ સાથ આપશે. આકાશ હું તમારી વચ્ચેથી થોડી વખત વિદાય લઈ રહું છું... પણ હું તમને સદાય યાદ કરતી રહીશ. આકાશ તમે તો સર્વત્ર છો. મારી આંખો રાત્રે અને દિવસે ઉંચે આકાશ તરફ જોતી રહેશે. રાત્રે જ્યારે આકાશમાં તારા ઉગશે ત્યારે મને પોતાને એવો ભાસ થશે કે આ આકાશમાં તારા નથી ઉગ્યા પણ આ તો આકાશની આંખોનાં આસું છે અને હું કમભાગી મારા પોતાના અને મને પ્રિય એવા આકાશનાં આંસું પણ લૂછી શકતી નથી. આકાશ હવે વધુ કાંઈ

લખી શકતી નથી.... મારી કલમ ધ્રુજી રહી છે. મને પોતાને પણ કાંઈક... કાંઈક થાય છે....!

- આકાશ તમારો સ્નેહ, તમારી સ્મૃતિ અને તમારી હૂંફની સ્મૃતિ ત્રિમૂર્તિ (બ્રહ્મા, વિષ્ણુ, મહેશની) ને હું સદાય મારા હૃદય મંદિરમાં સંઘરી રાખીશ. આકાશ તમારા ઘરમાંથી મેં થોડી વાટખર્ચી લીધી છે. થોડાક રૂપિયા અને કપડાંલત્તાં મારી સાથે લઈ જાઉં છું. જે તમારી જાણ માટે લખું છું. આકાશ, બસ હવે તમારી વિદાય લઉંને....!"

- તમને હૃદયમાં લઈને જીવતી

શ્વેતા

- પોતાનો પત્ર પૂરો કરી, પત્રને કવરમાં મૂકી તે કવરને ટેબલ પર મૂકીને કવર ઉપર પ્રિય આકાશ એવું સંશોધન લખી કવર બંધ કરી શ્વેતાએ કવરને બીડી દીધું... શ્વેતાએ હવે પોતાની જવાની તૈયારીઓ કરવા માંડી. બહાર વરસતો વરસાદ કયારનોય બંધ થઈ ગયો. શ્વેતા પણ પોતાની હૈયાવરાળ પત્રમાં ઠાલવી હવે કંઈક શાંત અને ગંભીર બની ગઈ હતી. પૂરી તૈયારી કરી શ્વેતાએ હાથમાં નાનકડી બેગ લીધી. તેમાં પોતાના લાડકવાયા બાળકોની સ્મૃતિ - રાહુ કેતુની જોડીયા છબી મૂકી બેગને લોક માર્યું.

- ધીમેથી શ્વેતા ઉઠી અને બેડરૂમમાં ગઈ. આકાશની ઉંઘમાં ખલેલ ન પડે તે રીતે, ઉંઘી રહેલ આકાશ જાગી ન જાય તેટલી સાવચેતી રાખી. શ્વેતાએ આકાશના ચરણસ્પર્શ લઈ લીધા અને આશીર્વાદ લઈ શ્વેતાએ જ્યારે ઘર છોડયું ત્યારે અટૂલી શ્વેતાએ જોઈ ઉંચે ઉંચા ઉંચા આકાશમાં પણ તારાઓ ઝબક્યા હતા. જાણે આકાશની



આંખે લાખલાખ આંસુડાનાં તોરણ બાંધ્યા ન હોય તે પ્રકારનું વાતાવરણ સર્જાયું હતું. વાતાવરણમાં પણ ક્યારે ક્યારે ગમગીની અને ભારેપણું આવી જાય છે. રામાયણમાં તો રામે પોતાની પ્રજાને ન્યાય આપવા માટે, સીધા કોઈપણ જાતના વાંકગુના વગરની છે તેમ જાણવા છતાં પણ સીતાનો ત્યાગ કર્યો હતો. અહીંયા હકીકત ઉલટી જ હતી. આ બાજુ શ્વેતા આકાશનો કોઈ પણ જાતનો વાંક ગુનો કે અપરાધ નથી તે જાણવા છતાં, અનુભવવા છતાં પણ લોકમુખથી સંભળાતી, સાંભળવા મળની નિંદા - કૂથલી, કટુવચનથી કંટાળી જઈને અને પોતાની જાતમાંથી બરફની જેમ ઓગળી જતા વિશ્વાસને કારણે શ્વેતા પોતાની સ્વેચ્છાએથી જ પોતાનું ઘર છોડી રહી હતી. પોતે પોતાની જીંદગી નવેસરથી જીવી શકે તે પણ આનંદથી, સંતોષથી, શાંતિથી અને ખોવાઈ ગયેલો વિશ્વાસ ફરીથી સંપાદન કરવા, શ્વેતા ડાકોર શહેરને છોડી રહી હતી.ડાકોરની ગલીઓની સ્ટ્રીટ ટયુબલાઈટો પણ દૂધિયો પ્રકાશ રેલાવીને શ્વેતને શ્વેત પ્રકાશ આપી જાણે કે શ્વેતાનો માર્ગ જાણે દૂધિયો બનાવી દેવા ન માગતી હોય ? તેવું લાગતું હતું.

બસસ્ટેન્ડે જઈ ઉપડતી વહેલી બસમાં શ્વેતા ગોઠવાઈ ગઈ અને ગણ્યાંગંઠ્યા થોડાક પેસેન્જરોને લઈને એસ.ટી. બસ ઉપડી ત્યારે ડાકોરના ટાવરમાં પાંચ વાગ્યાના ડંકા સંભળાતા હતાં.

- આકાશ ઊઠ્યો, "આજે શ્વેતાએ મને કેમ જગાડ્યો નહિ ?" કદાચ બાથરૂમમાં નાહી રહી હશે... અથવા બજારમાં શાકભાજી ખરીદવા ગઈ હશે. શાંતિ છે. આજે ઘરમાં કેમ શાંતિ છે ! કોઈનું મૃત્યું થયુ હોય તેવું લાગે છે. મારું મન કેમ ગભરાયા

કરે છે ? કંઈક શુભ-અશુભ બનવાનું છે કે ખરું ! આકાશ વિચારતો હતો.

આકાશ બાથરૂમમાંથી ફ્રેશ (તાજો) થઈને બહાર ડ્રોઈંગ રૂમમાં આવ્યો ત્યારે આકાશે આજે સવારમાં મોર્નિંગ ટી ને બદલે ટેબલ પર પડેલું કવર જોયું અને કવર ઉપર 'પ્રિય આકાશને' લખાયેલ શબ્દ - ઉદ્દબોધન કે જે શ્વેતાના અક્ષરો હતા તે જોઈ આકાશ ચમક્યો. કવર ફાડી અંદરના પત્રનું લખાણ વાંચી આકાશના મનમાં ચિત્કાર ઉઠ્યો... આકાશનું અંતર રડી ઉઠ્યું. "શ્વેતા તું ક્યાં છે?.. શ્વેતા તને હું ક્યાં શોધીશ ? શ્વેતા તું ક્યાં છે ?"

❁



# ૯

# આકાશની અકળામણ

- આકાશ અકળાતો રહ્યો. વલોપાત કરતો રહ્યો. શ્વેતા એકાએક કોઈને પણ કહ્યા વગર, પૂછયા-ગાછયા વગર જીવનના મધદરિયે સંગાથ છોડીને ચાલી જશે તેવી તેને કલ્પના પણ હતી નહિ.

- ગિરધરભાઈ ગોટાવાલા,ગોમુખી (આકાશના બા-બાપુજી) તેમજ શિવપ્રસાદ-રૂક્ષ્મણીબેન જ્યારે જાત્રા કરી પાછાં આવ્યાં ત્યારે કોઈપણ જાતની લપ્પન-છપ્પન કર્યા વગર આકાશે એ તમામને શ્વેતાના હાથનો લખેલો પત્ર બતાવ્યો. બધાએ બધી હકીકત વાંચી અને વાકેફ થયા અને જણાવ્યું કે છેલ્લા પંદર દિવસથી આકાશે, તેના મિત્રોએ અને બીજા બધા સ્નેહીજનોએ રઝળપાટ, દોડ-દોડ અને બધી જગ્યાએ તપાસ કરવામાં પાછું વળીને જોયું નથી તેમ છતાં આજ દિન સુધી પત્તો મળ્યો નથી. કોઈ જાતની એંધાણી કે બાતમી કે સમાચાર મળ્યા નથી. જેથી હવે "ભગવાનને જે કરવું હોય તે કરે... ભગવાનની ઈચ્છા જ બળવાન છે. તેની ઈચ્છા વગર કાંઈ જ બનતું નથી અને બનશે પણ નહિ...." વિચારી આકાશે પોતાની રીતે જિંદગી જીવવાની શરૂ કરી દીધી હતી.

- આકાશને હવે જીવનનું સાચું મૂલ્ય સમજાતું હતું. દિવસ નોકરી કરવામાં પસાર થઈ જતો અને સમય મળતાં આકાશ બજારમાં દુકાને બેસી બાપુજીને વેપાર-ધંધામાં મદદ કરતો અને ઘણી વખત ઘરે પણ પોતાની મા ગૌમુખીને પણ ઘરકામમાં મદદ કરતો. આકાશના બા-બાપુજી તેમજ શ્વેતાનાં બા-બાપુજીએ શ્વેતા ડાકોર છોડી કોઈ અજાણ્યા સ્થળે જતી રહી છે તે હકીકત જાણીને અને તે હકીકતને વારંવાર યાદ કરીને દુઃખી થયા કરતાં હતાં. શ્વેતાની બહેન સ્મિતા પણ ખૂબ ખૂબ દુઃખી થઈ ગઈ.... પણ બધાં શું કરે ? કોણ કોને ધીરજ બંધાવે ? કોણ કોને આશ્વાસન આપે ? કઈ રીતે આશ્વાસન આપે ? એ કોઈને કાંઈ જ સમજ પડતી ન હતી.

- ધીરજ જેવો સદ્ગુણ નથી. જે અંતરથી ધીરજ, ધરી શકે છે તેને કોઈ ડોલવી શકતું નથી. જે પોતાના વિચારોમાં, નિશ્ચયોમાં ડગતો નથી તેનો વિચાર વિશ્વની શક્તિ બની કામ કરે છે અને પોતાના જીવનને દીપાવે છે. આકાશે પણ ધીરજ રાખી તેની રાહ જોવી તેવો સંદેશ આપીને ગઈ હતી. એટલે આકાશ શ્વેતાના એ સંદેશને પવિત્ર પ્રેમનો આદેશ સમજીને ધીરજ ધરીને દુનિયાદારી નિભાવતો હતો.

- ક્યારેક વીતેલા ભૂતકાળને યાદ કરતાં આકાશની આંખમાંથી આંસુડાની ધાર વહેવા લાગે ત્યારે આકાશ મનોમન વિચારતો હતોકે જીવનને ગમે તેમ લૂંટાવી દેવાથી, ગુમાવી દેવાથી શો ફાયદો ? મારા જેવા સમજુ મણસે જીવનને કીમતી અમૂલ્ય સમય આ રીતે ગુમાવી દેવાનું ન પોષાય કે ન પરવડે; કારણકે ક્ષણેક્ષણનો સરવાળો



એ જ જીવન છે જેથી આકાશ તે રીતે પોતાની જાતને કામમાં રચીપચી-મશગૂલ પ્રવૃત્તિમય રાખતો.

- આકાશ હવે આ પ્રમાણે માનતો થઈ ગયો હતો કે ભૌતિક સુખ-પ્રગતિની પાછળની દોડ ઝાંઝવાનાં જળ પાછળની મૃગની દોડ જેવી છે. આજે સૌ કોઈ એવી દોડ દોડે છેને થાકે છે. છતાં આખું જગત એને સુખ-પ્રગતિ માની ખૂબ ખૂબ ઝડપથી દોડી રહ્યું છે. આંધળી દોટ મૂકી રહ્યું છે. આવી આંધળી દોટમાંથી મુક્ત થવું એમાં જ સાચું સુખ સમાયેલું છે.

- શ્વેતાના ગમનને આજે ત્રણેક વર્ષ વીતી ગયાં છે. બધું જ એમનું એમ છે. એ જ આકાશ છે. એ જ ગિરધરકાકા છે. એ જ ગૌમુખી છે. પણ આકાશના સસરા એટલે કે શિવપ્રસાદ પોતાની બીજી દીકરી સ્મિતાને કોઈ સારે ઠેકાણે પરણાવીને ભગવાનના ધામે પહોંચી ગયા.... જ્યારે શ્વેતાની બા અનસૂયા પોતાની દીકરી સ્મિતાના ઘરે દીકરના સારા દા'ડા હોઈ દીકરીને ડાકોર પોતાને ઘેર તેડી લાવવા અને જમાઈ કે જે એસ.ટી. ડેપોમાં નોકરી કરે તે ઉપેન્દ્રભાઈને સમજાવવા માટે પાલનપુર ગયેલ છે. સ્મિતા પાલનપુર રહે એટલે સ્મિતાને ત્યાંથી તેડી લાવવા અને સ્મિતાની સાસરી મહેસાણા હતી તેથી ત્યાં પણ બધાને મળી શકાય તે જાતની ગણતરી કરી અનસૂયાબેન ડાકોરથી પહેલાં પાલનપુર આવેલ છે. સ્મિતા પોતાની બાને ઘણા સમયબાદ પોતાના ઘરે આવેલ જોઈ ખુશ છે.

- આકાશ હવે એકલો જ છે. માનવીએ મળતી એકલતા ઘણી વખત આશીર્વાદ સમાન બનતી હોય છે. જ્યારે એકલતા ઘણી વખત અભિશાપ રૂપ પણ બની જાય છે.

- આકાશ વિચારતો કે માનવ જીવનમાં તૃષ્ણાનો કોઈ પાર નથી. તૃષ્ણા એ તો અનંત આકાશ જેવી છે. સોનાનો કૈલાસ જેટલો ઊંચે પર્વત માનવીને મળી જાય તો પણ માનવી પોતાના જીવનમાં શાંતિ કે સાચું-સુખ અનુભવી શકતાં નથી. માત્ર તૃષ્ણા ઉપરના વિજયમાં જ જીવનનું સાચું સુખ અને શાંતિ સમાયેલાં છે.

- આકાશે ઉપર પ્રમાણેના બનાવોની ઘટમાળા બન્યા પછી પોતાનો સમાજ, પોતની દુનિયા, પોતાના મિત્રમંડળ, સ્નેહસંબંધી, સગાં-વહાલાંની માયા ઘટાડી દીધી હતી. કોઈપણ જાતની લપ્પન-છપ્પન કરવી આકાશને ગમતી નહિ. પોતે ભલો અને પોતાનું કામકાજ ભલું. બા-બાપુજી, બાપુજીની દુકાન અને બાનું ઘર એ જ આકાશની દુનિયા હતી - એ જ આકાશનું સર્વસ્વ હતું.

- જ્યારે આકાશે સમાચાર જાણ્યા કે પોતાની બીજી દીકરીને તેડી લાવવા પાલનપુર ગયેલા તે રૂક્ષ્મણીબેન, દીકરી સ્મિતા અને જમાઈ ઉપેન્દ્રભાઈ એક બસ અકસ્માતમાં ભગવાનના ધામ પહોંચી ગયાં હતાં ત્યારે તે વખતે ગિરધરભાઈ અને ગૌમુખીએ પોતાનું કપાળ કૂટી લીધું. જ્યારે આકાશના અંતરને કોઈ જ અસર થઈ નહિ. તેનું હૃદય હવે પહેલાંના જેવું પોચું કે કોમળ ન હતું. આકાશનું હૃદય પોતાની જિંદગીમાં થયેલા અનેક અનુભવોથી, જાતજાતના વજાઘાતની ટેવાઈ જઈ પથ્થરદિલ - કઠોર બની ગયું હતું.

'ગિરધરભાઈ સ્વીટ માર્ટ એન્ડ ફરસાણ હાઉસ'માં શોકમગ્ન ગિરધરકાકા બેઠા હતા. ... બેઠા બેઠા કુદરતી અપરંપાર લીલાનો વિચાર કરી રહ્યા હતા. આજે અમાસ હોઈ 'રણછોડરાયના' મંદિરે



દર્શન કરનારાઓની, ભાવિક ભક્તોની ભીડ જામી ન હતી, અને રાજભોગનાં દર્શન પતી ગયા પછી ભગવાન પોઢી ગયા એટલે રણછોડરયજીના મંદિરે અને ગિરધરકાકાની દુકાને-બંને જગ્યાએ પરમ શાંતિ હતી. પરમ શંતિ....

❀

# ૧૦
# હતાશ હૈયાંઓને મળી હૂંફ

- ગોમતી તળાવ પરથી થઈને આવતો ઠંડો મીઠો મીઠો પવન બજારમાં પડતી બપોરની ગરમીને ઠારવા મથી રહ્યો હતો. ગિરધરકાકા નતમસ્તકે ગલ્લા પર બેસીને કાંઈક વિચારી રહ્યાં હતા. જગતની વાસ્તવિકતાને ભૂલી જઈ વિચારતંદ્રામાં ડૂબી ગયા હતા. વિચારોની હરમાળા મગજમાં સ્ફુરતા અવનવા વિચારો - પાણીમાં જેમ અવનવા તરંગો જન્મે, વિસ્તરતા જાય, મોટા થતા જાય અને છેવટે ઓગળી જાય તે જ રીતે ગિરધરકાકાના મનમાં રાહુ-કેતુના અકસ્માત રીતે કરુણાજનક સ્થિતિમાં થયેલ મોત, શ્વેતાનો ગૃહત્યાગ, શ્વેતાનાં બહેન સ્મિતા, સ્મિતાની મા અનસૂયા અને શ્વેતા બાપુજીએ આ જગતમાંથી લીધેલ ચિર વિદાય... એ હકીકતોનાં આંદોલનોથી સંસારથી બિલકુલ વિમુખ બની ગયેલાં પ્રોફેસર આકાશની સાધુ સંત ફકીર વૈરાગી સાધુ બાવા જેવી વાણી, વર્તન અને વ્યવહારમાં અણમોલ પરિવર્તન, આકાશની નફિરાઈભરી, બિલકુલ નચિંત જીંદગી જીવવાની ઢબ, આકાશનાં મા-બાપને અકળાવતી હતી. ગૂંગળાવી નાંખતી હતી. બેચેન બનાવતી હતી. જેમ ઈડરની નજીકમાં આવેલા ડુંગરો પોતાની છાતી પર સો સો મણના કાળમીંઢ ખડકોનો



ભાર લઈ શાંતિથી કોઈ તપોમગ્ન (તપમાં ધ્યાનમગ્ન બની ગયેલ) સાધુની અદાથી ઈડરની ધરતી પર પથરાયેલા છે તે જ અદાથી ગિરધરકાકા પણ પોતાના જ ધ્યાનમાં મશગૂલ બની ગયા હતા... ત્યારે.... ‘‘એઈ સાંભળતા નથી.... દોઢ થવા આવ્યો તો પણ તમે ઘરે ન આવ્યા... એમાંય આપણો આકાશ પણ ઘરે નથી આવ્યો એટલે મારું મન ઝાલ્યું ન રહ્યું અને હું દુકાને દોડી આવી. ચાલો ઘરે જમવાનું ક્યારનુંયે ઠંડુ થઈ ગયું...’’ ગૌમુખીએ દુકાન નીચે ઉભા રહી કહ્યું ત્યારે જ ગિરધરકાકા પોતાની તંદ્રાવસ્તામાંથી જાગ્યા અને ‘‘હા ચાલો... આજે ખૂબ મોડું થઈ ગયું છે અરે ! આકાશ કોલેજથી હજી સુધી નથી આવ્યો ?’’ ગિરધરકાકા ઉવાચ.

‘‘ના, એ નથી આવ્યો એટલે તો મારે અહીંયા આવવું પડ્યું...’’ ગૌમુખીએ જવાબ આપ્યો.

‘‘જો બાબુ, ઘરે જઈ કલાકેક પછી પાછો આવીશ. હા... બસ ત્યાર પછી તારે જવાનું હો....’’ જતાં જતાં ગિરધરકાકો ગલ્લાનો હિસાબ કરી દીધો. પાંચેક રૂપિયાનું પરચૂરણ ગણીને ગલ્લામાં રહેવા દીધું અને બાકીના પૈસા પોતાની બંડીમાં મૂકી, ધોતિયું પહેરણ સરખું કરી ગિરધરકાકા પોતાની દુકાનનો હવાલો દુકાનના વફાદાર નોકર બાબુલાલને સોંપી, ગૌમુખીની સાથે ઘરે જવા વિદાય થયા...

- ‘‘ગૌમુખી મારા મનમાં એવું ને એવું થયા કરે છે કે, હવે ત્રણ-ત્રણ વર્ષનાં વાણાં વાઈ ગયાં અને શ્વેતાનો કોઈ પત્તો કે ઠામ ઠેકાણું નથી. એટલે શ્વેતા પાછી ફરશે એ વાતની ઝાઝી આશા રાખી શકાય નહિ. આપણે તો હવે ખર્યાં પાન કહેવાઈએ એટલે

આપણું કાંઈ ઠામઠેકાણું નહિ. એટલે આકાશ માટે કાંઈક તો આપણે વિચારવું પડશે હોં....'' જમ્યા બાદ પોતાના વિશાળ મકાનમાં હિંચોળાખાટ પર આડેપડખે થયેલ ગિરધરભાઈએ જ્યારે કહ્યું ત્યારે,

- જવાબમાં ગૌમુખી કાંઈ જ બોલી નહિ અને તે સ્ટાઈલ્સ પર બિછાયેલ આસન પર બેઠા બેઠા હરિસ્મરણમાં મશગૂલ બની માળા ફેરવતાં રહ્યાં. ''અરે ! એ ય આકાશની મા સાંભળે છે કે પછી રામરામ. આ ભગવાને આપણી સામે જોયું નહિ ને તું ભગવાનનો છાલ છોડતી નથી.... બસ જ્યારે જુઓ ત્યારે પ્રભુ, પ્રભુ, રામનામની માળા....'' કહી ગિરધરકાકા સ્હેજ અકળાયા ત્યારે,

- ''શું કહ્યું ? મેં કાંઈ જ સાંભળ્યું નથી હોં...'' માળા ફેરવવાનું બાજુ પર મૂકી ગૌમુખીએ ગિરધરકાકા તરફ જોઈને કહ્યું. ગૌમુખી શ્વેતવસ્ત્રધારી કોઈ જૈન ધર્મની સાધ્વી જેવી લાગતી હતી. તેમની આંખોમાંથી પ્રેમ, નિર્મળતા અને કરૂણા ઝરી રહી હતી.

''વાત એમ છે કે, આપણા રણછોડજી મંદિરની કમિટીના નવા મેનેજર શ્રી નરસિંહભાઈ પંડયા હમણાં જ બદલાઈને આવ્ય છે. તે પંડયા સાહેબની એકની એક વિધવા દીકરી અને એ વિધવા દીકરીનો એકનો એક દીકરો આપણા રાહુ જેવો જ લાગે છે... હો.... આ બંનેને જોયા પછી મારા દિલમાં એવી ગડમથલ જાગી છે કે, આ વિધવા દિકરી મારા સાંભળ્યા મુજબ એનું નામ સ્નેહા છે. અને છોકરાનું નામ જગત છે.... આ સ્નેહા એના જગતને લઈને આકાશની સાથે રહેવા માંડે તો આપણી દુનિયા જ બદલાઈ જાય... ક્યારનીયે આ વાત મનમાં ઘૂંટાયા કરતી હતી... આજે મારા મનમાં એમ થયું કે મારા મનની વાત આ પહેલામાં પહેલાં કોને કરું ? આ



વાત સૌ પ્રથમ તને કરીને મેં મારા હૈયાનો ભાર હળવો કર્યો અને તું આ વાત આકાશને પૂછી તેની મનની વાત જાણી લે. એટલે હું આપણા સ્નેહી ડોકટર શ્રી મનુભાઈ વ્યાસ મારફતે, આણે વિચારી કાઢેલી વાતને આગળ વધારીએ, અમલમાં મૂકીએ કે જેથી તારું, મારું અને આકાશનું એમ બધાનું કલ્યાણ થાય.... બાકી મને હવે આ ભારેખમ જીવતરનોય ભાર લાગે છે.'' કહી ડોસા(ગિરધરકાકા) ઉઠ્યા. બાજુના ટેબલ પર પડેલો પાણીથી ભરેલો સ્ટીલનો લોટો તેમણે ઉપાડ્યો. સ્ટીલના લોટામાંથી થોડું પાણી સ્ટીલના ગ્લાસમાં રેડી ગટ... ગટ... એમ એકીશ્વાસે બધું પાણી પી જઈ, ''હે મારા નાથ-દીનાનાથ, દયાળુ પ્રભુ, હવે તું કરે તે ખરું'' કહી ફરી પાછા પોતાની બેઠક પર બેઠા ત્યારે ગૌમુખીએ કહ્યું...''હું આજે જ આ વાત આકાશને પૂછી જોઈશ અને મને લાગે છે કે આકાશ મારી કહેલી વાતને ટાળશે નહિ '' ગૌમુખીએ પોતાના હૈયે પોતાના દીકરા આકાશ પ્રત્યે ઘણી ઘણી લાગણી હતી અને પોતાનો એકનો એક દીકરો કેવી રીતે સુખી થાય તેવું તે ઘણુંબધું ઈચ્છતા હતા.

- તેથી જ તેમણે (ગૌમુખીએ) ગિરધરકાકા દુકાને ગયા અને આકાશ કોલેજમાંથી મોડે મોડે ચારપાંચ વાગ્યે ઘરે આવ્યો ત્યારે 'આકાશ માટે આદુના મસાલાવાળી ચા બનાવીને તૈયાર કરી તેને આપી પછી દીવાનખંડમાં જ આકાશ સામે બેસી બધી વિગતથી વાત કરી. ત્યારે,

''બા હવે મારા પુનઃલગ્નની વાત પડતી મેલો. મારે લગ્ન કરીને જાતે દુઃખી નથી થવું કે પછી બીજાને પણ દુઃખી કરવા નથી. બસ આપણે તો મસ્તીથી જ જીવીશું....'' ગૌમુખીની એકની એક

વાતથી કંટાળી જઈ, લમણાઝીકથી થાકી જઈ જ્યારે ગૌમુખીને મોં માથા વગરનો જવાબ આપતા આકાશે કહ્યું ત્યારે ''જો આકાશ મારે આ લોહી ઉકાળાવાળી જિંદગી જીવી અને છતી આંખે એ હોળી (મારા દીકરાની જિંદગીની હોળી) સળગતી નથી જોવી. એના કરતાં મોત બહેતર છે... જો તું આ વાતનો વિચાર કરી મને જવાબ નહિ આપે તો મારા માટે અન્ન-જળનો ત્યાગ છે, અને તને બ્રહ્મહત્યાનું પાપ લાગશે...'' કહી અત્યાર સુધી દુઃખના પોટલા પેટમાં ભરાય તેટલો સંગ્રહ કરીને, ઠરી ગયેલ દુઃખની હિમશિલા એકાએક ઓગળી જતાં ગૌમુખી ખૂબખૂબ ડૂસકે ને ડૂસકે રડી પડી....

- આકાશને પોતાને શું કરવું અને શું ન કરવું ? તે વાતની સમજ ન પડવાથી પાણીનો ગ્લાસ ભરી લાવી પોતાની મા સમક્ષ ધર્યો. તેમણે - ગૌમુખીએ ન લીધો. આ રીતે દીકરા અને મા વચ્ચે સિધ્ધાંતની લડાઈ ચાલી રહી... એકબીજાની લાગણીના માપદંડની લડાઈ ચાલી રહી.

- તે દિવસે સાંજે મા-બાપે, કાંઈ જ ખાધું નહિ અને આખો દિવસ ગમગીનીમાં પસાર થયો. બીજો દિવસ થયો. આકાશ તૈયાર થઈ વહેલી સવારે કોલેજ તરફ ઉપડી ગયો.

- બપોરે ઘેર ગૌમુખીએ આગલે દિવસે અન્નત્યાગ કર્યો અને આજે સવારે ચા-પાણી પણ કર્યા નથી. જેથી પાર વગરની ચિંતા થતાં દુકાનનો કારભાર બાબુને સોંપી ગિરધરકાકા ઘરે આવ્યા અને ''જો ગૌમુખી, તમે હઠાગ્રહ કરશો અને તમને કાંઈક થશે તો પછી મારું કોણ ? હું એકલો પડી જઈશ અને આકાશ પણ રઘવાયો બની જશે. તેનું મગજ ચસકી જશે. આકાર ઘરબાર વગરનો માબાપ



વગરનો થઈ જશે... માટે તમે આવો હઠાગ્રહ, ના કરો...'' ગિરધરકાકા ગૌમુખીને સમજાવતા હતા.

''ના, રે ના, હું કાંઈ હઠ કરતી જ નથી. એમાં વળી હઠ શાની ? હકીકતમાં મને મારી દુઃખથી ભરેલી જિંદગીમાં કાંઈ આનંદ, ઉત્સાહ, ઉમંગ રહ્યો નથી. અને અધૂરામાં પૂરું મારી જૂની આંખો મારા રાંકના રતન જેવા દીકરાની નંદવાયેલી બંગડીની માફક બગડી ગયેલી જિંદગી જોઈ પાર વગરનું દુઃખ થાય છે. આપણે આવું બધું જોઈને નાહક જીવ બાળવો એના કરતાં હરિચરણમાં - પ્રભુના દરબારમાં પહોંચી જવું સારું.'' કહી આંખમાં ભરાઈ આવેલા ઝળઝળિયાં સાફ કરી પોતાનો સ્વર દુઃખની ભીનાશના આવરણથી ખોખરો બની જતાં ગૌમુખીએ .... 'હં...અ...હ....અ...અ હ..' કહી ખોંખારો ખાધો અને પોતાની આંખો સાફ કરી. બિચારીના હૈયે ઘણો ઘણો જ વલોપાત થતો હતો.

- મોડી સાંજે રઝળપાટ કર્યા પછી જ્યારે આકાશ ઘરે આવ્યો ત્યારે આકાશના બાપુજી ઘરે આવી ગયા હતા. ''તારી બાને ગઈકાલે તે જે પ્રકારની વાતચીત કરી જે મનદુઃખ પહોંચાડયુ છે તેથી દુઃખી થઈને તારી બાએ અન્ન-જળનો ત્યાગ કરી દીધો છે. અત્યાર સુધી તારી બાએ કાંઈ જ લીધું નથી. હવે તું જાણે અને તારો અંતરાત્મા જાણે....'' કહી ગિરધરકાકા દુઃખના અતિરેકના કારણે અને દુઃખનો ડૂમો દાબી શક્યા નહિ એથી તેઓ ગળગળા થઈ ગયા.

- આ બધું જાણ્યા પછી આકાશને પોતાને લાગ્યું કે આ બધા માટે પોતે જવાબદાર છે. હવે તેણે ઘરડા જીવોને વધુ દુઃખી કરવા

ન જોઈએ. અને કાંઈક નિર્ણયાત્મક વલણ અપનાવવું જોઈએ.

- પોતાની મા ગૌમુખી પાસે જઈ, આકાશે પોતાની માના ચરણ પકડી લીધા અને નાના છોકરાની જેમ હિબકે ને હિબકે રડી પડ્યો. તે ડૂસકાં ભરી રહ્યો અને તે રડતાં રડતાં બોલતો હતો. ''મા, હું તને ખૂબખૂબ દુઃખી કરી રહ્યો છું. તમને દુઃખી કરવાનો મને શો અધિકાર છે ? મને દુઃખી જોઈને તમારી જાતને ઘસી નાંખે તોયે મને મારા મનમાં કાંઈ જ થતું નથી. ધિકકાર છે આ મારા દેહને.. ધિક્કાર છે મારા જીવતરને. આના કરતાં તો જન્મીને તરત જ મરી કેમ ન ગયો ? મા મને માફ કર. માડી મને તું માફ કર....'' આકાશ માના ચરણોમાં આળોટી પડ્યો.

- તે વખતે ગૌમુખીની આંખોમાંથી ગંગા-જમના ઉભરાઈ આવી. ગૌમુખીના હૈયામાં અમીઝરણ છલકાઈ ઉઠ્યું. ગૌમુખીએ તરત ઉઠી પોતાના દીકરા આકાશને છાતીસરસો ચાંપી દીધો. ડૂસકે ને ડૂસકે રડતી આકાશના માથે ગૌમુખી હાથ ફેરવતી હતી. આકાશને પંપાળતી હતી. ગિરધરકાકા પણ અમી દૃષ્ટિએ પોતાના દીકરા તરફ તાકી રહ્યા.

- દુઃખને જીરવવાની પણ પરાકાષ્ઠા હોય છે. માનવ હૈયું જેટલું મર્યાદામાં રહીને દુઃખનો બોજો, દુઃખનો ભાર, દુઃખનો ડૂમો પોતાના હૈયામાં રાખી શકે છે, સમાવી શકે છે તેટલી જ મર્યાદામાં તે રાખી શકે છે. તેનાથી કાંઈક સવિશેષ દુઃખનો ભાર આવી પડવાથી માનવહૃદય આકુવ્યાકુળ થઈ કરૂણથી ભરપૂર કલ્પાંત કરી ઉઠે છે. કકળાટ કરી દે છે. પુરુષ હોય કે સ્ત્રી હોય આખરે બંને છે તો માનવ જાત રૂપે પ્રાણી જ ને ? દુઃખ ખમવાની, દુઃખ સહન કરવાની,


દુઃખને ધારણ કરવાની ઘણામાં સવિશે શક્તિ હોય છે. આકાશના વ્રજ કરતાં પણ કઠણ હૈયામાં આ જાતની અણમોલ શક્તિ તો હતી જ અને તેથી જ આવા બધા વિક્ષેપો, મુશ્કલીઓ, વિટંબણાઓનાં આવરણો વચ્ચે પણ તે એક અજેય યોદ્ધાની માફક ઝઝૂમતો હતો, લડતો હતો. આજે એ જ આકાશ પોતાની હાર સ્વીકારી એક નાનકડા શિશુની માફક ડૂસકે ને ડૂસકે રડી રહ્યો હતો.

- ગિરધરકાકા આકાશને વાંસા પર (બરડા પર) હાથ ફેરવતા હતા જ્યારે ગૌમુખી આકાશના માથે હાથ ફેરવી પોતાના હિંમત હારી ગયેલા યુવાન પુત્રને હૈયાધારણ આપવા મથી રહ્યા હતા. બે વૃદ્ધ આત્માઓ એક જુવાન દેહવાળા પુત્રનું દુઃખ જાણતાં હતાં. અનુભવતાં હતાં અને પોતે પણ તેવા જ પ્રકારની દુઃખની અગ્નિરૂપી ભઠ્ઠીમાં શેકાઈ રહ્યાં હતાં.

- આકાશ રડતો હતો. ગિરધરકાકા રડતા હતાં. ગૌમુખી રડતાં હતાં - ત્રણેય જણાં ઘણો સમય સુધી રડતા રહ્યાં. દુઃખની પરંપરાઓ વચ્ચે જીવવા મથતાં ત્રણેય અભાગિયા જીવો દુઃખના દરિયામાં ડૂબી રહ્યા હતાં. એટલે તરફડિયા મારતા હતા. દુઃખ એ એક એવા પ્રકારનો ભાર છે, બોજો છે કે જેને આપણે મર્યાદામાં રહીને ઉપાડી શકીએ છીએ. આપણું હૈયું મર્યાદામા રહીને જ દુઃખનો ડૂમો પોતાનામાં સમાવી શકીએ છીએ. દુઃખને સમાવી શકતી તમામ મર્યાદાઓ ઓળંગે ત્યારે અને તે જ વખતે માનવહૈયું હૈયફાટ છૂટે મોંઢે રડવાનું શરૂ કરી દે છે. આ રીતે મોકળા મને રડી લેવાથી મુશળધાર વરસાદ વરસી ગયા પછી ધરતી અને આકાશ પર જે જાતની શાંતિનું વાતાવરણ સર્જાય છે તેવી જ જાતની પૂર્ણતા

માનવીના હૈયાની હોય છે.

- ગૌમુખી ધીમેથી ઉઠી પણિયારા પાસે ગઈ. એક સ્ટીલનો ગ્લાસ પાણી ભરી પોતે લઈ આવી. સહુ પ્રથમ પાણીનો ગ્લાસ ડૂસકે ડૂસકે રડી રહેલા આકાશના હાથમાં આપ્યો. આકાશે ઈશારાથી ઘણીયે ના પાડી તેમ છતાં ગૌમુખીએ હઠાગ્રહથી આકાશને પાણી પાઈ શાંત કર્યો. ત્યાર પછી ગિરધરકાકાને પાણી આપ્યું. તેમને હૈયે જરા ટાઢક વળી એટલે ગૌમુખી વળી પાછાં લોટો અને ગ્લાસ બંને યથાવત્ સ્થિતિએ મૂકવા જતાં હતાં તે જોઈ આકાશ સફાળો ઉભો થઈ ગયો અને તેણે પોતાની માના હાથમાંથી પાણી ભરેલો સ્ટીલનો લોટો અને ગ્લાસ લઈ લોટામાંથી પાણી કાઢી તેનાથી ગ્લાસ ભરી દઈ તે ગ્લાસ પોતાની માના હાથમાં ધરતાં બોલ્યો... મા હવે તું ના પડે તો તને તારા આકાશના સમ. તું તારા દીકરા આકાશને જીવતો જોવા...''

- આ સાંભળી ગૌમુખીએ આકાશના મોંઢા પર હાથ મૂકી દીધો. તે હઠથી આકાશ બોલ્યો : ''બા મને તારા અને બાપુજીના પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ છે, પણ તમે જાણી જોઈને હાથે કરીને પીડા વહોરી રહ્યાં છો. તમે લોકો પાછળથી પસ્તાશો હો... મને બે દિવસ વિચારવાનો સમય આપો. હું વ્યાસકાકા (ડૉ. મનુભાઈ વ્યાસ) ને મળી અને તેમની મારફતે મેનેજર સાહેબની (પંડયા સાહેબ)ની વિધવા દિકરી સ્નેહા અને તેના દીકરા જગતની પૂરેપૂરી તપાસ કરી ખાતરી કર્યા પછી હા કે ના નો ચોક્કસ જવાબ આપીશ. મા, મારી આટલી વાત માની પાણી પી લે તથા અન્ન-જળ ત્યાગનાં ત્વરિત પણે પારણાં કરો. આટલું ચરણામૃત પી જાઓ.'' અને ગૌમુખીએ પાણી પી લીધું



ત્યારે રડતાં રડતાં આકાશ બોલ્યો.

''જો જો હોં તમે આ વાતથી જરૂર પસ્તાવવાનાં છો...''

- ખૂબ ખૂબ દુઃખી એવી ગૌમુખીએ પોતાના જ દીકરાના મોંઢેથી તેના સંબંધના તેના પુનઃવિવાહ બાબત આ પ્રકારની વાત સાંભળી ત્યારે ગૌમુખીના હતાશ હૈયાને હૈયાધારણ મળ્યું, આશ્વાસન મળ્યું. ગિરધરકાકા પણ સંયમથી આકાશે જે કાંઈ કહ્યું તે સાંભળી લીધું. 'ભગવાન હરેકૃષ્ણ ગોવિંદ હરે મુરારે હે નાથ નારાયણ વાસુદેવ. પ્રભુને ગમે તે ખરું....' કહી બળતા હૈયાને થોડી ઠંડક મળતા તે બજાર તરફ જવા નીકળ્યા.

# ૧૧
# પ્રોફેસરનાં પુનઃલગ્ન

- પૂરતી ખાતરી અને તપાસ કરી લીધા પછી પ્રોફેસર આકાશ ભટ્ટે ડાકોર ટેમ્પલ કમીટીના મેનેજર શ્રી નરહરિભાઈ પ્રાણશંકર પંડ્યા સાહેબની એકની એક વિધવા દિકરી સ્નેહા સાથે સિવિલ મેરેજની વિધિ કરી પુનઃલગ્ન કરી લીધા.

- સ્નેહા પંડ્યા... !

આકાશની જિંદગીમાં વળી પાછો એક સ્ત્રી પાત્રનો ઉમેરો. સ્નેહા પોતાની સાથે પોતાના આગલા પતિથી થયેલ પુત્ર જગતને પણ લઈ આવી હતી.

- આકાશે પોતાની જિંદગીમાંથી શ્વેતા, રાહુ અને કેતુની બાદબાકી કરી ફરીથી સ્નેહા અને જગતનો સરવાળો કરી પોતાના જીવનગણિતને બરાબર કરવા યોગ્ય-રીતે ગોઠવવા પ્રયત્ન કર્યો હતો. ફરીથી બાજી ખેલી હતી. જો કે આ બધું કરવા પાછળ આકાશના સ્નેહી, સંબંધીઓ, સગાંવહાલાં અને આકાશનાં માબાપ તરફથી ખૂબ ખૂબ દબાણ હતું - ખૂબ ખૂબ જરદાર પ્રયત્નો થયા હતા.

- સ્નેહા પંડયા, એક લાગણીશીલ સ્વભાવની ઉદાર નારી.



- શરૂઆતથી જ પોતાની લાગણીવાળી વાણી, વર્તન અને વ્યવહારથી સ્નેહાએ આકાશના બા-બાપુજીને પોતાનાં કરી લીધાં હતાં. સ્નેહા પોતે એમ.એ. (ગુજ.)બી.એડ. હતી. અને જો ધારત તો તે નોકરી પણ કરી શકે તેમ હતી પણ તેના દૃષ્ટિબિંદુએ જીવન જીવવાની વ્યાખ્યા કાંઈ ઓર જ હતી.

- સ્નેહા પોતાના જીવનમાં પોતાનાથી બની શકાય તેટલી અને તેવી રીતે સામા માણસોને ઉપયોગી બનવું, તેમનું બધું જ કામ કરી છૂટવું, તેમના માટે પોતાની જાત પણ ઘસી નાંખવી અને હકીકતમાં સ્નેહા પોતે સ્નેહથી ભરપૂર એક સરિતા સમાન હતી. બીજી બધી નદીઓમાં પાણી શિયાળે-ઉનાળે સુકાવા માંડે જ્યારે સ્નેહામાં વહેતી સ્નેહની સરિતા બારે માસ ભરપૂર રહેતી. તેમાં કોઈપણ જાતની ઓટ કે ખોટ આવતી ન હતી. આકાશની જીંદગીમાં ખરેખર સ્નેહાના પુણ્યશાળી આગમનથી ઘણો મોટો આસમાન જમીનનો ફેર પડી ગયો હતો.

- ઘણી સ્ત્રીઓનો સ્વભાવ, તેમની રહેણીકરણી, બોલચાલ, વાણીવર્તન અને વ્યવહાર એટલાં બધાં રૂક્ષ, કર્કશ હોય છે કે સામે પક્ષે કોઈ લાગણીવળો, ભાવનાશીલ, પુરૂષ હોય તો તેના માટે જીવન જીવવું આકરું બની જાય છે.

- આકાશને ક્યારેક ક્યારેક શ્વેતા યાદ આવી જતી. ક્યારેક ક્યારેકે અકાળે મુરઝાયેલાં પોતાનાં બાળકુસુમો રાહુ અને કેતુની યાદ આવી જથી. તે તમામને યાદ કરીને આકાશ વળી પાછો ગમગીન બની જતો. દુઃખી બની જતો. સ્નેહ પોતાની ચકોર બુદ્ધિથી આ હકીકત પામી જતી અને સિગારેટ પર જામી ગયેલ રાખ જેમ

કોઈ સિગારેટ પીનાર દૂર કરે તેટલી જ સાહજિકતાથી સ્નેહા આકાશના માનસપટ પર જામી ગયેલા વિષાદને દુઃખની ઘેરી લાગણીઓને દૂર કરે દેતી.

- 'ચાલો રણછોડરાયજીના મંદિરે મંગળાનાં દર્શન કરવા' સ્નેહા કહેતી સ્નેહા આકાશને આગ્રહ કરતી. 'ચાલો ભગવાનને મળી આવીએ. બધા કહે છે કે ભગવાન તો આકાશમાં સમાયેલા છે. પ્રભુ ! સર્વવ્યાપી છે. જ્યારે તમે ભગવાનથી અલિપ્ત રહી, તમારી પોતાની ચોપડીઓમાં, પોતાની જ દુનિયામાં ખોવાયેલ રહો એ ભગવાનને અને મને કબૂલ મંજુર નથી. મને ગમતું પણ નથી.' સ્નેહા કહેતી.

- જગત નવ - દશ વર્ષનો હતો. જગતના દાદા, નરહરિભાઈ પંડ્યા જગતને ખૂબ ખૂબ વહાલ કરતા, લાડકોડ કરી પ્યાર કરતા, રમાડતા હતા. ઘણી વખત જ્યારે નરહરિભાઈ પંડ્યા - આકાશ પોતાના સસરાને પંડ્યા સાહેબ કહી બોલાવતો - જગતને લાડ, પ્યાર કરતા કરતાં દુઃખી બનીને 'હે ! ભગવાન તેં આ શું કર્યું. મારી દીકરીએ શું બગાડ્યું હતું તારું કે મારી દીકરીને દીકરો દઈ દીકરાના બાપને આ દુનિયામાંથી તારે ઘેર બોલાવી દીધો...'' પંડ્યા સાહેબના અંતરમાંથી ગરમગરમ આહ, નિસાસા નીકળી જતા. તે ડાકોરના ઠાકોર રણછોડરયજીને દર્શન કરતી વખતે ધણીબધી ફરીયાદો કરતા. પણ એવું સાંભળ્યું છે કે એકની એક જાતની ફરીયાદો સાંભળીને ભગવાનના કાન પણ ઓટોમેટીક (સ્વયંભૂ) બહેરા બની જતા હોય છે.

- સરકારી નોકરીમાંથી નિવૃત્ત થતાં એક વર્ષ અગાઉ પંડ્યા



સાહેબે અને તેમના ઘરવાળી પુષ્પાબહેને ખૂબ ખૂબ મહેનત કરીને પોતાનાથી શક્ય હોય તેટલી તમામ દિશાઓ ખૂંદી વળીને પોતાની લાડકવાયો એકની એક દીકરી - સ્નેહા માટે ગામ વડોદરા નિવાસી ઓચ્છવલાલ દવેનો એકનો એક દીકરો કૌશિક દવે કે જે સિવિલ એન્જીનીયર હતો અને ભવિષ્યમાં જાતજાતના પ્લાન ઘડ્યા હતા, અવનવા સ્વપ્નો રચ્યા હતા અને જીવન જીવવાની જાતજાતની તરકીબો વિચારી હતી તે કૌશિક દવે વડોદરામાં એક વર્ષમાં લખલૂંટ ખર્ચાઓ અને કૌશિકના બાપુજી ઓચ્છવલાલ પોતે વેપારી બિલ્ડીંગ મટીરિયલ્સ (સ્ટાઈલ્સ, હાર્ડવેર, સિમેન્ટ, સાગોળ) ના જાણીતા વેપાર હતા. વડોદરામાં સ્ટેશન રોડ પર શહેરની બરાબર મધ્યમાં 'દવે બ્રધર્સ એન્ડ કું.' ના નામની બિલ્ડીંગ મટીરીયલ્સની જાણીતી દુકાન કે પેઢી હતી. ઓચ્છવલાલ ભાઈ કનૈયાલાલ. બંને ભાઈઓ પોતાના સ્વતંત્ર ફલેટ બાંધીને રહેતા હતા. બધા જ માણસો સુખી હતા. પંડ્યા સહેબ તો ઈડરિયો ગઢ જીત્યા એમ જાણીને ફૂલીને ફાળકો બની ફરતા હતા. પંડ્યા સાહેબ મૂળ તો હતા વિરમગામ બાજુના પણ તેમની સરકારી નોકરી ઘણી ખરી વડોદરા ખાતે જ પૂરી થઈ. 'કોઠી બિલ્ડીંગ'માં આવેલી તમામ કચેરીઓ તેમના પગે અનેકવાર વટાઈ ચૂકી હતી.

- લેન્ડ રેકર્ડ ખાતામાં એક સર્વેયર તરીકે જોઈન્ટ થઈ તેઓ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ લેન્ડ રેકર્ડ ટૂંકમાં એસ. એસ. આર. સાહેબ વડોદરા વિભાગ તરીકે નિવૃત્ત થયા. તે દરમ્યાન પંડયા સાહેબે સારી એવી બચત કરી દીધી હતી. વિરમગામમાં પોતાનું મકાન તો હતું જ. એટલે ઘર બાંધવાની કોઈ માથાકૂટ હતી નહિ. પંડ્યા સાહેબ એકના

એક હતા એટલે બાપ-દાદાની મિલ્કત વહેંચાઈ જઈને મિલ્કત ઓછી જઈ જશે તે વાતની કોઈ ભીતિ કે ભય જેવું હતું જ નહિ. એટલે પંડ્યા સાહેબને એ વાતની સાવ શંતિ હતી.

- પુષ્પાબહેન ખૂબ જ ધાર્મિક સ્વભાવવાળા. ધર્મની ભાવના કેળવવી એ એક અલગ વાત છે જ્યારે વધારે પડતી ધાર્મિક ભાવના કેળવવી અને તેવો બાહ્ય દેખાવ કરવો તે બીજી અલગ વાત છે. પુષ્પાબહેનને વધારે ધાર્મિક ગણી શકાય. ખૂબ જ ચોખ્ખાં માણસ. આપણને ચોખ્ખા માણસની બહુ માયા-મમતા થતી નથી. સજ્જન હરિજન સમાનની ભાવના પુષ્પાબહેનના હૃદયમાં હોય જ ક્યાંથી ?

- નરહરિભાઈ પંડ્યા સાહેબ, પુષ્પાબહેન અને સ્નેહા એ સ્નેહાનું કુટુંબ. જ્યારે સ્નેહાના સ્વર્ગસ્થ પતિનું કુટુંબ ઓચ્છવલાલ કનૈયલાલ, કૌશિક દવે અને કૌશિકના માતૃશ્રી ધનલક્ષ્મી એ સભ્યોનો સમાવેશ થતો હતો. ઓચ્છવલાલે ઘરભંગ થયા પછી ફરીથી લગ્ન કર્યા ન હતાં. તેમને એક દીકરી પારૂલ અને દીકરો કૈલાસ બે હતા. પારૂલને અમદાવાદ પરણાવી દીધી પછી કૈલાસનું લગ્ન નડિયાદ અને કૌશિકનું લગ્ન વિરમગામવાળા નરહરિભાઈની દીકરી સ્નેહા સાથે નક્કી કર્યું પણ એ વાતની મઝા હતી કે કૈલાસના નડિયાદવાળા સસરા મનસુખભાઈ વ્યાસ અને વિરમગામવાળા નરહરિભાઈ પંડયા વડોદરામાં જ સ્થાયી થયા હતા. નરહરિભાઈ પંડ્યા - પંડ્યા સાહેબ સરકારી ખાતામાં નોકરી કરતા હતા જ્યારે મનસુખભાઈને વડોદરામાં સુરસાગરની પાછળ દાંડિયા બજારમાં મોટી કાપડની ‘શુટિંગ શર્ટિંગ અને સાડીઓની’ અવનવી વેરાઈટીઝવાળી ‘નવરંગ કલોથ સ્ટોર્સ’ નામની દુકાન હતી.



કહેનારે કહ્યું છે કે સુખનો સૂરજ સદાય તપતો રહેતો નથી. પ્રકાશની બીજી બાજુ પણ અંધકાર હોય છે જ. તે જ રીતે પંડ્યા સાહેબના જીવનમાં બન્યું. પોતાની દીકરીને વડોદરા મુકામે સારા ઠામ ઠેકાણે બેસાડી... નિવૃત્ત થયેલા પંડ્યા સાહેબ પ્રવૃત્તિમય જીવન ગળવા ઉત્કંઠેશ્વર મહાદેવ કમિટીના મેનેજર તરીકે રહેવા આવવા માટે ઉત્કંઠેશ્વર પોતાની પત્ની પુષ્પાને તેડીને રહેવા ગયા. માંડ વર્ષ ત્યાં વીત્યું હશે. કુદરતના મસ્ત વાતાવરણમાં અને પ્રભુના સાનિધ્યમાં નોકરી કરતા પંડ્યા સાહેબનો સમય કયાં અને કેવી રીતે વહ્યો જતો, કેમેય કરીને ખબર પડતી જ નહોતી. લગ્ન થયે દોઢ પોણા બે વરસ થયું એટલે સારા દા’ડા જતા હોઈ સ્નેહા પોતાના માબાપને ઘેર રહેવા આવી ગઈ. કૌશિક દવે સિવિલ એન્જિનિયર એટલે પોતાના પ્રાઈવેટ ધંધામાં અને બીજી બધી પ્રવૃત્તિઓમાં, દોડધામમાં મશગૂલ રહેતો. સમૃદ્ધિની પળો વચ્ચે આ રીતે બધાં જ સુખી હતા.

- એકાએક ‘જગત’નો સ્નેહાને પુત્રજન્મ થયો. જગતે જગત પર પગ મૂક્યો પણ જગતનું જગત પરનું આગમન બધા માટે અપશુકનિયાળ બન્યું. જગતના જન્મના ત્રીજા દિવસે કૌશિક દવેને હાર્ટએટેક આવ્યો. તેમનું હાર્ટફેઈલ થઈ ગયું. અને કૌશિક દવેએ જગત છોડી દીધું. પોતાના વહાલસોયા પુત્રનું મોં જોવાની ઝંખના ધરાવતો બાપ કૌશિક છોકરાનું મોં જોયા વગર જ જગતને છોડીને ચાલ્યો ગયો. એ જગતની ભારે કમનસીબી હતી. જગતના જન્મથી આનંદ-ઉલ્લાસ વરતાવવાના બદલે વાતાવરણ શોકમગ્ન બની ગયું. સ્નેહાનો સુમધુર સંસાર ઉજડી ગયો. સ્નેહા વિધવા થઈ, સ્નેહાના

સાસરી પક્ષવાળાને અપશુકનિયાળ બાળક જગત પ્રત્યે અભાવ, અણગમો થઈ ગયો. પંડ્યા સાહેબ અને પુષ્પાબેહનના માથે જાણે આભ તૂટી પડ્યું ! દુઃખના ડુંગરો ઉતરી આવ્યા. પુરુષપાત્ર પંડ્યાસાહેબે ગમેતેમ આ કાળમુખો ઘા ભારે હૈયે જીરવી લીધો પણ કોમળ હૃદયનાં ભાવનાશીલ પુષ્પાબહેન પોતાની દીકરીનું દુઃખ ન જોઈ શક્યાં. એટલે જમાઈના મૃત્યુ પાછળ ચાર મહિનામાં પુષ્પાબહેન પણ પરલોકધામ સિધાવી ગયા...

- પંડ્યા સાહેબની દેખભાળ રાખવા માટે અને પોતે તેમની દીકરી નથી પણ તેમનો દીકરો છે એવું દઢપણે માનતી હોવાથી સદાયસેવા કરવાનો સ્વભાવ ધરાવતી સ્નેહા પોતાના દીકરા જગતને લઈને પોતાના બાપુજીની જોડે ઉત્કંઠેશ્વર મહાદેવના મેનેજર તરીકે કામ કરતા પંડ્યા સાહેબને મળેલા કવાર્ટસમાં રહી. પડોશીવાળા, સ્નેહાના સસરાપક્ષેથી બધા આવતા જતા રહેતા પણ તેઓએ પોતાની માયા ઓછી કરી દીધી. સ્નેહાનું એક જ જીવનલક્ષ્ય બની ગયું કે જગતને ભણાવવો, ગણાવવો હોશિયાર બનાવી તેનામાં સારા ગુણોનું સિંચન કરવું... શરૂઆતના ચાર પાંચ વર્ષ ઉત્કંઠેશ્વર મહાદેવની છત્રછાયા હેઠળ જતાં રહ્યાં પણ પાછળથી પંડ્યા સાહેબને સ્વભાવને લીધે મહાદેવના ટ્રસ્ટીઓ તથા વહીવટકર્તાઓ સાથે ફાવ્યું નહિ. જેથી એ લોકો કહે તે પહેલાં જ પોતે ચોથિયું ફાડી દઈ (રાજીનામું આપી) ડાકોર ટેમ્પલ કમિટીના મેનેજર તરીકે હાજર થઈ ગયા. તે વખતે જગતની ઉંમર માંડ છ વર્ષની રહે.

- ડાકોર આવી સ્નેહા આકાશના પુનઃલગ્નનો યોગાનુયોગ હશે તો તે કહો તો તે પણ આ બાબતે વડોદરાના સાસરી પક્ષે કાંઈ



વાંધો, અડચણ કે જગતના ઉછેર વિશે પણ કાંઈ ભાંજગડ કે માથાકૂટ કરી નહિ એટલે પંડ્યા સાહેબે પોતાની દીકરી સ્નેહનાં પુનઃલગ્ન પ્રોફેસર આકાશ સાથે કરી દીધાં. ઉપરવાળો પ્રભુ ! કેટકેટલા સંબંધો બંધાવે છે અને કેટકેટલા સંબંધો વિચ્છેદ કરી નાંખે છે. એ જ ભગવાનની મોટી લીલા છે. આકાશના બાપુ ગિરધરકાકા અને પંડ્યા સાહેબ વચ્ચે ગાઢ સંબંધ થઈ ગયો. અને એકબીજાના વેવાઈ પણ બન્યા. પછી બંને જણા એકબીજાની ખૂબ ખૂબ નજીક આવી ગય હતા.

- સ્નેહા અને આકાશ.... જગત માટે આકાશના મનમાં કોઈ જાતનો મતભેદ હતો જ નહિ. જગતને જોઈને આકાશને પોતાનો દીકરો રાહુ યાદ આવતો હતો એટલે જગત માટે આકાશના મનમાં માયા મમતા જાગી. આકાશની બા ગૌમુખી અને બાપુજી ગિરધરકાકા જગતને ખૂબ ખૂબ વહાલ કરતાં ખૂબ હેતથી રાખતાં. જગતના દાદા જગતને દુકાને લઈ જતા. જગતને ભણવાનું હવેથી ચાલુ થતું હતું. પાંચ-છ વર્ષના જગતને હવે એકડો ઘૂંટવાની શરૂઆત કરી દીધી હતી.

- ડાકોરના નગરજનો ઘણી વખતે આકાશને જોઈ શ્વેતા અને આકાશની જોડી માટે જે વાતો કરતા તેવી વાતો આકાશ અને સ્નેહાની તથા સ્નેહાના પુત્ર જગતની ત્રિપુટી જોઈ કરતા હતા. જમાનો બદલાઈ જાય તેમ જમાનાની વાતો પણ બદલતી રહેતી હોય છે.

ફરી પાછી એ જ અદાથી ગિરધરકાકાની 'સ્વીટ માર્ટ એન્ડ ફરસાણ હાઉસ' ધમધોકાર ચાલતી થઈ ગઈ. કાકાની ઉંમર હવે

૬૦ થી ૬૫ ઉપરની થઈ હતી. તેમ છતાં તેમને હૈયે જીવન જીવવાનો આનંદ ઉમંગ-ઉલ્લાસ પેદા થયો હતો. આકાશ પણ પોતાની નોકરીમાં પોતાના કુટુંબમાં પોતાને સમય મળે તો તે વખતે દુકાનને લગતા કામકાજમાં ખોવાઈ જતો, પરોવાઈ જતો, તલ્લીન બની જતો. હાશ ! હૈયેથી મણમણ ભાર હળવો થઈ ગયો. બોજો દૂર થઈ ગયો. ગૌમુખી  વિચારતાં. ગૌમુખી ક્યારેક ક્યારેક અનસૂયાને, શ્વેતાને સ્મિતાને યાદ કરી 'હે પ્રભુ ! તમે ગમ્યું તે ખરું ?' કહી નિશ્વાસ નાંખી નવા વાતાવરણ વચ્ચે પોતનો જીવ પરોવી દેતા. આમ સંસારચક્રના પૈડા ગતિમાન અવસ્થામાં રોકટોક વગર દોડ્યા કરતાં હતાં બધાંયનાં.



## ૧૨
## ગિરધરકાકા ગયા-ગૌમુખીની વિદાય

- પોતાના દીકરાને જ સુખી જોવા માટે અને પોતાની દીકરાની લીલીવાડી જોવા માટે જ જાણે જીવતા ન હોય ? તે પ્રમાણે આકાશના ઘરે નાનકડા ચિરાગનું આગમન થયા બાદ બે મહિનામાં ગિરધરકાકા પ્રભુધામ પહોંચી ગયા. તેમની હજી પૂરેપૂરી ક્રિયાવિધિ - કારજપાણી પૂરાં થયાં ન હતાં ત્યાં તો ગૌમુખી પણ ગિરધરકાકાની પાછળ પાછળ વૈકુંઠવાસ બની ગયાં.

- પ્રોફેસર આકાશે પોતાનાં માબાપની છત્રછાયા ગુમાવી એટલે એ તો ખૂબ ખૂબ રડ્યો. વડલાની ડાળીઓમાં માળો કરીને રહેતાં પંખીઓ જે જાતનો કલરવ કરીને પોતાની જીંદગી ગુજારતાં હોય છે તે જ જાતનું જીવન પ્રોફેસર આકાશે આજદીન સુધી ગુજાર્યું હતું, વડલાને ટાઢ, તડકો, વરસાદ કે વાવાઝોડું ખમવાની તૈયારી રાખવી પડે છે અને ગમે તેવા સંજોગો હોવા છતાં પોતાના આશ્રયે રહેતા પંખીઓને તે જાકારો નથી આપતો. તે જ પ્રમાણે વડલા

સમાન માબાપને આશ્રયે રહેલાં બાળકોની જિંદગી હોય છે. પોતાનાં બાળકો ગમે તેવાં મોટા બની ગયાં હોવા છતાં પોતાનાં બધાં બાળકોની મોટા દીકરા દીકરીઓના સુખ સગવડ અને સલામતીની ચિંતા જે રીતે વડીલ માબાપો રાખતા હોય છે તેનાથી સવિશેષ ચિંતા બીજું કોણ રાખે ?

- આકાશને પોતાના ભર્યાભાદર્યા ઘરમાં હવે એકલું એકલું જ લાગતું હતું. મા-બાપની વિદાય આકાશના અંતરને અવરનવાર સતાવતી હતી. રડાવતી હતી. જો સ્નેહાનો સુમધુર, સુંવાળો, હુંફાળો સંગાથ ન મળ્યો હોત તો આકાશ ક્યારનોય વિચારો ને વિચારમાં પાગલ, અર્ધપાગલ બની ગયો હોત.

- નરહરિભાઈ પંડ્યા સાહેબે હવે ગિરધરકાકાના સ્થાને મુરબ્બીનું સ્થાન લીધું હતું. પંડ્યા સાહેબ પોતે પોતાની દીકરી ભેગા રહેવા અવી ગયા હતા. તેમને દીકરીનાં બંને સંતાનો જગત અને ચિરાગની ખૂબ ખૂબ માયા લાગી હતી. લગની લાગી હતી. તેમને હવે બાળકો માટે ખૂબખૂબ હેત ઉભરાઈ જતું હતું, પંડ્યા સાહેબ ઘણી વખત પોતાના બંનેય ભણાઓને લઈને ભગવાનનાં દર્શન કરવા જતા અને તેઓ કાયમ ભગવાનના ધામમાં જ રહેતા હતા કારણકે કે તેમની નોકરી જ મંદીરમાં હતી.

- ક્યારેક એકલતાથી થાકેલો, હારેલો અટૂલો પડી ગયેલો આકાશ પોતાનું સ્કૂટર લઈ બંનેય છોકરાંને બેસાડી ગળતેશ્વર બાજુ ફરવા લઈ જતો અને ભોળા ભગવાન શંકરને મળી આવતો. કોઈક કોઈક વખત સ્નેહા પણ તેને સાથ આપતી. જ્યારે આકાશ પોતાની



દુકાને જતો ત્યારે દુકાને પોતાના બાપુની યાદ આવી જતી. આકાશ ફિક્કો પડી જતો.ઉદાસ બની જતો. આકાશે તેથી જ કરીને પોતાની દુકાન પોતાના ખાસ માણસને ભાગીદારીમાં આપી હતી. બાબુલાલ જ 'ગિરધરભાઈ દવે સ્વીટ માર્ટ એન્ડ ફરસાણ હાઉસ' ચલાવતા. આકાશ પોતાની નોકરીમાં સમય મળતાં પોતાના બે પુત્રો જગત અને ચિરાગને લઈ દુકાનેથી મેવા-મીઠાઈ-ફરસાણ અપાવી રણછોડરાયના દર્શન કરી બજારમાં ચક્કર મારી પોતાના ઘરે પાછો આવતો.

- શ્વેતાના એકાએક ચાલ્યા જવાથી બહાવરા બનેલા આકાશે પોતાનું મિત્ર વૃન્દ ઘટાડી નાખ્યું હતું. તે પોતાની કોલેજમાં જ ખપપૂરતી વાતો કરતો, જયરે કોલેજ બહાર પોતાના ઘર, કુટુંબ પ્રત્યે જ વધરે સમય, રસ લેવામાં આકાશ તલ્લીન બની જતો. ખરેખર આકાશના જીવનમાં મહામૂલું, અનોખું પરિવર્તન આવી ગયું હતું. પહેલાંનો આકાશ અને આજનો આકાશ ધીરગંભીર લાગતો પ્રોફેસર આકાશ બિલકુલ બદલાઈ ગયો હતો.

- લાંબી લંબી દાઢી, મૂછો, ભરાવદાર, મુખપ્રદેશ, સફેદ કફની (પહેરણ) અને સફેદ લેંઘામાં સદાય શોભતો. આકાશના દિલની વાત આકાશ જ જાણે કે તેના દિલમાં કેટકેટલાં તોફાનો ઉઠી રહ્યાં હશે ?

- મા-બાપની યાદ..... !

- મરી ગયેલા પુત્રોની દુઃખદાયક યાદ !!

- શ્વેતા... ખોવાયેલી શ્વેતાની યાદ ! આ બધાની કોને ફરિયાદ ? મારી જિંદગી થઈ ગઈ બરબાદ ! કયારેક ક્યારેક આકાશ મૂંઝાતો રહેતો.

- સ્નેહા પોતાની યથાશક્તિ પ્રમાણે આકાશને મદદરૂપ બનત. આકાશના સુખદુઃખમાં પડછાયો બનીને સાથ સહકાર આપતી આકાશને ક્યારેય કોઈપણ વાતનું દુઃખ ન પહોંચે એ હકીકતની પૂરેપૂરી દરકાર રાખતી, કાળજી રાખતી.

- પોતાના બે બાળકો જગત અને ચિરાગનો ઉછેર કરવા પાછળ સ્નેહા પોતાનો સારો એવો સમય ગાળતી. મોટો જગત હવે સ્કૂલે જતો હતો.

- આકાશની મોર્નિંગ કોલેજ હતી. આકાશ માટે બધી જ ચીજ વસ્તુઓ તૈયાર કરતી. આકાશ તૈયાર થઈ પરવારી કોલેજ જાય એટલે પછી બાળકોની શુશ્રુષા પાછળ સ્નેહા સમય કાઢતી. મોટા જગતને નિશાળે મોકલી નાનકડા દોઢ વર્ષના ચિરાગને નવડાવી, ધોવડાવી સૂવડાવીને પછી સ્નેહા રસોઈ કામકાજમાં વળગી જતી. અને તે પતાવી રહેતી વચ્ચે વચ્ચે સમય મળતાં તો તે વખતે પોતાના બાપુજીના નાહવા-ધોવાની તથા બીજા બધા કામકાજમાં મદદ કરતી. બાપુજી મોટો સમય તો મંદિરમાં જ ગાળતા. પણ એ ઘરે હોય ત્યારે ફેરાઆંટા ખાવાનું કામ અને અમેને જરૂરી ચીજવસ્તુઓ તે લઈ આવતી. શાકભાજી માટે અને દેવદર્શન કરવા તે બજારમાં જઈ આવતી અને બપોર થઈ જતા એટલે મોટો જગત સ્કૂલે જાય અને આકાશ કોલેજથી મોડો વહેલો ઘરે આવે એટલે આકાશની સેવામાં



સ્નેહા પોતાનો સમય ગાળતી.

- નવરાશનો સમય સ્નેહા અવનવી વાનગીઓ બનાવવામાં, ભરતગૂંથણમાં વગેરે કામગીરીમાં પસાર કરતી.

- આકાશ હવે ખૂબખૂબ ઓછું બોલતો હતો. તે જરૂર પૂરતું જ બોલતો અને ભાગ્યે જ સ્નેહાને બોલાવતો. આકાશને લગભગ પોતાનાં બધા કામ પોતાની જાતે જ કરવાની આદત પડી ગઈ હતી.

❁

# ૧૩

# પ્રોફેસરનો ઘરસંસાર

- 'સ્નેહા શું વિચારે છે ?' આકાશ ઉવાચ.

- 'કાંઈ નહિ...' દૂર દૂર ક્ષિતિજ પર નજર કરી રહેલી સ્નેહાએ કહ્યું.

- 'ના રે ના, હું ખૂબ જ સુખી છું. મારે શું ખોટ છે ? બે દેવના દીધેલ દીકરા છે. તમારા જેવો ભણેલો ગણેલો ગુણિયલ પતિ મળ્યો છે. ધન - દોલત, સુખ, સમૃદ્ધિ છે, સુખશાંતિ, સંતોષ છે. ખરેખર હું ખૂબ જ સુખી છું.'

- 'સ્નેહા, એ બધી વાતો ખોટે ખોટું સાંત્વન છે. આશ્વાસન સમાન છે. ખરેખર તું સુખી છે ? પહેલાં કૌશિક સાથે ખરેખર શું સુખી ન હતી ? એ તો કુદરતી કરવતે તારા સુખની દોરી કાપી નાંખી અને તને વિધવા બનાવી.. અને .. બોલતો બોલતો... આકાશ અટકી ગયો... આકાશે ફરીથી કહેવું શરૂ કર્યું. 'ખરેખર કહું તો મારું મન પણ ભટક્યા કરે છે, રખડવા માંડે છે. મારો પહેલી વખતનો સુખી સંસર ઉજડી ગયા પછી મારા જીવનનો બગીચો સહરાના રણ સમો બની ગયા પછી, સાચું કહું તો મારા મનને મારા



આત્માને જરાપણ શાંતિ નથી. સંતોષ નથી. આરામ નથી. મારું મન બહાવરું બનીને કોઈ માંકડની અદાથી આમથી તેમ ભટક્યા કરે છે...'

- 'તમારી પોતાની એવી વાત હશે, મારા મનમાં હજી એવી લાગણી જન્મી નથી..'

- 'જવા દે ને હવે, કોઈપણ હકીકતની ખોટી રજૂઆત કરવાથી શો ફાયદો છે ? તમે સ્ત્રીઓ એ બાબતમાં ખૂબ જ પાવરધાં હોય છે ! અને તમને કુદરતી રીતે એ કળ હસ્તગત થઈ ગઈ છે. પણ અમો પુરુષો ખોટી બનાવટી રજૂઆતમાં માનતા નથી. મેલાં કપાડં હોય પછી બહારથી સફેદ આંચલ ફરકતો રાખવાથી શો ફાયદો' કહી આકાશ મહાપરાણે હસ્યો

- 'એ વાત ખરી છે પણ માનવીએ મન મજબૂત બનાવીને, પ્રતિકુળ સંજોગોને અનુકૂળતામાં ફેરવી દઈ જીવનને જીવી જાણવું જોઈએ...'

- 'સ્નેહા, એ બધી વાતો કહી સંભળાવવામાં સરસ લાગે છે. મીઠી લાગે છે જ્યારે જાતે અમલ કરવાનો થાય ત્યારે તે જ હકીકત ઝેર સમાન કડવી લાગે છે....'

- 'વારું તમને જીવનનો શો મતલબ લાગે છે?'

- 'કાંઈ નહિ, બસ શૂન્યાવકાશ' શૂન્યમાંથી આપણું સર્જન થયું છે. આપણે બધાં શૂન્યની આજુબાજુ રમ્યા કરીએ છીએ અને અંતે આપણા દેહનો વિલય થતાં આપણી કાયા ફરી પાછી શૂન્ય બની જઈને ઉંચા ઉંચા આકાશમાં ભળી જાય છે ! એ જ આપણા જીવનનો મતલબ છે. અર્થ છે, હેતુ છે. સાચે જ આપણી જિંદગીનો

કાંઈ અર્થ નથી, શૂન્યાવકાશ●સિવાય...'

- 'તમારી વાતચીત પરથી તમો નિરાશાવાદી લાગો છો. માનવીએ પોતાને મળેલા અમૂલ્ય સમયનો સદ્‌ઉપયોગ કરતાં શીખવું જોઈએ. આશાવાદી બની આંખોમાં અનેકાનેક પ્રકારનાં સ્વપ્નો સજીને તે સજેલા સ્વપ્નોને પૂર્ણતાના આરે પહોંચાડવા સતત પ્રયત્નશીલ બનવું જોઈએ.'

- 'સ્નેહા, સ્વપ્નોને સળગાવી દઈએ તો રાખ થાય ખરી ?'

- 'આકાશ સાચું કહું, મેં મારી જિંદગીમાં મારાં સ્વપ્નોને કોઈ દિવસ સળગાવ્યાં નથી. અને બીજાએ જોયેલાં સ્વપ્નો વહેલી તકે પૂર્ણતાના આરે પહોંચે તે માટે મેં સદાય, પ્રભુને પ્રાર્થના કરી છે. જેથી સ્વપ્નો સળગતાં હશે કે કેમ●? અને સ્વપ્નો સળગે તો તેની રાખ થતી હશે કે કેમ ? એની મને ખબર નથી.'

- 'અરે વાહ ! તું તો કોઈ કવિની જેમ સરસ સરસ કવિતા કરી જાણે છે.'

- 'જા...ને...મને તો કવિતા કે સવિતા કે બીજા કોઈમાં રસ નથી. હું તો વાસ્તવિકતામાં માનું છું. સનાતન સત્યને માનું છું. કારણકે કલ્પનાની સપાટી હેમંશા લીસી હોય છે, સરકતી હોય છે. જ્યારે વાસ્તવિકતાનો પાયો, વાસ્તવિકતાની બુનિયાદ હંમેશાં કઠોર, ખરબચડી અને રૂક્ષ સપાટી પર જ હોય છે. કલ્પનાના ઘોડે ચડી ઘોડાની પાંખ વિહાર કરે અને બદનસીબે કલ્પનાના ઘોડાની પાંખો તૂટી જાય ત્યારે નિરાશાવાદી બની જવું તેના કરતાં હું વસ્તવિકતાન ભાગેલા તૂટેલા વસ્ત્રોને સાંધીને, ઘોડાની મદદથી ધીમે ધીમે પણ સ્થિર અને અવિરત ગતિમાં જ માનું છું. ખરેખર આનંદ તો તેમાં જ



છે !' સ્નેહા બોલી અને તેણે ઘડિયાળ સામે જોયું.

- 'ઘડિયાળ જોવાથી કશો ફાયદો નથી સ્નેહા.... સમય કોઈનો થયો નથી અને થવાનો પણ નથી એ ક્યારે હાથતાળી દઈ ભાગી થશે તેની તને મને કોઈને ખબર પડશે નહિ.' આકાશ હસ્યો. 'મને ખબર છે પણ હવે ઘરે જવું જોઈએ...'

- 'ઘરે જવું જોઈએ એમ લાગે તો ચાલો... જઈએ...' કહી નદિ કિનારે રેતી ઉપર બેઠેલો આકાશ ઉભો થયો.. અને તે સાથે સ્નેહા પણ ઉભી થઈ. બંને જણાં મહાદેવનાં (ગળતેશ્વર) મંદિર તરફ ચાલતાં થયાં.

- ગળતેશ્વર મહાદેવનાં દર્શન, પૂજાવિધિ પતાવી બંને જણાં પાર્ક કરેલા સ્કૂટર તરફ ચાલી નીકળ્યાં...

- મહીસાગર નદી... મહીનો પટ સાગર જેવો લાગે છે એટલે મહીસાગર કહે છે. ચોમાસામાં આ નદી દરિયા જેવી લાગે છે. વિશાળ પટમાં ઉછળી રહેલાં મોજાંઓ જોઈને મહાદેવના - શંકર - શંભુના દર્શનાર્થે આવેલા પવિત્ર ભાવિકોના હૃદયમાં પણ આનંદનાં મોજાં ઉછળી રહે છે... મહી નદીના પટમાં મોટામોટાં હાથીના નાના મદનિયાં જેવા કાળમીંઢ પથ્થરો, ખડકો પણ દેખાય છે... અહીંનું વૈવિધ્ય ઝાડ, પાન, વેલ, ફળ, ફૂલ, પથ્થર વગેરે વગેરેમાં પથરાયેલી કુદરતની અપાર લીલા આપણા હૃદયને ભાવવિભોર બનાવી દે છે.

- સ્નેહા, આકાશ આ કુદરતી સૌદર્યનું પાન કરી ઘર તરફ પાછાં ફરી રહ્યાં હતાં. ત્યારે બીજી બાજુ જગત અને ચિરાગને નરહરિભાઈ પંડયા સાહેબ સમજાવતા હતા, પટાવતા હતા. કહેતા

હતા.

- 'બેટા ચિરાગ, હમણાં તારા પપ્પા-મમ્મી આવી જશે હો...'

- 'બેટા જગત તું તો ચિરાગ કરતાં મોટો છે. મોટાભાઈઓ તો વળી રડતા હશે ? કકળાટ કરતા હોય ? આપણે તો બસ ખાવાનું, પીવાનું અને કરવાની હો...'

આવુ હતું પ્રાફેસર આકાશનું ગૃહજીવન !

❀



## ૧૪
## શ્વેતા મળી

- ઘણી વખત ખૂબખૂબ મુશ્કેલ, દુર્લભ જણાતી ચીજવસ્તુ, સરળતાથી, સરળ રીતે, સહેલાઈથી, ચપટીમાં જ મળી જાય ત્યારે હૈયાને અનહદ આનંદ થયો હોય છ, આનંદની કોઈ સીમા કે પરિસીમા હોતી નથી... ! માનવીની કલ્પનામાં ય ન હોય તેટલી સરળતાથી મળી જતી ચીજવસ્તુઓને ભેટ તરીકે, ભગવાનની અમીદષ્ટિથી મળેલ અણમોલ ભેટ તરીકે સ્વીકારી લેતાં માનવીને અપાર આનંદ થતો હોય છે; એ એક સર્વસામાન્ય અને સાચી હકીકત છે.

- આકાશને પણ આમ થયું.

- આકાશનું ઘર છોડ્યા પછી શ્વેતા ઝડપતી બસ સ્ટેન્ડે આવી ગઈ. સવારના પાંચ વાગ્યે ડાકોરના બસ સ્ટેન્ડથી અમદાવાદ, સંતરામપુર, દ્વારકા, વડોદરા અને ખંભાત જવાની બસો લગભગ ઉપડવાની જ તૈયારીમાં ઉભી હતી....

- શ્વેતાના મનમાં એકાએક એમ થઈ ગયું કે 'ચાલ રે જીવ વડોદરા તરફ લટાર મારી આવીએ' વિચાર કરીને શ્વેતા ડાકોર

વડોદરાની બસમાં બેસી ગઈ.... કંડકટરે શ્વેતાને વડોદરા માટેની બસની ટિકિટ આપી. શ્વેતા બસમાં બેઠીબેઠી હવે આગળ શું કરવું ? તેનો વિચાર કરતી બેઠી હતી, બસમાં સાથેના સહપ્રવાસીઓ ડાકોરના રણછોડરાયના મંદિર દર્શનથી પાવન બની ગયા હતા અને ભગવાનના દર્શનનો અનેરો લાભ મળેલ હોઈ તે અંગેની ચર્ચા કરવામાં પોતાના કુટુંબીજનો સાથે મશગૂલ હતા. શ્વેતા બે બેઠકની સીટમાં એકલી એકલી બેઠી હતી.

- દુનિયામાં માનવી એકલો જ જન્મતો હોય છે અને એકલો જ સ્વયંસંચાલિત રીતે પોતાની જાતે દુનિયામાં મોટો થાય છે. તે હરેફરે છે, અને શ્વાસોચ્છ્વાસ પણ એકલો જ. આ બધી ક્રિયા - પ્રક્રિયામાં કોઈ કોઈને સાથ આપતું નથી. જન્મ, લગ્ન મૃત્યુની પ્રક્રિયાઓ પોતે જાતે જ એકલાએ જ કરવાની હોય છે. તેમાં કોઈની ભાગીદારી કે ભાઈબંધી પોસાય નહિ. શ્વેતા દશથી વીસ પેસેન્જરોની બસમાં એકલી બેઠી હતી. સાવ એકલી. બસ ચાલુ થઈ અને કંડકટરે જ્યારે બે બેલ વગાડ્યા ત્યારે શ્વેતાની આંખો આંસુથી ઉભરાઈ ગઈ. શ્વેતાની આંખમાં ઝળહળિયાં આવી ગયા.

- બસ... વડોદરા તરફ દોડતી જતી હતી. .. ભાગતી હતી.

- ગતિ વગરનું જીવન નકામું છે... મશીનમાં ચાલતાં યંત્રો ગતિમય ન હોય અને પડી રહે તો તે વખતે લાંબો સમય જતાં કાટ ચડીને તૂટી જાય છે... કોઈપણ જાતની પ્રવૃત્તિ, ક્રિયા, પ્રક્રિયાઓ વગરનો માનવમાત્ર કોઈ કામનો નથી. પ્રમાદી માનવીના અંગ - ઉપાંગો કામકાજ વગર, પુરૂષાર્થ વગર પાંગળાં થઈ જાય છે.. માનવીનાં તેજ, તત્તવ, બળ, બુદ્ધિ અને સ્ફૂર્તિ ટકાવવા માટે ગતની



ખાસ જરૂર છે. ગતિવંત ઘોડો જ્યારે એકાએક અટકી જાય છે, પડી જાય છે, સરકી જાય છે ત્યારે તે વખતે તે ઘોડાનાં અંગ, ઉપાંગો, હાડકાં તૂટી જાય છે.

- શ્વેતા જે બસમાં હતી તે બસની ગતિ વડોદરા બસસ્ટેન્ડે જઈને અટકી. શ્વેતા વિચારતંદ્રામાં ડૂબી હતી, વિચારોનો રત્નાકર શ્વેતાને પોતાનાં મોજાં પર રમાડી રહ્યો હતો. જાતજાતના વિચારોથી ભરપૂર એવી શ્વેતા જ્યારે બસની ગતિ અટકી ત્યારે વાસ્તવિકતાની ભૂમિ પર આવી ગઈ.

- શ્વેતાએ ચમકીને જોયું તો હજુ સાડા આઠ વાગ્યા હતા. હવે શું કરવું ? ક્યાં જવું ? કોનો સહારો લેવો ? વગેરે પ્રશ્નો શ્વેતાના મનમાં ઉભરાતા હતા. વડોદરા એસ.ટી. મથક મુસાફરોથી ખદબદતું હતું. માનવમેદનીથી ભરપૂર હતું. જ્યાં જુઓ ત્યાં દોડાદોડ, ધક્કામૂકી, શોરબકોર અને ઘોંઘાટનું વાતાવરણ નજરે પડતું હતું. વડોદરાના એસ.ટી મથકની બંને બાજુએ લાઈનબંધ ગોઠવાયેલી એસ.ટી. બસે જાણે કોઈ દોડતી હરીફાઈમાં ભાગ લેનાર હરીફો રેફરી સીટી વગાડે ત્યારે દોડવાની તૈયારીમાં હોય તે રીતે પોતાની મંઝિલે પહોંચવાની તૈયારીમાં બિલકુલ તૈયાર થઈને ઉભી હતી. જે બસમાં પેસેન્જરો ગોઠવાઈ ગયા હતા તે બસના પેસેન્જરો ક્યારે બસ ઉપડે તેની રાહ જોતા હતો બાકીના બસવાળા પેસેન્જરો બસમાં 'વહેલો તે પહેલો' ચડવાની ગડમથલમાં પરોવાયા હતા.

- ડાકોર-વડોદરા એકસપ્રેસ બસ વડોદરાના એસ.ટી. બસસ્ટેન્ડમાં આવી અને બસના પેસેન્જરો ઉતરવા માંડ્યા. છેક છેલ્લા

શ્વેતા ઉતરી અને બસમાંથી ઉતર્યા પછી હવે શું કરવું ? ક્યાં જવું એ બધી હકીકતનો શ્વેતા વિચાર કરી રહી.

- માનવી મન એક મુસાફર છે. માનવીના જન્મની સાથે જ તેની મુસાફરી શરૂ થઈ જાય છે, જન્મેલ માનવીનાં બાળપણ, યૌવન, વૃદ્ધાવસ્થા એ બધી જાતજાતની અવસ્થાઓ મુસાફરી વખતે આવતા 'સ્ટોપેજ' છે. મુસાફરીનો અંત માનવીના મોતની સાથે જ આવે છે. મૃત્યુ એ માનવીની મુસાફરીનું પૂર્ણવિરામ છે.માનવીની મુસાફરી કોણ-કયારે ક્યાં આગળ જઈ અટકશે ? એની કલ્પના કરવી મુશ્કેલ છે. કઠિત છે. 'કેમ શ્વેતા ! તમે અહીયાં ક્યાંથી ?' પાછળથી કોઈએ શ્વેતાને નામ દઈને પૂછયું. તે વખતે આ તદ્દન નવા જ પ્રકારના શહેરમાં જયાં કોઈ જાતની ઓળખાણ નથી તે શહેરમાં વળી 'મને નામ દઈ કોણ બોલાવી રહ્યું છે ?' તે વિચારતાં આશ્ચર્યમાં ગરકાવ બની ગઈ. શ્વેતાએ પાછું વળીને જોયું...

- 'અરે ! ક્ષિતિજભાઈ તમે અહીંયાં ક્યાંથી ? શ્વેતા પણ ક્ષિતિજભાઈને ઓળખતાની સાથે જે બોલી ઉઠી....!'

'એક સંબંધીને ત્યાં લગ્નપ્રસંગે આવ્યો હતો. એટલે અહીંયાં વડોદરા આવ્યો. બાકી અમે બધાં તો હાલ સુરતમાં રહીએ છીએ. મારી બદલી થયે ત્રણ વર્ષ થયાં એટલે છેલ્લા ત્રણ વર્ષથી અમે સુરતમાં રહીએ છીએ.

'કૌમુદીબહેન શું કરે છે ? ધ્રુવ કેવો છે ?' શ્વેતા ઉવાચ.

'કૌમુદી મઝા કરે છે... ધ્રુવની તબિયત ખૂબખૂબ સારી છે. હવે તો તે સાતમા ધોરણમાં આવ્યો. ભણવામાં ખૂબ જ હોશિયાર છે. હા...' જ્યારે ક્ષિતિજે જવાબ આપ્યો ત્યારે...' મારો કેતન પણ


આજે હયાત હોત તો સાતમાં ધોરણમાં હોત. વિચારી શ્વેતાની આંખમાં ઝળહળિયાં આવી ગયાં. શ્વેતા શાંત, શૂન્યમનસ્ક, બનીને કોઈ આરસપહાણની મૂર્તિની જેમ ઉભી રહી.

- 'શ્વેતાબહેન તમે ક્યાંક ખોવાઈ ગયાં કે શું ? તમારો બાબો કેતન શું કરે છે ? મારા ધ્રુવની બરાબરનો એટલે... મારા ધ્રુવની જેમ તે પણ સાતમા ધોરણમાં હશે બરાબરને ? માળા બંને ખૂબજ તોફાન કરતા હતા હોં...' સ્વભાવિક રીતે નિર્દોષતાથી ક્ષિતિજ બોલ્યે જતો હતો. જયારે શ્વેતાની દુઃખથી છાતી ચિરાઈ જતી હતી. ક્ષિતિજની વાતને સાંભળી સાંભળીને શ્વેતાની આંખો ભરાઈ આવી અને તે ડૂસકે ડૂસકે રડવા માંડી.

- માનવીના હૈયામાં જ્યારે દુઃખભરી કથની અથથી ઈતિ સુધી કહી સંભળાવી. ક્ષિતિજ શ્વેતની દુઃખદાયક હકીકત સાંભળીને ગળગળો બની ગયો. માનવી રડી લે છે. માનવી રડી રડીને પોતાના દિલમાં ભેગો થયેલો દુઃખનો ડુમો ઠાલવવા - ઓછો કરવા પ્રયત્ન કરે છે. માનવીના હૈયાને જ્યારે કોઈ જાતની હૈયાધરણ નથી રહેતી ત્યારે માનવી હૈયાફાટ રડી પડે છે. શ્વેતા હૈયાફાટ રડતી હતી. ક્ષિતિજ શ્વેતાને હૈયાફાટ રડતી જોઈને, ડૂસકે ડૂસકે રડતી જોઈને, બેબાકળો બની ગયો. રઘવાયો બની ગયો, ગભરાઈ ગયો. વડોદરાનું ભર્યું ભર્યું બસ સ્ટેન્ડ, રડતી-હૈયાફાટ રડતી શ્વેતાને ઉત્સુકતાથી જોઈ રહ્યું. સાથે સાથે 'પેલા બહેન'ની સાથે જે ભાઈ ઉભા છે તે ભાઈને પેલી બહેન સાથે શું સંબંધ થતો હશે ! એ વાત પણ બધા વિચારતા હતા.

- બાજુએ દસ પૈસાનો 'ઠંડુ બરફનું પાણી' વેચતો છોકરા

પાસેથી ક્ષિતિજ પાણીનો ગ્લાસ લઈ આવ્યો... 'લો શ્વેતાબહેન ભગવાનના ખાતર તમે પાણી પી જાઓ.' ક્ષિતિજે કહ્યું. શ્વેતાએ પાણી પી લીધું. પછી ત્યાંથી બંને જણાં બસ સ્ટેન્ડન બાંકડે જઈને બેઠાં.

- શ્વેતાએ પોતાની દુઃખભરી કથની અથથી ઈતિ સુધી કહી સંભળાવી. ક્ષિતિજ શ્વેતાની દુઃખદાયક હકીકત સાંભળીને ગળગળો બની ગયો. વરસાદ વરસી ગયા પછી વાતાવરણમાં જે શાંતિ પથરાય છે તેવા આહ્‌લાદક વાતાવરણમાં જન્મ થાય છે તેવા જ પ્રકારની શાંતિ શ્વેતા અને ક્ષિતિજ વચ્ચે પથરાઈ હતી.

- થોડી વાર પછી 'શ્વેતાબહેન આવા દુઃખી હૈયે તમો ક્યાં જશો ? એ વાત જ તમોએ નક્કી કરી નથી. જેથી એક ભાઈના નાતે આવા સંજોગોમાં હું તમોને ક્યાંયે જવા નહિ દઉં. હું તમને ઘેર લઈ જઈશ... પછીની વાત કૌમુદી સંભાળી લેશે...' ક્ષિતિજે ગળગળા સાદે શ્વેતાને કાકલૂદીભરી વિનંતી કરીને કહ્યું...

- કેટલીય આનાકાની પછી શ્વેતાએ ક્ષિતિજના ઘરે જવાનું નક્કી કર્યું. દરેક પ્રસંગ ક્યારે કયો આકાર લેશે ? ક્યારે કોઈ રીતે શું થવાનું છે ? તેની તમામે તમામ જાતની ગોઠવણ ઉપરવાળાએ બહુ જ વ્યવસ્થિત રીતે કરી રાખી છે. પ્રભુની કરામતને કોઈ ક્યારેય પણ સમજી શક્યું નથી અને સમજી શકશે પણ નહિ.

- ક્ષિતિજ-કૌમુદીના ઘરે જઈને, સુરત પહોંચીને શ્વેતા એક અનોખી દુનિયામાં પહોંચી ગઈ. ક્ષિતિજ પોતે એસ.ટી. કોર્પોરેશનના સુરત વિભાગની કચેરીમાં અકે આગળ પડતો ઓફિસર હતો. વિભાગીય કચેરીના તમામે તમામ ઓફિસથી માંડીને પટાવાળા



સુધીના સ્ટાફને તાપી નદીના કિનારે કવાર્ટસ બાંધી દીધા હતા. તાપી નદીના કિનારે 'એસ.ટી. વસાહત' તરીકે જાણીતી વસાહતમાં બંગલા નં. ૪ માં ક્ષિતિજકુમાર એચ. પંડ્યા તેમના કુટુંબીજનો સાથે રહેતા હતા. 'એસ.ટી. કોલોની'માં શ્વેતા પણ દૂધમાં સાકર ભળે તે રીતે ભળી ગઈ.

- શરૂઆતના બે-એક મહિના શ્વેતા એસ.ટી. કોલોનીમાં પોતાના ક્ષિતિજભાઈ સાથે રહી પછી શ્વેતાને પોતાને એમ લાગ્યું કે પોતે એ લોકોના સહારે જીવે તે બરાબર નથી.

- એક દિવસ શ્વેતાએ 'ક્ષિતિજભાઈ હું અહીયાં ઘરે એકલી કંટાળી જાઉં છું. તમે નોકરીએ જતા રહો, કૌમુદીબહેન હાઈસ્કૂલે જતાં રહે તેની સાથે ધ્રુવ પણ ભણવા જાય એટલે આવડા મોટા ઘરમાં ભૂતની જેમ હું એકલી એકલી ભમ્યા કરું છું એ મને બિલકુલ ગમતું નથી. મારી પાસે પૂરતી લાયકાત અને અનુભવ છે. મને ક્યાંક સર્વિસ અપાવો તો સારું. કંપાઉન્ડમાં બધા નવરાશે જયારે બેઠા હતા ત્યારે શ્વેતાએ ઉપર પ્રમાણેની વાત કરતાં કહ્યું.

- 'બહેન તમે કદાચ માનતાં હશો પણ અમે તો એવું નથી માનતા કે શ્વેતાબહેન અમારે માથે પડ્યાં છે... કેમ ખરી વાત છે ને કૌમુદી...?' ક્ષિતિજે શ્વેતાની વાતનો જવાબ આપ્યો અને આ બાબતે કૌમુદી પણ પોતાની સાથે જ છે તેવો હક્કદાવો કરીને કહ્યું...

- 'બિલકુલ બરાબર કહ્યું તમે ! શ્વેતા ડાકોરમાં તો તે ખૂબ ખૂબ નોકરી કરી. હવે વળી પાછી નોકરી કરવાના કોડ ક્યાંથી જાગ્યા ? કૌમુદી ઉવાચ.'

- 'પણ મને ઘર એકલા ગમતું જ નથી માટે કાંઈક કરો, બેઠાં

બેઠાં હાડકાં ખવાઈ જાય એટલે મને મારી ચિંતા થઈ રહી છે...' કહી શ્વેતા ફિકકું હસી.

- ક્ષિતિજે કૌમુદી સામે જોયું અને કૌમુદીએ ક્ષિતિજ સામે જોયું.

- 'ભલે બહેન... તમારે માટે કાંઈક નોકરીનું ગોઠવીશુ... બસ' ક્ષિતિજે કહ્યું ત્યારે.... 'બસ મારે એટલું જ જોઈએ...' કહી શ્વેતાએ પોતાના ચહેરા પર ઉમળકો દર્શાવ્યો.

- ત્યાર પછી પંદર દિવસમાં શ્વેતા માટે એક સરસ જગ્યાએ નોકરીનું પાકું કરી આવ્યો અને જ્યારે શ્વેતા નોકરીએ ગઈ ત્યારે ક્ષિતિજે પેંડા વહેંચી બધાંનાં મોઢાં મીઠાં કરાવ્યાં.

- સુરત શહેરની મધ્યમાં આવેલ 'સુરત સ્ત્રી જાગૃતિ અને સ્ત્રી પુનઃઉત્થાન મહિલા મંડળ'ની સંસ્થામાં મુખ્ય વ્યવસ્થાપક બહેન શ્રીમતી મીરાબહેન દેસાઈના હાથ નીચે મદદનીશ વ્યવસ્થાપક તરીકેની મોભાવાળી નોકરી શ્વેતાબહેનને મળી ગઈ. 'સુરત સ્ત્રી જાગૃતિ અને સ્ત્રી પુનઃઉત્થાન મહિલા મંડળ'ના પ્રમુખશ્રી રમણભાઈ દોશી સાથે ક્ષિતિજની સારી ઓળખાણ હતી. એટલે તેની લાગવગથી વગર ઈન્ટરવ્યુએ શ્વેતાને નોકરી મળી ગઈ. જો કે પાછળથી બધાએ શ્વેતાની હોશિયારી તથા ઉદ્યમ કરવાની ધગશના ખૂબૂખબ વખાણ કર્યા.

- 'સુરત સ્ત્રી જાગૃત મહિલા મંડળ' અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતી સંસ્થા હતી. શહેરની તેમજ આજુબાજુના વલસાડ, સુરત, વડોદર, ભરૂચ, પંચમહાલ, ડાંગ વગેરે વગેરે જિલ્લાઓથી બિલકુલ નિરાધાર, નિરાશ્રિત, ત્યકતા, વિધવા બહેનોને અ સંસ્થા રોજીરોટી



આપતી હતી. સ્વાવલંબનની ભાવનાથી પોતાનું જીવન જીવવાનો નવો જ પ્રાપવાયુ પૂરો પાડતી હતી, સ્ત્રીઓને અક્ષરજ્ઞાન, ઘરગથ્થુ કામકાજ, ગૃહઉદ્યોગ, કપડાં સીવવાનું મશીન ચલાવવું, ભરતગુંથણ રસોઈ તૈયાર કરવી તેમજ બીજા હુન્નર ઉદ્યોગ શિખવાડીને મહિલાઓને પગભર કરવાનું પુણ્ય કામ આ સંસ્થાએ હાથ ધર્યું હતુ. જે સંસ્થાને સરકારી રાહે ૫૦ ટકા ઉપરાત મદદ પણ મળતી હતી. જો કે આ દાયકામાં આ સંસ્થાએ ખૂબખૂબ પ્રગતિ કરી હતી જેના માટે મીરાંબહેન દેસાઈ ધન્યવાદને પાત્ર હતાં. શ્વેતા ભટ્ટની મીરાંબહેન દેસાઈના ખાસ મદદનીશ તરિકે નિમણુંક થતાં સોનામાં સુગંધ ભળી.... શ્વેતા ભટ્ટ મીરાબહેન જે કંઈ કામગીરી બતાવતાં તે કામગીરી ખૂબખૂબ ધગશ, ચીવટ રાખીને વિના વિલંબે કરી દેતી. આ પ્રમાણે થોડા જ સમયમાં શ્વતાએ મીરાંબહેનનો સારો એવો વિશ્વાસ મેળવી લીધો.

- શ્વેતાએ હવે એસ.ટી. કોલોનીમાંથી ક્ષિતિજભાઈનાથી અલગ રીતે 'નાલંદા સોસાયટી'ના બંગલા નં. ૭ 'સ્નેહ-સમર્પણ'માં આગળની બે રૂમ ભાડે રાખીને, પોતાનો ઘરસામાન વસાવીને રહેવાનું શરૂ કર્યું હતું. ક્ષિતિજ અને કૌમુદીને શ્વેતા અલગ રહેવા ગઈ ત્યારે તે વખતે કાંઈક ખોટું લાગ્યું હતું. જવાબમાં શ્વેતાએ કહ્યું, 'જુઓ ક્ષિતિજભાઈ તમારે મનમાં બિલકુલ ખોટું લગાડવાનું નહિ હોં...હા જ્યારે તમારે બહેનની મદદની જરૂર હોય ત્યારે તરત જ મને જાણ કરવાની હો. હું અડધી રાતે તમારે ઘરે દોડી આવીશ અને મારું ઘર પણ તમારી એસ.ટી. કોલોનીની બિલકુલ સામે જ છે. ક્યાં આઘું છે ? બસ, વચ્ચે રોડ છે અને બીજી બાજુ તાપી છે એટલું જ છે....

- ધ્રુવ પણ જ્યારે શ્વેતા આન્ટી અલગ રહેવા જતી હતી ત્યારે રિસાયો. ત્યારે....

'મારો દીકરો મારાથી ના રિસાય હો.... તું મારા ઘરે દરરોજ સવારે આવજે હોં... મારી ખબરઅંતર લેતો રહેજે... સાંજે હું તારા ઘરે તારા મમ્મી અને પપ્પા જોડે આવીશ હોં... બરાબરને કૌમુદી...' કહી શ્વેતાએ રૂઠેલા ધ્રુવ અને કૌમુદીને મનાવી લીધાં હતાં.

•

- સમયની પાંખો પર ઉડતા રહેવાનું દરેકને ગમે છે. કોઈ દોડતી મોટરગાડીમાં કામ આપતું માઈલોમીટર કુલ કેટલા માઈલ કે કુલ કેટલા કિલોમીટર મોટરગાડીએ આજદિન સુધી મુસાફરી કરી છે તો હકીકત દર્શાવે છ, તે રીતે સમય પણ વહેવાની સાથે સાથે આપણી ઉંમરમાં વધારો કર્યા કરે છે. તેને કોઈ રોકી શક્યું નથી.

- બે વર્ષમાં શ્વેતા ભટ્ટ સુરત શહેરની સ્ત્રી સંસ્થા 'સુરત મહિલા મંડળની' જાણીતી ખૂબ જ પ્રખ્યાત મહિલા વહીવટકર્તા બની ગઈ. મીરાંબહેન દેસાઈને હાથે શ્વેતા ભટ્ટ સારી રીતે ઘડાઈ ચૂકી હતી. શ્વેતાનો પગાર પણ રૂા. ૧૦૦૦થી વધી ગયો હતો અને સાથે સાથે જવાબદારીઓ પણ વધી ગઈ હતી.

- શ્વેતાને ક્યારેક ક્યારેક પોતાનું ઘર યાદ આવી જતું હતું. કેટલીક વખત ચર્ચા નીકળતાં ક્ષિતિજ અને કૌમુદી કહેતાં 'શ્વેતાબહેન એક વાર તમે અમારા ખાતર ડાકોર તમારા ઘરે જઈ આવો. આકાશની શી વલે છે ? તેની તપાસ કરી આવો. બિચારો આકાશ મરવાના વાંકે જીવી રહ્યો હશે....' ત્યારે 'કદાચ આકાશે ફરીથી લગ્ન કરી લીધાં હશે તો હું ડાકોર કયા મોઢે આકાશને મળી શકું ?' એ બીકથી શ્વેતા જવાબ આપતી કે....



- 'જવાદોને હવે વીતેલી વાતોને યાદ કર્યેથી શો ફાયદો...મારે આકાશ અને આકાશના માબાપ તથા મારા મા-બાપને હવે વધુ દુઃખી કરવાં નથી... હું પોતે દુઃખી છું તે જ બરોબર છે...'કહી દુઃખમા પણ હસીને શ્વેતા જવાબ આપતી ત્યારે કૌમુદી ક્ષિતિજ વિસ્ફારિત નેત્રે જોઈ રહેતાં.

- આમ ને આમ બીજા લાગલગાટ પાંચ વર્ષનો ગાળો સ્ત્રી પુનઃઉત્થાન, મહિલા મંડળની વિકાસ પ્રવૃત્તિઓ અને મહિલાજગતના અનેક જાતના સળગતા સવાલોને હલ કરવા પાછળ કેમ કરીને વીતી ગયો ? પસાર થઈ ગયો ? તે હકીકતની શ્વેતાને કાંઈ ખબર પડી નહિ....!

- એક વખત જ્યારે છાપામાં આવ્યું કે ડાકોરમાં થયેલ તોફાનો અને આ રમખાણોથી ઘણીબધી જાનહાનિ થઈ છે ત્યારે તે સમયે શ્વેતાનો જીવ ઝાલ્યો રહ્યો નહિ. આકાશની શી હાલત હશે ? આકાશના ઘરનાં બધાં જ કુટુંબીઓ, મારાં મા-બાપ અને બધા સગાંસંબંધીઓ શું કરતાં હશે ? તે બાબતે શ્વેતાને ખૂબખૂબ વિચાર ખરાબ વિચારો આવી ગયો. ત્યારે તે જ વખતે કૌમુદી, ક્ષિતિજ અને ધ્રુવ પણ ડાકોર રણછોડરાયજીના દર્શન કરવા જતાં હતાં. એટલે તેમના ખૂબખૂબ આગ્રહના કારણે શ્વેતા ડાકોર જવા તૈયાર થઈ અને શ્વેતા, કૌમુદી, ક્ષિતિજ ને ધ્રુવ વગેરે ડાકોર તરફ જવા 'ગુજરાત ક્વીન'ના ડબામાં ગોઠવાયાં.

- ડાકોર પહોંચ્યાં. સાત વર્ષ પછીનું ડાકોર એ જ ડાકોર. જ્યાં ભગવાન રણછોડરાય રહેતા હતા. આ એ જ મંદિર કે જ્યાં

ઘણી ઘણી વાતો આજે શ્વેતાને ફરીફરીથી યાદ આવતી હતી. આકાશનું ઘર કેવું હશે ? આકાશ શું કરતો હશે ? બા, બાપુજી ક્યાં હશે ? શું કરતાં હશે ? બાપુજીની દુકાન કેવી હશે ? વગેરે વગેરે વાતો વિચારતા બધાં કૌમુદી, ક્ષિતિજ અને ધડકતાં હૈયે જ્યારે શ્વેતા આકાશના ઘરે પોતાના ઘરે પહોંચી ત્યારે જાણવા મળ્યું કે....

- 'આકાશને અકસ્માત થયેલ હોઈ તેને ડાકોરની સર્વોદય હોસ્પિટલમાં 'તાત્કાલિક સારવાર અર્થે' દાખલ કરવામાં આવ્યો હતો.

- ભગવાન મેળાપ કરાવે છે તો તે પણ કેવા ચિત્રવિચિત્ર સંજોગોમાં. આ બધી વાતો સાંભળીને અને આકાશના ઘરે કોઈ જ મળ્યું નહિ એટલે બધાંજ ક્ષિતિજ, કૌમુદી, ધ્રુવ અને હૈયામાં ફફડતી શ્વેતા પણ ઓટોરીક્ષામાં બેસી 'ડાકોર સર્વોદય હોસ્પિટલ' તરફ દોડ્યાં.

- આકાશ અને શ્વેતા... ઈમરજન્સી વોર્ડમાં મળ્યં. આકાશ બેહોશ હતો. તેની આંખો બંધ હતી. તે કેટકેટલો બદલાઈ ગયો હતો. આકાશને - પોતાના આકાશને શ્વેતાએ ધરાઈ ધરાઈને જોઈ લીધો. શ્વેતાની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. અશ્રુધારા ચાલી, પવિત્ર ગંગા જમનાનાં નીર વહી રહ્યાં.

- શ્વેતા આકાશના માથે હાથ ફેરવતી હતી. શ્વેતાનો આકાશ હાથે પગે માથે સ્કૂટર અકસ્માતમાં ખૂબખૂબ ઘવાયો હતો. ગંભીર રીતે ઘવાયો હતો. તે બેશુદ્ધ અવસ્થામાં હતો.

- શ્વેતાની આંખોમાં બોરબોર જેવડાં આંસુડાંની ધાર વહેતી હતી. ક્ષિતિજ, કૌમુદી, શ્વેતા બહેન બધુ જ સારું થઈ જશે. ભગવાન



પર પાકો ભરોસો રાખ હોં... કહેતા હતા. આશ્વાસન આપતા હતા.

- શ્વેતા આકાશને મળી, આકાશને ખબર ન હતી કે વિખૂટી પડેલી શ્વેતા વર્ષોથી ખોવાઈ ગયેલી, જાણી જોઈને ખોવાઈ ગયેલી પોતાની વહાલસોયી શ્વેતા આજે તે (આકાશ) મરણપથારીએ લાંબી સોડ તાણીને સૂઈ રહ્યો હતો ત્યારે તેની ખબર અંતર પૂછવા આવી હતી. તેણે અ દુઃખી દુનિયામાંથી વિદાય કરવા આવી હતી. તેના મોતના ટાણે મરશિયાનાં ગાણાં ગાવા (છાતી કૂટવા) આવી હતી.

- શ્વેતા રડતી હતી... શ્વેતા ખૂબખૂબ રડતી હતી.... કૌમુદી પણ રડતી હતી. જ્યારે ક્ષિતિજ એ બંનેને હૈયાધારણ આપી રહ્યો હતો....

## ૧૫
## જ્વાળામુખી ફાટ્યો

- ડાકોરની સર્વોદય હોસ્પિટલમાં મોત સાથે ઝઝૂમતા આકાશમાં નવો પ્રાણવાયુ પુરાતો હતો.

- આકાશની જિંદગી મોત સામે અગનખેલ ખેલતી હતી.

- ઈમરજન્સી વોર્ડમાં આકાશ બેહોશ હતો.

- સ્નેહા પોતાના બંને દિકરા (જગત-ચિરાગ) તથા પંડ્યા સાહેબની ગેરહાજરી વરતાતી હતી; કારણકે ઓચ્છવલાલ (સ્નેહના સસરા)ની તબિયત સારી ન હતી એટલે તેમની તબિયત જોવા સર્વે ગયા હતા, આકાશના મિત્રમંડળ તેમજ નોકરી કરતા ઓળખીતા, જાણીતા સ્નેહીજનોએ જેમ જેમ સમાચાર જાણ્યા તેમ તેમ હોસ્પિટલ તરફ આવવા લાગ્યા.

- ઓચ્છવલાલ દવેને હાર્ટએટેક આવ્યો. કૌશિકના પિતાશ્રી એટલે કે સ્નેહાના સસરા - જગતના દાદા ઓચ્છવલાલની તબિયત સારી રહેતી ન હતી એટલે છેલ્લા મહિનમાં બે થી ત્રણ વખત કાગળો આવ્યા હતા. તેઓ લખાવ્યા કરતા હતા કે 'મારી તબિયત હવે



બરાબર રહેતી નથી. જેથી હું મારા દીકરા (કૌશિકનો દીકરો) જગતનું છેલ્લી વખત મોં જોવા ઈચ્છું છું. એટલે વહુને (સ્નેહાને) તેમજ નરહરિભાઈને માલૂમ થાય કે તમો અઠવાડિયું બે અઠવાડિયાં રોકાવ તેવો સમય કાઢીને વડોદરા અવો તો સારું જેથી જગતને હેતભરી રીતે રમાડી શકાય. વહાલ કરી શકાય.' આ પ્રમાણેના સમાચાર આવ્યા એટલે નરહરિભાઈ પંડ્યા (સ્નેહાના બાપુજી), સ્નેહા અને જગત તથા ચિરાગ ચારેય જણાં પ્રોફેસર આકાશની રજા લઈ વડોદરા તરફ જવા ઉપડી ગયાં. એ લોકો વડોદરા ગયાના બીજા જ દિવસે પ્રોફેસર આકાશને મેટાડોર-સ્કૂટર એકસીડન્ટ થયો. મિત્રો-સંબંધીઓએ આકાશને ડાકોર સર્વોદય હોસ્પિટલમાં દાખલ કરી દીધો. અને આ જ દિવસે શ્વેતા, ક્ષિતિજ, કૌમુદી અને ધ્રુવનું ડાકોરમાં આગમન થયું. એ લોકો આવા આઘાતજનક સમાચાર સાંભળી સીધા હોસ્પીટલ તરફ ઉપડી ગયા. પ્રોફેસરના અડોશી પાડોશીઓ શ્વેતાને ઓળખી ગયા. બધા લોકો શ્વેતાને જોઈ ખુશી થયા. કોઈએ પ્રોફેસરના ઘરની ચાવીનો હવાલો શ્વેતાને સુપરત કરી દીધો. કટોકટી વખતે લાંબી કોઈ ભાંજગડ કર્યા વગર શ્વેતા, કૌમુદી, ક્ષિતિજ ગંભીર રીતે ઘવાયેલ આકાશની સેવા-સુશ્રૂષામાં એવા તો પરોવાઈ ગયા ... ચાર દિવસ કેમ કરીને પસાર થઈ ગયા તેની કોઈને કાંઈ જ ખબર પડી નહી.

- આજે હોસ્પિટલમાં છઠ્ઠો દિવસ હતો. આકાશને હવે આરામ હતો. સ્કૂટર એક્સીડન્ટમાં આકાશને ડાબા હાથે ફ્રેકચર થયું હતું અને માથામાં ખૂબખૂબ વાગ્યું હતું. જેથી પુષ્કળ દુખાવો રહેતો હતો. ડોકટરોએ દરદીને પથારીમાં હાલી ચાલી શકાય પણ ઝાઝું બોલવાની તથા રૂમ બહાર હરવાફરવાની મનાઈ ફરમાવી હતી.

આકાશના કહેવાથી વડોદરા મુકામે ઓચ્છવલાલ દવે અને નરહરિભાઈ તથા સ્નેહાને તાત્કાલિક પાછા ડાકોર આવી જવા તાર પણ કરવામાં આવ્યો હતો. પણ આજ દિ' સુધી તેમના તરફથી કોઈ જ સમાચાર ન હતા...

- હોસ્પીટલમાં દરદીની સ્પેશ્યલ રૂમમાં આકાશ-શ્વેતા એકલાં હતાં.

- કૌમુદી, ક્ષિતિજ, ધ્રુવ ડાકોરના રણછોડરાયના દર્શનની કાર્યવાહી પતાવી આજે ગળતેશ્વર જવાનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. શ્વેતાએ પોતે તેમના સાથે નહિ આવી શકે તે બદલ માફી પણ માગી લીધી ત્યારે ક્ષિતિજ અને કૌમુદીએ કહ્યું.

- 'તમારા સારા નસીબે આકાશની (તમારા પતિની) સેવાચાકરી કરવાનો સુઅવસર તમને મળ્યો છે. તેને ભગવાનની પ્રસાદી સમજી  તમારા ભગવાનની સેવચાકરી કરો, સૌ સારાં વાનાં થશે.'

- આમ ક્ષિતિજ, ધ્રુવ અને કૌમુદી બહાર ફરવા ઉપડી ગયાં.

- આકાશને નવડાવી, ધોવડાવી તૈયાર કર્યા પછી પોતાના ઘરે જઈ જમવાનું બનાવી, ટિફિન લઈ આવી આકાશને જમાડીને પોતે જમી લીધા પછી અકાશ અને શ્વેતા બંને હવે એકલાં હતાં. દરરોજ તો કૌમુદી, ક્ષિતિજ કે ધ્રુવની એક પછી એક વારાફરથી હાજરી રહેતી એટલે ખુલ્લંખુલ્લાં દિલે વાતચીત કે વ્યવહાર કરી શકાતો ન હતો. આજે... શ્વેતા કેમ કાંઈ બોલતી નથી ? આકાશ



ઉવાચ 'મેં હવે બોલવાનું ઘણું જ ઓછું કરી નાખ્યું છે બોલીનેયહું શું કરું ? મારું સાંભળવાની કોને ફુરસદ છે ?' શ્વેતા ભારે શ્વાસ લેતાં બોલી.

- 'શ્વેતા એ વાત બરાબર નથી. તમે હાથે કરીને જ બધી ક્રિયા વિધિમાંથી બધીજ પ્રવૃત્તિઓમાંથી ક્ષેત્રસંન્યાસ લઈ લીધો છે. શૂન્યવકાશનો તમે સંગથ જાણી જોઈને શોધી રહ્યા છો અને પછી દોષનો ટોપલો બીજાના માથે ઢોળી દેવો એ હકીકત મને વાજબી લાગતી નથી... ' શ્વેતા ચૂપ રહી આકાશ બોલતો હતો.... 'આકાશ દરેક ચીજને બે બાજુ હોય છે. મેં તમારા ઉપર કોઈ જાતનું દોષારોપણ કર્યું નથી અને દોષનો ટોપલો તમારે માથે ઢોળી દેવાથી મને શો ફાયદો ?

- 'શ્વેતા હવે તો મેં મારી જિંદગીમા ફાયદા-ગેરફાયદાઓનો વિચાર કરવાના છોડી દીધા છે...'.

- 'એનું મને જરાપણ દુઃખ નથી....'

- 'શ્વેતા તમને નથી લાગતું કે તમે મને મોટો અન્યાય કર્યો છે. ?'

- 'તમે જ એ વાતનો ન્યાય કરો કે મારા સાંભળવા પ્રમાણે તમે બીજાં લગ્ન કરી લીધાં તે પણ મારી હયાતીમાં તે વખતે તમારી ન્યાય 'અન્યાયની બધી ઉંચી આદર્શવાદી વાતો ક્યાં જતી રહી હતી ? તે વખતે તમે કોઈપણ જાતનો વિચાર કર્યો હતો ખરો ?' શ્વેતા ઉવાચ.

- 'તમે કોઈનેય મને મારા ઘરના કોઈપણ સભ્યને પૂછયાગાછયા વગર મારું ઘર છોડી દીધું... મને મારા કુટુંબીઓને

અને મારા માબાપને રઝળતા કરી મૂકયાં તે વખતે તમારો ન્યાય કયાં જતો રહ્યો હતો ? અને એ વાતે સાત સાત વરસ વીતી ગયાં છે અને આજે તમો પૂછવા આવો છે કે મારું ઘર કયાં છે ? મને શો તમે અન્યાય કરી રહ્યાં છો તે હકીકત થોડીક પણ સુસંગત છે ખરી.

- 'આકાશ મને હકીકતોથી સુસંગતતા કે વિસંગતતાની પડી નથી. આ તો મારા માંહ્યલામાં લાગેલી લાય ઓલવવાનો મિથ્યા પ્રયત્ન કરી રહી છું...' શ્વેતા બોલી.

- 'શ્વેતા એ વાત બરાબર રીતે સમજી લો કે તમે જાતે જ તમારી લગાડેલી લાય-આગમાં બળી રહ્યાં છો.' જે ખાડો ખોદે તે પડે' એ પ્રમાણે હવે પોતાનાા હાથનાં કર્યાં હૈયે વાગ્યાં છે જેથી કાંઈ દાદ, ફરિયાદ કરવાની રહેતી નથી.

- આકાશ હું દાદ-ફરિયાદ કરવા નથી આવી. હું તો એ હકીકતની ખાતરી કરવા આવી છું કે તમે પુનઃલગ્ન કરી લીધાં છે કે કેમ? પુનઃલગ્ન કરી લીધાં હશે તો તમારો સુખી સંસાર ઉજાડવાની મારા હૈયામાં કોઈ ઈચ્છા કે ધગશ નથી. તમે તમારી દુનિયામાં સુખી રહો. આબાદ રહો. સમૃદ્ધ રહો એવી મારી કાયમની હૃદયથી શુભેચ્છા તમારા માટે - તમારા કુટુંબ માટે - કાયમ માટે રહી છે... રહેવાની અને રહેશે...

- 'શ્વેતા તું મને માફ કરીશ ખરી ? કારણકે મેં તારી જ હયાતીમાં સ્નેહા નામની બ્રાહ્મણ વિધવા બાઈ (એક છોકરાની મા) સાથે લગ્ન કરી લીધાં છે. શ્વેતા તાર માટે મારા હૈયામાં પ્રેમનો ઉદ્વેગ નથી કે તિરસ્કાર નથી. પ્રેમ અને ધૃણા બંને જાતની ભાવનાઓ હવે મારા હૈયા માટે એકસમાન થઈ રહી છે. હું સ્નેહાના આધારે બાકી



રહેલું શેષ જીવન મહાપરાણે પૂરું કરવા પ્રયત્ન કરી રહ્યો છું. સ્નેહાથી મને એક દીકરો પણ પ્રાપ્ત થયો છે. ચિરાગ... મારો દીકરો મને ખૂબ ખૂબ વહાલો છે' બોલતાં બોલતાં આકાશ હાંફી ઉઠ્યો. તેની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. તે હાંફતો હતો તેનો કંઠ ગદ્ગદ બની ગયો. તેણે પોતાની આંખો મીંચી દીધી....

- 'તમે હવે વધારે પડતું કાંઈપણ બોલ્યા છો તો મારા સોગન છે. તમને... જવા દો સોગંદની વાત હવે. કેમ કે સોગન આપવ લેવાની લાયકાત પણ મેં હવે ગુમાવી દીધી છે. મારા ગુલાબ જેવા છોકરા રહુ અને કેતુને ભગવાને આ દુનિયામાંથી મારી દુનિયામાંથી છીનવી લીધા. હવે મારી જીંદગીમાં રહ્યું છે શું ? તમને કાંઈ જ વાતનું દુઃખ નથી અને દુઃખ રહેશે પણ નહિ, તમે તમારી નવી દુનિયા વસાવી લીધી. તમો તમારું કુટુંબ, તમારા ઘરવાળા કાયમ સુખી રહો, સમૃદ્ધ રહો. અવી મારી હૈયાની ઈચ્છા રહી છે. બોલતાં બોલતાં શ્વેતાનું પણ ગળું ભરાઈ આવ્યું.'

## ૧૬
## શ્વેતા સરી ગઈ

- ત્યાર પછી વાતાવરણમાં ચુપકીદી પથરાઈ થઈ. વાતાવરણમાં શાંતિ પથરાય તેવું ઘણને ગમતું હોય છે, જ્યારે ઘણા લોકોને શાંતિ જરા પણ ગમતી નથી હોતી. તે લોકોને ધાંધલ-ધમાલ, કોલાહલ, ઘોંઘાટમય વાતાવરણ ગમતું હોય છે. આજના વાતાવરણમાં ડાકોરની સર્વોદય હોસ્સ્પિટલના સ્પેશ્યલ વોર્ડમાં પથરાયેલી શાંતિ કોઈક છૂપા દર્દનો અહેસસ (અનુભવ) કરાવતી હતી. આકાશ શાંત હતો. આકાશ અને શ્વેતા વચ્ચે પથરાયેલી શાંતિ પણ દુઃખદર્દના ડૂસકાં ભરતી હતી.

- ક્ષિતિજ, કૌમુદી, ધ્રુવ વગેરે ડાકોર અને ગળતેશ્વર જઈ આવ્યાં. ભગવાનનાં દર્શન કરી આવ્યાં. તેમને 'આકાશની દેખભાળ રાખવાનું સુપરત કરી શ્વેતા પોતાના સ્વસુરગૃહ (પતિગૃહે) જઈ આવી. બધું બરાબર ગોઠવી દીધું. જેથી ભવિષ્યમાં પોતાની શોક્ય (સ્નેહા) તેને ગાળો ભાંડે નહિ, લડે નહિ, ઝઘડે નહિ. રસ્તામાં પોતાના બાપનું ઘર-પોતાનું પિયર આવ્યું. પણ હવે ત્યાં કોણ બાકી રહ્યું હતું ? પિયરના પાડોશી, સગાંવહાલાં તથા બીજાં બધાની ખબર-અંતર પૂછીને શ્વેતા હોસ્પિટલ પાછી વળી રહી હતી. શ્વેતા પોતાના પિતાનું અને પતિનું ઘર છેલ્લી વખત જોઈ લીધા પછી હોસ્પિટલ પરત આવતી હતી, ત્યારે તેના મનમાં 'અલૌકિક શાંતિ હતી. તેના મનમાં અનાહતનો કોઈ અલૌકિક નાદ ગુંજતો હતો.



- હોસ્પિટલની એક બાજુથી શ્વેતા પ્રવેશતી હતી અને બીજી બાજુથી સ્નેહા, તેના બાપુજી નરહરિભાઈ, તેનાં બે છોકરા જગત, ચિરાગ સાથે ઘોડાગાડીમાં સરસામાન સાથે ઉતરતી હતી, તેના મુખારવિન્દ પર ચિંતાના દુઃખના ભાવ હતા... અને ખૂબ ખૂબ દુઃખી દેખાતી હતી. ચિંતાતુર લાગતી હતી. નરહરિભાઈ 'પંડ્યા સાહેબ' પણ પ્રોફેસરની ખબર જોવા માટે આતુરતાથી દરવાજા (સ્પે.રૂમ) તરફ ભાગતા હતા.

- કૌમુદી, ક્ષિતિજ, ધ્રુવે સુરત તરફ જવાની તૈયારીઓ કરવા માંડી. તેમની તૈયારીઓ જોઈને શ્વેતાએ પણ તેમની સાથે સુરત જવાનું અન ત્યાં રહેવાનું ગોઠવ્યું... આકાશ આ બધાં લોકોની તૈયારીઓ જોઈ રહ્યો. તેની આંખમાં દર્દ હતું. નિરાશા હતી. અકળામણ અને બેચેની હતી. શ્વતાએ પોતાની ઓળખાણ સ્નેહાને 'પોતે આકાશની સાથે રહી એક વર્ગમાં સહાધ્યાયી તરીકે અભ્યાસ કર્યો હતો તેમ' કરાવી ત્યારે તે વખતે આકાશની આંખમાં ઝળહળિયાં ભરાઈ આવ્યાં. આકાશ શ્વેતાને મનોમન વંદી રહ્યો હતો.

- સ્નેહાની હાથની આંગળી ઝાલીને ઉભેલા ત્રણચાર વર્ષના નાનકડા ચિરાગને જોઈને શ્વેતાનું હૈયું ખૂબ ખૂબ ભરાઈ આવ્યું. તે ભાવવિભોર બની ગઈ, તેણે દોડી જઈને ચિરાગને ઉંચકી લીધો.

તેડી લીધો, પોતાની છાતીસરસો ચાંપી દીધો...

"બેટા તારું નામ શું છે ?" કાલી કાલી ભાષામાં (જાણી જોઈને) શ્વેતા બોલી.

"માલુ નામ ચિરાગ... આન્ટી તમારું નામ શું છે ?" ચિરગે પોતાની કાલીઘેલી ભાષામાં કહ્યું.

"માલુ નામ શ્વેતા આન્ટી... બેટા તેં માલા ઘલે આવીશ !"

"હા... આન્ટી, પણ આન્ટી તમારું ઘલ કયાં છે."

"માલુ ઘર, હું તો ભગવાનની જોડે રહું છું... ભગવાનના ઘેર. પણ તું, તારા પપ્પા, તારી મમ્મી જ્યારે પણ અંકલ આન્ટીના ઘરે સુરત આવો ત્યારે ચોકક્સ આવજો હોં... હું એ અંકલ, આન્ટીના ઘરની બાજુમાં જ રહું છું." કહી કોઈ જોઈ ન જાય તેમ આંસુ લૂછી ચિરાગને બે - ત્રણ ચુંબન કરી મૂકી દીધો... પછી ચિરાગની નાનકડી આંગળીમાં 'સોનાની●લાલ નંગવાળી' વીંટી ચિરાગને ભેટ તરીકે આપી દીધી. આ વિંટી આકાશે પોતાના લગ્નની પહેલી વર્ષગાંઠ નિમિત્તે શ્વેતાને યાદગીરી રૂપે ભેટ આપી હતી.

"બેટા ખૂબ ખૂબ ભણજે હોં... ભણીગણીને તારા બાપા જેવો થાજે હોં... કહી શ્વેતાએ આશીર્વાદ આપ્યા.

શ્વેતા સાડી અને વ્હાઈટ બ્લાઉઝમાં શોભતી કોઈ શ્વેતપરી જેવી લાગણી હતી. શ્વેતપરી પાંખો ફફડાવતી હતી. શ્વેતપરી નાનકડા ચિરાગ અર્થે સરસ મજાની મનગમતી વાતો કરવાની, ઉડવાની તૈયારી કરતી હતી .

- આકાશ નિસહાયતાથી આ બધુ જોઈ રહ્યો હતો. આકાશના



સસરા નરહરિભાઈ પણ પોતે પોતાના જમાઈની જિંદગીને કોઈ ખતરો રહ્યો નથી તે વાતની ખાતરી થતાં તથા એક લાગણીશીલ બહેનના હૈયાની ખૂબ ખૂબ લાગણી જોઈ પલળી ગયા. સ્નેહાની આંખ પણ ભરાઈ આવી. તેણે શ્વેતાને અને ત્યારબાદ અનુક્રમે ક્ષતિજ, કૌમુદી, ધ્રુવનો વારાફરતી પરિચય કરી લીધા પછી સ્નેહાએ કહ્યું,

- 'તમે બધાં જાવ છો... તે અમને જરાપણ ગમતું નથી. તમારા બધાનો સરસ, સુંદર સ્વભાવ જોયા પછી તમારે ઘરે દોડી જવાની ઈચ્છા થાય છે. પણ શું થાય ? હાલ એ જાતના સંજોગો નથી રહ્યા.. પણ તમે લોકો ફરીથી જ્યારે પાછાં આવો ત્યારે ચોક્કસ અમારા ઘરે આવજો હોં...'

- ધ્રુવ ઘોડાગાડી કરવા માટે ગયો હતો. તે ઘોડાગાડીવાળાને બોલાવી લાવ્યો. ઘોડાગાડી આવી એટલે બધાએ 'આવજો...આવજો' કરી લીધા પછી ઘોડાગાડીમાં ગોઠવાઈ ગયા. સ્નેહા, નરહરિભાઈ, જગત, ચિરાગ બધાને મૂકવા દરવાજા સુધી ગયા.

- આકાશે હોસ્પિટલની પડદાવાળી બારીનો એક હાથે (બીજો હાથ ભાંગી ગયો હતો) પડદો ખસેડયો. તે દૂરથી, બારીમાંથી અશ્રુભીની આંખો ઘોડાગાડીમાં બેઠેલી શ્વેતાને તથા કૌમુદી, ધ્રુવ, ક્ષિતિજ વગેરેને જોઈ રહ્યો હતો. આકાશની આંખમાંથી ગંગાજળ ઉભરતાં હતાં. આકાશની આંખો રડતી હતી. શ્વેતા સરી રહી હતી. આકાશની જિંદગી થોડે થોડે અંશે શૂન્યાવકાશમય બનતી જતી હતી. આકાશ પોતાનખી જિંદગી મહાપરાણે જીવવા મથી રહ્યો

હતો.

- ઘોડાગાડી દૂર દૂર ભાગતી હતી, ઘોડાગાડીમાં બેઠેલા એક, બે, ત્રણ અને ચાર મુસાફરો ધીમે ધીમે વાતાવરણમાં ઓગળતા જતા હતા.

- એક કૌમુદી, વાતાવરણમાં ઓગળતી હતી.

- બીજો ધ્રુવ ઓગળી રહ્યો હતો.

- ત્રીજો ક્ષિતિજ દૂર દૂર દેખાતી ક્ષિતિજમાં ઓગળતી હતો, પીગળતો હતો, અને

- ચોથી શ્વેતા પણ શ્વેત વાતાવરણમાં ઓગળી રહી હતી, સરી રહી હતી....

- શ્વેતા સરી જતી હતી....

- આકાશની બંને આંખોમાંથી પણ આંસુઓની ધાર સરી રહી હતી. ......



# ૧૭
# તિરાડ પડી

- ઘણી વખત આપણે ખોટી ખોટી રીતે બહારથી દંભી હોવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ અને તે પ્રમાણે દુનિયાને બતાવવા સદાય પ્રયત્નશીલ રહેતા હોઈએ છીએ. આ જગતની એ જ પ્રમાણલી છે... રુઢિ છે... પરંપરા છે. સત્ય હકીકત-નગ્ન સત્ય હકીકતને ઓગાળીને કોઈ જીરવી શકતું નથી. સહી શકતું નથી.

- થોડા જ દિવસમાં શારીરિક રીતે આકાશ બિલકુલ સ્વસ્થ બની ગયો હતો. અને દોઢ મહિનામાં તો તે બિલકુલ હતો તેવો બની ગયો. પરંતુ માનસિક રીતે આકાશ બિલકુલ પડી ભાંગ્યો હતો.

- વહાલસોયા રાહુની વસમી વિદાય.

- ત્યાર પછી કેતન પણ ભગવાનને પ્યારો થઈ ગયો તેનો કાળજે લાગેલો આઘાત.

- વારાફરતી માતાપિતાનાં અવસાન... પહેલાં બાપુજી અને પછી બાના નિધન થયાની ઘટનાના જખ્મ હજુ આકાશને સાવ તાજા જ હતા. ત્યારબાદ શ્વેતાનો ગૃહત્યાગ કે જેનો કારમો આઘાત

માંડમાંડ સ્નેહાના આગમનથી તેમજ જગત અને ચિરાગ જેવા બાળફૂલવાડીથી વસંતઋતુનું આગમન થયું હતું. આકાશ હજી માંડમાંડ પુરાણાા ઘાને વિસરવા માટે સમર્થ બન્યો હતો ત્યારે તે વખતે આકાશની જિંદગીમાં શ્વેતાએ ફરીથી આગમન કરીને આકાશની બોજા વગરની જિંદગીને વધુ બોજાવાળી-ભારેખમ બનાવી દીધી હતી.

- આકાશની જિંદગીમાં આવેલ અનોખું પરિવર્તન અને સદાય વાચાળ એવો આકાશ હવે ધીરગંભીર અને એકલવાયાપણાની વૃત્તિવાળો થઈ ગયો, 'આવું શાથી ? આવું કયાં કારણોને લીધે ? શું આકાશને મારામાં, માા બાળકો (જગત ચિરાગ) મારા કુટુંબમાં કે મારા ઘરમાં હવે પહેલાં જેવો રસ, હેતભાવ કે આનંદ મળતો નથી. હું આકાશ માટે ભારરૂપ છું. મારે આવી જિંદગીથી શો મતલબ ? મારે આકાશ જોડે આ વાતની સ્પષ્ટતા કરી લેવી જોઈએ....' સ્નેહા આવું આવું ઘણું બધું વિચારતી હતી.... નરહરિભાઈ પણ આકાશમાં આવેલા અચાનક પરિવર્તનથી હેબતાઈ ગયો. તેમને પોતાને પણ કાંઈ ઝાઝી ગતાગમ કે સમજ ન હતી. શું કરવું અને શું ન કરવું ?

- ઘણી વખત આપણે મનમાં ને મનમાં મૂંઝાયા - ગૂંચવણ અનુભવતા હોઈએ છીએ. આપણી ઈચ્છા એટલી બધી પ્રગટ થઈ જાય છે કે ક્યારે આ કોકડું ઉકેલાય અને નિરાંતનો દમ લઈ શકાય. જીવન કોકડું એવું કોકડું છે કે આપણે જેમ જેમ ઉકેલવા પ્રયત્ન કરીએ છીએ તેમ તેમ કોકડું વધુ તે વધુ ગૂંચવાતું જતું જાય છે અને આપણે ખૂબખૂબ કંટાળો આવતો જાય છે. આવી કંટાળાજનક પરિસ્થિતિમાંથી રસ્તો કાઢવાા માટે પૂરતી ધીરજ અને માનસિક શાંતિ ખૂબ જ જરૂરી



છે. આવી પરિસ્થિતિથી માણસ તંગ આવી જઈ ન કરવાનું કરી બેસે છે. વિસ્ફોટક પરિસ્થિતિમાં માનવી ન ધારેલું કરી બેસે છે અને પરિણામનો વિચાર કર્યા વગર માનવી વગર વિચાર્યું જે પગલું ભરે છે તેનાથી આખી જિંદગીભર તેને પસ્તાવવાનું રહે છે.

- સ્નેહા પણ આવી જ ચિત્ર-વિચિત્ર પરિસ્થિતિઓમાંથી પસાર થઈ રહી હતી. સ્નેહાની તમામ ક્રિયાઓ પ્રક્રિયાઓ અને પ્રવૃત્તિઓમાં કંટળાનું તેમજ માનસિક થાક અને ઉશ્કેરાટનું હરહંમેશ બિમ્બ પ્રતિબિંબ ઉપર આવતું હતું. તેમાંથી પ્રોફેસર આકાશ, નરહરિભાઈ, જગત તથા ચિરાગ વગેરે સાવ અજાણતાં ન હતાં.

- આવી જિંદગીથી શો લાભ ? ઘડિયાળમાં આંદોલનો લેતું લોલક ઘડીકમાં આ બાજુથી પેલી બાજુ અને આ બાજુ ભટકાયા કરે અને આગળ-પાછળ-જીવનની ગતિ કર્યા કરે છે તેમ તેમ સ્નેહાની સ્નેહાળ આંખોમાં હવે ધીમે ધીમે પરિવર્તન આવીને તેની આંખોમાં હવે માનસિક ઉશ્કેરાટ, કોધ અને અતૃપ્તિની નસો ધબકારા લેતી હતી.

- "તમે મને સાંભળશો ?" સ્નેહા આકાશની ઉદ્દેશીને બોલી.

- "તમારી તમામ વાતો મેં આજ દિ' સુધી સાંભળ્યા કરી છે, તેમ છતા તમે એવું કહો છો કે તમે મને સાંભળશો ? એમ કેમ ?" આકાશે કહ્યું."તેનું કારણ એ જ છે કે આજકાલ તમારા વાણી, વર્તન, વિચાર અને વ્યવહારમાં આસમાન જમીનનો ફેર પડી ગયો છે તેમ લાગે છે. અકસ્માત થયા પછી અને પેલી તમારી કલાસમેટના આગમગમન પછી તમારામાં કાંઈક પરિવર્તન થયું હોય તેમ તમને લાગે છે. ..."

- "સ્નેહા ઘણી વખત નજરે જોયેલી વસ્તુઓમાં હકીકતો પણ સત્યથી વેગળાં બને છે. મને લાગે છે કે તું રાતો દરમ્યાન અંધારા ઉલેચવાનો અને દિવસે પ્રકાશ પુંજને કોઠીમાં ભરી દેવાનો વ્યર્થ, અર્થહીન પ્રયત્ન કરી રહી છે. જેમાં તમને સો ટકા નિરાશા જ મળવાની છે. તે પણ એક હકીકત છે." આકાશ બોલ્યો.

- "મારે તમારા લેકચર્સ સાંભળવા નથી. મારે માનસિક રાહત જોઈએ છીએ. માનસિક શાંતિ મળે તેવી મારી ઈચ્છા છે. જેથી કરીને જ હું વડોદરા જવા માગું છું."

- "વડોદરા જઈને તારે પંદર દિવસ કે મહિના પછી પાછું આવવું પડશે. વડોદરા તમને માનસિક શાંતિ મળશે ? એમ... ભલે તમને યોગ્ય લાગે તેમ કરો... પણ સ્નેહા, મારા મનમાં એમ થયા કરે છે કે તમો જે રસ્તો અપનાવવા જઈ રહ્યાં છો તે રસ્તો બરાબર નથી, યોગ્ય નથી તે રસ્તે જઈને તમે સુધી નહિ થઈ શકો." આકાશે કહ્યું.

- "હું કયા રસ્તે જઈ... ક્યો રસ્તો મને સુખી, દુઃખી કરી શકશે એ નક્કી કરવાની મને સમજણ કે આવડત છે... ભાન છે... તમારું માર્ગદર્શન જ્યારે જરૂર પડશે ત્યારે હું ચોક્કસ લઈશ..."

- "સ્નેહા આ બધું તું બોલી નથી રહી, પણ તારું અભિમાન બોલી રહ્યું છે... મને ખબર છે કે શ્વેતાની જે જે હકીકતો તે આપણા આડોશી-પાડોશી સ્નેહી સંબંધી મિત્રો પાસેથી જાણી છે તેનાથી તું દુઃખી છે... અસંતુષ્ટ છે. પણ એમાં મારો કોઈ પણ વાંક-ગુનો નથી."

- "હું તમારા વાંકગુના કે કાળા ડાઘા શોધવા નીકળી નથી. અને મને એવી આદત પણ નથી. પણ મારે એટલી હકીકત જાણવી જરૂરી છે કે તમારો અને શ્વેતા વચ્ચે શો સંબંધ છે. ? લોકો મને જે કાંઈ કહી રહ્યા છે તે તમામ હકીકતમાંથી સત્ય હકીકત જાણવાની મારી જિજ્ઞાસા છે..."



- "સ્નેહા સાંભળ ! શ્વેતા એ મારી પત્ની હતી. પણ છેલ્લા સાત સાત વર્ષોથી જ્યારથી તેણે મારું ઘર છોડી દીધું ત્યારથી શ્વેતા મારી પત્ની રહી નથી. હા, તેના માટે પહેલા જે લાગણી, ભાવ, હેત, પ્રેમ જે કાંઈ કહો તે હતાં જ. તે આજે પણ મારી દિલની તિજોરીમાં સચવાઈ રહ્યા છે, જળવાઈ રહ્યા છે. હું તે બધાનું જાહેરમાં દર્શન-પ્રદર્શન કરવા કે કરાવવા ઈચ્છતો નથી. "

- "હું પણ શ્વેતાની જેમ તમારું ઘર છોડી જતી રહું તો તમે મને તમારી પત્ની તરીકે સ્વીકારો નહિ... મને ઘરમાંથી બહાર કાઢી મૂકો બરાબરને ?"

- "કોઈને યે પણ ઘરમાંથી બહાર કાઢી મૂકવાનો કે તગેડી મૂકવાનો કોઈ સવાલ રહેતો જ નથી, પણ એ હકીકત એક સાચી હકીકત છે કે જે માણસ તમામે તમામ પરિણામોનો સર્વાંગી વિચાર કરી લીધા પછી પણ પોતાની સ્વેચ્છાએ જ પોતાનું ઘર છોડી દે અને ઉંમરા બહાર પગ મૂકે તેને પોતાના જ ઘરમાં પ્રવેશ કરવાનો સહેલાઈથી હક્ક કે અધિકર મળી જતો નથી. એ માણસને ખૂબ સહેલાઈથી, સરળતાથી, સાપ જેમ કાંચળી ઉતારી નાંખે તે રીતે પોતાનો હક્ક, અધિકાર એથી જ ગુમાવી દઈ અને પુનઃ પ્રાપ્ત કરે એ મને જરાપણ ગમે નહિ....

બાર વાગ્યા એટલે નરહરિભાઈ સાહેબ ડાકોર રણછોડરાય

મંદિરની ઓફીસેથી જમવા માટે ઘરે આવ્યા એટલે પ્રોફેસર અને પ્રોફેસર પત્ની ચર્ચાનો અંત લાવી ઘરની પ્રવૃત્તિમાં પરોવઈ ગયા...

ઉનાળાનું વેકેશન પૂરું થયું એટલે શાળા-કોલેજો ખૂલી અને પ્રોફેસર આકાશની નોકરી પણ શરૂ થઈ. નોકરીના પ્રથમ દિવસે દોડધામ કરીને કોલેજની જાતજાતની પ્રવૃત્તિઓમાં તથા બધા જૂના મિત્રોની ઓળખાણ વગેરે પતાવી જ્યારે આકાશ ઘરે પાછો ફર્યો ત્યારે ઘેર સ્નેહા, કોઈ છોકરા (ચિરાગ-જગત) હાજર ન હતા. મંદિરે તપાસ કરાવી તો મંદિરના પૂજારીએ કહ્યું કે મેનેજર સાહબ બેન અને છોકરાંને લઈને વડોદરા ગયા છે.

ઘરે આવી આકાશે તપાસ કરી તો પલંગના ઓશીકા નીચેથી એક ચિઠ્ઠી મળી આવી. તેમાં સ્નેહા લખતી હતી કે 'આકાશ તમારા અને મારા વચ્ચે જે તિરાડ પડી ગઈ છે તે તિરાડ પુરાય તેમ નથી અને ભવિષ્યમાં પુરાશે પણ નહિ તેથી કરીને હું મારી રીતે જિંદગી જીવવા માંગું છું. હું ગમે તે ભોગે મારાં બંને છોકરાં ચિરાગ અને જગતને ઉછેરીશ, મોટા કરીશ, ભણાવી, ગણાવીશ અને સારી લાઈને વળગડી દઈશ... તેમને હું તમારી જેમ રખડવા નહિ દઉં. હું અત્યારે બાપુજી જોડે વડોદરા જઈ રહી છું. ત્યાં મારા સસરાને ઘેર રહીશ અને જગતના દાદા ધંધાર્થે લંડનમાં જઈ ત્યાં સ્થાયી થવા માગે છે એટલે નસીબમાં લખ્યું હશે તો હું પણ તેમની સાથે લંડન જતી રહીશ. ત્યાં રહી મારા છોકરાનું ભવિષ્ય મારી જાતે જ ઘડીશ....'

'મન માફ કરશો. પડછાયો જેમ સાથ નિભાવે છે તે રીતે સાથ નિભાવવાનું દીલ હતું, ઈચ્છા હતી, ઉમંગ અને ધગશ હતી. પણ તમારી રૂક્ષતાનો અંધકાર પડછાયાને ગળી ગયો છે અને હું તમારાથી વિખૂટી પડી રહી છું તેમાં મારો, તમારો કોઈનો પણ વાંકગુનો નથી. વાંકગુનો હોય તો તે ઉપરવાળાનો છે, ભગવાનનો છે, મારા ભાગ્યનો છે.''



- તમારી અર્ધાંગિની

સ્નેહા...

- આકાશે પત્ર પૂરો કર્યો.

- તેના મુખ પર ગ્લાનિ વિષાદ અને દર્દ છલકી ઉઠ્યું.

- બીજા જ દિવસે નરહરિભાઈ વડોદરાથી પરત આવ્યા. તેમણે ડાકોરનું બધું કામ આટોપી લીધું. આકાશની સાથે તે જરૂર પૂરતું જ બોલતા...

- નરહરિભાઈનું જાણે આકાશ કોઈ રીઢો ગુનેગાર હોય તે રીતનું વર્તન જોઈ આકાશ ખૂબ ખૂબ દુઃખી થયો.. આકાશ વીશીમાંથી બે જણનું ભાણું લઈ લેતો અને સવાર-સાંજ સસરો-જમાઈ સાથે જમવા ટાણે ભેગા બેસતા. પછીના સમયમા બંને જણ પ્રોફેસર આકાશ પોતાની લાઈબ્રેરી (કોલેજની) માં અને કોલેજની દુનિયામાં ખોવાઈ જતો અને નરહરિભાઈ પંડયા રણછોડરાયના મંદિરની સેવા પૂજામાં અને મંદિરના વહીવટમાં ખોવાઈ જતા.

- નરહરિભાઈ આ રીતે ૧૦ દિવસ રોકાઈ મંદિરના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે રાજીનામું આપી, તમામ જવાબદારીઓ બીજાને સોંપી મંદિરમાંથી છૂટા થઈ ગયા... ડાકોરને અલવિદા કરી તેઓ વડોદરા જવા રવાના થયા ત્યારે આકાશ શિષ્ટતા ખાતર બસસ્ટેન્ડે બેગ બિસ્તરા લઈને પોતાના સ્નેહી સસરાને વિદાય કરવા ગયો.

નરહરિભાઈનું વર્તન અને તેમનો વ્યવહાર જોઈને આકાશને પોતાને લાગ્યું કે પોતે શોધી કાઢેલા સગા-સંબંધીઓ અને તેમની વચ્ચેનો સંબંધ સાવ સસ્તો હતો. કોઈપણ કિંમત વગરનો હતો. આવું તો ચાલ્યા જ કરે. આનું નામ જ જિંદગી. જિંદગીમાં આવતી તમામ કઠોર ક્ષણોનો પ્રતિકુળ સંજોગોનો સામનો કરી જે જીવન નૈયાનું સુકાન સાંભળે તે જ ખરો...'' વિચારી સસરાને વિદાય કર્યો પછી આકાશે પોતાનું સ્કૂટર કોલેજ તરફ દોડાવી મૂક્યું.

❀



# ૧૮
# અર્થ વગરનું જીવન

- નિશાન કે લક્ષ્ય વગરનું બાણ, ગતિ વગરની પ્રગતિ કે જળ વગરની માાછલીનું અસ્તિત્વ જેમ સંભવી શકે નહિ, તેવી જ રીતે આકાશની જિંદગીમાં શ્વેતાના ગમનથી અને સ્નેહાના આગમનથી જે શૂન્યતા વ્યાપી ગઈ તેનાથી આકાશના ઘરની આજુબાજુ રહેનારા આડોશી-પાડોશી મિત્રો શાળા કોલેજમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ તથા બીજો સ્ટાફ મિત્ર મંડળ અને બધા તમામ લોકો સવ દિગમૂઢ જેવા બની ગયા હતા. આકાશમાં આવેલા આસમાન ધરતી જેવા પરિવર્તનથી મોઢામાં આંગળા નાંખી ગયા હતા.

- આકાશ જરૂર પૂરતું જ બોલતો, હસતો ફરતો. તે ખપપૂરતો જ બહાર ફરવા નીકળતો...

- વાસણવાળી આવીને ચા, પાણી વગેરેનાં વાસણો સાફ કરી જતી અને કચરો પોતુ કરનારી અને કપડાં ધોનારી પણ જાતે આવીને કપડાં ધોવાનું, ઈસ્ત્રી કરાવી ગડીબંધ રાખવાનું કામ કરી

જતી. અંબિકા લોજવાળો મહારાજ દરરોજ બપોરે બાર-સાડાબાર પછી આકાશના કોલેજથી ઘરે આવવાના ટાઈમે ટિફિન લાવતો અને લઈ જતો. સાંજનું ટિફિન પણ લાવતો અને લઈ જતો. તેની જોડે દૂધ વગેરેની ગોઠવણ પણ આકાશે જાતે જ કરી લીધી હતી.

- આકાશે આ રીતે પ્રતિકુળ સંજોગોની સાથે એકલાએ જ લડવાની, ઝઝૂમવાની અને સામે ટક્કર લઈને જીવવાની બાથ ભીડી હતી અને આકાશે પ્રતિકુળ સંજોગોને આધીન થઈને નહિ પરંતુ પ્રતિકુળ સંજોગોને નમાવીને પોતાને અનુકૂળ હોય તેમ બનાવીને જિંદગી જીવવાનું નક્કી કર્યું હતું.

- જિંદગી જીવતાં શીખો.

- જીવન જીવવું એ પણ એક કળા છે. કોઈ મારી મરીને જીવે છે તો કોઈ હંમેશાં મસ્તીમાં જીવી જાણે છે. કોઈ હરહંમેશાં કજિયો કંકાસ, લડાઈ-ઝઘડા અને વૈમનસ્યનું વાતાવરણ પેદા કરી જીવન જીવવાનું જાણે છ. જ્યારે બીજું કોઈ નિજાનંદમાં, પોતાની મસ્તી મોજમાં, આનંદ-ઉલ્લાસમય વાતાવરણ પેદા કરીને જીવન જીવે છે. જ્યારે બીજો કેટલાક પારકાના સુખદુઃખનો વિચાર કરીને, વૃક્ષ જેવું પરમાર્થી-પરોપકારી જીવન જીવે છે. બગીચામાં જેમ રંગબેરંગી જાતજાતનાં અને ભાતભાતના સુગંધવાળ પુષ્પો ખીલે છે તેમ ભગવાને પણ આ સંસારબાગમાં જુદા જુદા પ્રકારની જિંદગી જીવી જાણતાં માનવપુષ્પો ખીલવ્યાં છે. જેની વિવિધતાથી આખી દુનિયા રંગીન લાગે છે.

- આ બધી જ હકીકત આકાશ દિવસે, ધોળે દિવસે સૂર્યપ્રકાશમાં પોતાનાં વિશાળ નેત્રો હરદમ ખુલ્લાં રાખીને નીહાળ્યા કરે છે જ્યારે



રાત્રિ દરમ્યાન પોતાના વિશાળ પટમાં નાનકડાં ઝગમગ ઝગમગ તારલાઓને પોતાનું પ્રતિનિધિત્વ આપીને આખી સૃષ્ટિની રાત્રીચર્ચા નિહાળવા માટે મોકલી આપે છે. આ બધુ જ સતત જોયા કરે છે. તેમ છતાં આકાશને કોઈ થાક નથી. બેચેની નથી, ઉશ્કેરાટ નથી કે કોઈ ઉદ્દેશ નથી. પોતાના વિશાળ દિલમાં, સુખ-દુઃખ, આશા-નિરાશા, સંતોષ-અસંતોષ, રાગ-વેરાગ, ઉદ્વેગ, ક્રોધ, શાંતિ-અશાંતિ વગેરે ભાવોને દબાવી રાખી, મહાપરાણે દબાવી રાખીને આકાશ આ બધુ સતત નીરખ્યા કરે છે, જોયા કરે છે, હા, કોઈવખત આ બધા ભાવ, આ બધી લાગણીઓ કાબૂ બહાર જતા રહે યા નિયંત્રણ બહાર જતા રહે ત્યારે વર્ષાઋતુ ટાણે આકાશમાં મેઘાડંબર ગાજે છે, મેઘગર્જના અને આકાશી કડાકા થાય છે, સતત વીજળીના પ્રકાશ પુંજોના તેજ લિસોટા સાથે જે વાતાવરણ સર્જાય છે તેનાથી આકાશના હૃદયની વિહ્વળતાનો આછો ખ્યાલ સમજનારાને આવી જતો હોય છે.

- બહાર વરસાદ પડી રહ્યો હતો. મુશળધર વરસાદ... તોફાની રાત્રિ.... કાળું કાળું ધબ્બ વાતાવરણ છે. આકાશ વાદળોથી-પાણી ભરેલાં વાદળોથી ઘેરાયેલું છે. આકાશમાં વીજળીના કડાકા હૃદયને ચીરી નાંખે તેવા સંભળાય છે. મેઘગર્જના ધ ડા ધ ડ ડ ડ ... ધ ડ ડ ડ ધડાડડ... ધમ્મ કરીને તે વાતાવરણની ભયાનકતામાં ઉમેરો કરે છે. ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. મેઘો લગભગ કલાક, બે કલાકથી મંડ્યો છે, થોભવાનું નામ લેતો નથી. આજે આકાશ પોતાના ભારેખમ દિલમાં હોય તેટલો ડુમો કાઢી નાંખી, પિગાળી દઈ, ઓગળી નાંખી,જોરજોરથી તડાકા-ભડાકા અને વહેતા તોફાની વાયરાના વાકોરણ (ઝંઝાવાત) સાથે

રડી રહ્યું હતું. ખૂબ ખૂબ વરસાદ પડી રહ્યો હતો. રાત્રિના દોઢ વાગ્યો હતો. પોતાના વિશાળ મકાનમાં એકલોઅટૂલો પ્રોફેસર આકાશ વિહ્‌વળતાથી આંટાફેરા મારી રહ્યો હતો.

- બહાર આકાશની વિહ્‌વળતા છે. તે આજે મન કરીને રડી રહ્યું છે અને આ ધરતીમાંનો પાલવ, પછેડો ખૂબ ખૂબ પલાળી રહ્યું છે. જેમ રડતાા બાળકને, હિબકેને હિબકે રડતાં, કકળતા, ચોધાર આંસુ વહાવતા બાળકને પોતાની પ્રમાળ, હૂંફાળી ગોદમાં સમાવી લઈ જરૂર જણાયે તેને પાવન કરાવીને પણ શાંત કરવાની માની ઈચ્છા થાય તેમ ધરતી માતા પણ આકાશને પોતાની હૂંફાળી ગોદમાં લઈ લઈ મીઠું ચુંબન દઈ દઈ શાંત કરવા તડપી રહી છે, તેવું વાતાવરણ સર્જાયું હતું.

- અંદર પોતાના બંગલામાં પ્રોફેસર આકાશ દશગણી વિહ્‌વળતાથી આંટાફેરા મારી રહ્યા હતા. કાચની બારીઓ તોફાની વાયરાના કારણે ધડાધડ ઉઘાડબંધ થયા કરે છે.જેનો ધ્વનિ, પ્રતિધ્વનિ હરદમ સંભળાયા કરે છે. પવનના સુસવાટા ઠંડી ઠંડી હવાનાં મોજાં સાથે સતત સંભળાતા રહે છે.

- આકાશના હૃદયની બારીઓ પણ ઉઘાડબંધ થયા કરતી હતી.

- આકાશને દુઃખી આકાશને પોતાના ગુલાબી, પ્યારા પ્યારા બાળકો રાહુ, કેતુ, ચિરાગ, જગત યાદ આવી રહ્યા હતા, રાહુ કેતુની હસ્તી, હયાતિ તો ક્યારનીયે નાબૂદ થઈ ગઈ હતી. ભલા ભગવાનને રાહુ, કેતુની જોડી આકાશની ગોદમાં રમ્યા કરે તે ગમ્યું નહિ હોય, તે કારણે અથવા બીજા ગમે તે કારણે રાહુ-કેતુને છીનવી લીધા તેથી તેમનું દુઃખ થાય તેના કરતા આ દુનિયામાં જે હયાત છે


જેઓ જીવતા જાગતા છે... હરે છે ફરે છે. શ્વાસોશ્વાસ લઈ રહ્યા છે તેવા જગત અને ચિરાગને લઈને પોતાના કોઈપણ જાતનો વાંકગુનો નથી તે જાણ્યા છતાં જેટલી કઠોરતા રાખીને, કઠોરતા દાખવીને સ્નેહા બંને બાળકો તથા વકીલ પિતાશ્રી નરહરિભાઈને સાથે વડોદરા વહેતી થઈ ગઈ. તેનાથી આકાશના દિલમાં અપાર દુઃખ દર્દ થઈ રહ્યું છે. તે ખૂબખૂબ વિહ્‌વળ થઈ રહ્યો હતો.

- વારાફરતી બા, બાપુજીની યાદ આવી રહી હતી. મા એટલે મા. બીજા બધા વગડાના વા... ગૌમુખી જે હેત, દયા, માયા અને લાગણી રાખી આકાશની દરેક દરેક જાતની ચિંતા કરી કરીને આકાશનું કામ કરી દેતી તે વાત આજે આકાશના દિલમાં, કોઈ શૂળ ભોંકાય અને જે વેદના થાય તેવી વેદના, દુઃખ સાથે યાદ આવી રહી હતી.

- બાપુજી.... ગિરધરભાઈ મીઠાઈવાળા....!

- રાહુ, કેતુના પ્યારા પ્યારા દાદા ગિરધરકાકા પોતાના વહાલસોયા બાપુજીને યાદ કરીન. આજે આકાશ રડતો હતો... ડૂસકે ડૂસકે રડતો હતો. ગૌમુખી અને ગિરધરકાકા ક્યાં હાજર હતા ? આકાશને વાંસે હાથ ફેરવી ફેરવવીને પાણીનો ગ્લાસ દઈ રડતા કકડતા એના કરૂણા ભરેલા રુદનને શાંત કરે.

- જે લોકોએ સારાં કર્મો કર્યા હોય છે તે લોકો જલદી જલદી વૈકુઠવાસી બની જતાં હોય છે તે રીતે રાહુ-કેતુ-ગૌમુખી-ગિરધરકાકા શ્વેતાના બા-બાપુજી અને બીજા બધા જ પુણ્યશાળી જીવો (સ્નેહાના સ્વ. પતિ વગેરે) પ્રભુધામમાં પહોંચી ગયાનું દુઃખ દર્દ આકાશના હૈયે હતું.પણ આજે પોતે એકલો અટૂલો, લાચાર, નિરાધાર

અવસ્થામાં જે જે મુસીબતોનો સામનો કરી રહ્યો છે. મુસીબતો સામે હસતા હસતા ટક્કર લઈ રહ્યો છે અને તેને કોઈ જોનાર નથી તે વાતનું આકાશના હૈયે અપાર દુઃખ છે, ગ્લાનિ છે, વિહ્વળતા છે....

- શ્વેતા યાદ આવી રહી હતી....

- શ્વેતાની સાથે ગુજારેલ ભૂતકાળના ભડકાઓ, અગનઝાળો, આકાશના દિલને બાળી રહ્યા હતા. દઝાડી રહ્યા હતા.

સ્નેહા યાદ આવતી હતી.

- આકાશની આંખો ચોધાર આંસંડા પાડી પાડીને રડી હતી. આંખોમાં ગંગા-જમના ઉભરાઈ રહ્યા હતા. પુરુષ પણ હૃદયનું એટલું બધું કઠણ પાન છે કે ભાગ્યે જ રડતું હોય છે. આકાશ આજે હૈયાફાટ રડતો હતો.

- બહાર વાતાવરણમાં વરસતો વરસાદ, મુશળધાર વરસાદ ઉંચે ઉંચે આભલાની, આકાશની છાતી ચિરાઈ રહી હતી અને તે ચીરાયેલી છાતીમાંથી વાદળોમાંથી વરસતા વરસાદના પાણીના ટીપાં, મુશળધાર રીતે વરસતા હતા. જે ઘરની અંદર રડતા આકાશના હૈયાની વાચા આપી રહ્યા હતા.

- યાંત્રિક જીવનથી હારેલો, એકલો, થાકેલો, અટૂલો સાધુ સંત ફકીર જેવો વૈરાગી આકાશ ખરેખર ખૂબખૂબ દુઃખી હતી.

- પાણી વાળી પાણી ભરી જાય...

- દૂધવાળો દૂધ આપી જાય એટલે વાસણવાળી બાઈ આવી ચા બનાવી દે અને ચા-પાણીનાં અને રાત્રિનાં ટિફિનનાં વાસણ ઘસતી જાય... કચરો પોતુ કરનારી બાળ કચરો પોતુ અને કપડાં


ધોઈ દઈ બજારમાં ઈસ્ત્રી કરાવી દઈ યથાસ્થાને મૂકી જાજાય. આ બધી ક્રિયાઓ-પ્રક્રિયાઓ વચ્ચે કોઈ સંબંધ કે લાગણી જોવા નથી મળતી આકાશને ! આ બધા પગારદારી નોકરી વચ્ચે આકાશ કયા પ્રકારની લગણી, માયા-હેતભાવ રાખે... તે તો નોકરીનો સાહેબ હતા. દુઃખ સહેબ, દરિયા જેવું વિશાઈ દિલ ધરાવતો સાહેબ....

- અર્થહીન જિંદગીથી કંટાળેલો, હારેલો, પ્રોફેસર આકાશ પોતે પલંગમાં પડ્યો અને ક્યારે ઉંઘી ગયો તે હકીકતની તેને ખબર પણ ન પડી....

- બહાર વરસાદ ચાલુ રહેતો, મુશળધાર વરસાદ વરસતો હતો આકાશની છાતી ચીરી ચીરીને પાણી ધરતીની ગોદમાં ગોળાકાર ટીપાં બનીને ચુસાઈ જતું હતું.

- બહાર વીજળી થતી હતી. કડાકા થતા હતા. મેઘગર્જના, કડાકા-ભડાકા સંભળાતા હતા.

- પ્રોફેસર આકાશના ઘરમાં પણ વીજળી ચાલુ હતી. આકાશ સ્વિચ ઓફ કરવાનું ભૂલી ગયો હતો. એટલે ટ્યૂબલાઈટ જાગતી હતી. સળગતી હતી. દૂધિયો પ્રકાશ વેરતી હતી. જેનો પ્રકાશ ઉઘાડ બંધ થતી બારીઓ દ્વારા બહારના વતાવરણમાં વરસતા વરસાદમાં ટીપાને આરપાર ચીરીને વાતાવરણમાં ફેલાઈ જતો હતો.

## ૧૯
# સ્નેહા અને શ્વેતા સરી ગયાં

- બીજે દિવસે સવારના પહોરમાં જ નરહરિભાઈ પંડ્યાનું આગમન થયું. પંડયા સાહેબ ઘણા સમય પછી પોતાના જમાઈની ખબરઅંતર પૂછવા આવ્યા હતા.

- બપોરના સમયે પંડયા સાહેબ પોતાના ઘરજમાઈનો દરવાજો ખખડાવ્યો.

- "આકાશ દરવાજો ઉઘાડો, બરાબર ઉંઘી ગય કે શું ?"

- બપોરની ઉંઘમાં ખલેલ પડવાથી આંખો ચોળતો આકાશ લુંગીનો છેડો બરાબર કરી દીવાનખાનામાં આવ્યા, તેણે જાળીમાંથી પોતાના સસરાને જોયા...

- "આવો... પંડયા સાહેબ...... કેમ બહુ દિવસે યાદ આવ્યો એટલે મારી ખબરઅંતર પૂછવા દોડી આવ્યા."

- "ના...રે...ના... એક વાત ... સારી ગમી જાય તેવી વાત કહેવા આવ્યો છું... જે સાંભળીને કદાચ તું ખુશ થઈ જશે."

- "શી વાત છે ? કહો તો ખરાં ... ! તું તમારી ખુશીમાં સામેલ થઈ જાઉં..." આકાશે કહ્યું.

- 'તમારો જગત ચિરાગ અને તેની મમ્મી આવતા ગુરૂવારે એરોડ્રામથી લંડન જવા પ્લેન પકડવાના છે. સ્નેહાએ તને મળવા બોલાવ્યો છે. સ્નેહા તમને જોવા ઈચ્છે છે. મને લાગે છે કે તમે



સ્નેહા, જગત, ચિરાગને એક વાર મળી લો એટલે સૌ સારા વાના થઈ જશે." કહેતાં કહેતાં નરહરિભાઈની આંખો ભરાઈ આવી.

- "તમારે નિરાશ થવાની જરૂર નથી. હું ચોક્કસ સ્નેહા, જગત અને ચિરાગને મળવા અને તે લોકોને વિદાય આપવા ચોક્કસથી જ આવીશ. હું એમ જ ઈચ્છું છું કે દુનિયા પારના દેશમાં જઈ મારાં બાળકો ખૂબ ખૂબ ભણે અને સ્નેહા ખૂબ ખૂબ સુખી બને. આબાદ બને..." કહેતાં કહેતાં આકાશને અવાજ ગળગળો થઈ ગયો, અવાજ ભારે બની ગયો...."

- બે દિવસ રોકાઈને નરહરિભાઈ પંડયા સાહેબ વડોદરા જતા રહ્યા. આકાશને ખૂબ ખૂબ કહેતા ગયા કે તમો ચોક્કસ વડોદરા આવજો ત્યાંથી આપણે વડોદરા એકસપ્રેસ મારફતે મુંબઈ જઈશું. અને બીજો આખો દિવસ  રોકાઈને સ્નેહા, ચિરાગ, જગત વગેરે વગેરે રાતના એક વાગ્યાના પ્લેનમાં લંડન જવા ઉપડી જશે. તમે ચોકકસ આવજો હોં....' કહી નરહરિભાઈ વડોદરા જતા રહ્યા હતા.

- આકાશના મનમાં એ હકીકત જાણીને ખૂબ ખૂબ આનંદ અને સંતોષની લાગણી થઈ રહી હતી કે પરદેશ જઈને સ્નેહા, ચિરાગ, જગત બધા ખૂબ ખૂબ સુખી થશે.

- જગત અને ચિરાગ ખૂબ ખૂબ ભણશે, મોટાં થશે અને આગળ વધશે.

- પોતે કરેલા વાયદા મુજબ આકાશ વડોદરા પહોંચી ગયો. વડોદરા એક દિવસ રોકાઈને બધા વડોદરા એકસપ્રેસમાં બેસી બોમ્બે જવા રવાના થયા.

- બોમ્બે એરપોર્ટ પર સ્નેહા, જગત, ચિરાગ, લંડન જવા

તૈયાર થઈ ગયા. નરહરિભાઈને, સ્નેહાના બાપુને નાનકડો ચિરાગ ખૂબખૂબ વહાલો હતો પણ સ્નેહા પોતાની છાતીએથી પોતાના વહાલસોય બાળકોને અલગ કરવા તૈયાર ન હતી.

- ''સ્નેહા, તારું શરીર સાચવજે અને છોકરાંને જરા પણ દુઃખ પડવા દઈશ નહીં હો.'' આકાશે કહ્યું.

- ''તમે જેટલા અમોને દુઃખી કર્યા છે તેટલા દુઃખી તો હું નહિ કરું હોં..હું તમારા જેવી સાવ નફફટ નથી હોં...'' સ્નેહા બોલી.

- એરોડ્રમ પર લંડનની સફર શરૂ કરવાની રાહ જોતું એર-ઈન્ડિયાનું જમ્બો જેટ વિમાન રન વે પર ઉભું હતું... ક્યારે ફલાય ઓફ કરવાનો સંદેશો મળે અને હવાઈ ઉડ્ડયન શરૂ થાય તેની રાહ જોતું વિમાન ઉડવાની તૈયારીમાં ઉભું હતું.

- વારાફરતી સ્નેહા, જગત અને ચિરાગ એમ બધાં જ પોતાના બિસ્તરા પોટલા સાથે ઈન્ડિયન એરલાઈન્સના રાક્ષસી કદના મહાકાય વિમાનન પેટમાં બેસી ગયા.

- એરપોર્ટ પર કોઈ લેડી એનાઉન્સર કરી રહી હતી કે, ''ફલાણા નામના, ફલાણી ટિકિટ ધરાવતા પ્રવાસીઓ હજુ સુધી પોતાની બેઠક લીધી નથી. તેમને વિનંતી કરવામાં આવે છે કે તેઓએ પાંચ મિનિટમાં પોતાની બેઠક સંભાળી લેવી. પાંચ મિનિટ સુધી રાહ જોયા બાદ ઈન્ડિયન એરલાઈન્સ એજન્સીનું વિમાન ભારત છોડશે. ત્યારબાદ કોઈ જવાબદારી રહેશે નહિ.'' એનાઉન્સમેન્ટ પૂરું થયું.

- પાંચ મિનિટ બાદ રન-વે પર ઈન્ડિયન એરલાઈન્સનું 'ચેતક' દોડીને આકાશમાં અધ્ધર તોળતું હતું.

- બધાને વિદાય કરીને નરહરિભાઈ તથા વડોદરાવાળા વેવાઈ



અને તેમના સગા વહાલાં સાથે બધા પાછા ભાગ્યા કે જ્યાં આગળ બધા ઉતર્યા હતા તે સ્થળ તરફ.

- બીજા દિવસની વહેલી સવારે બી.બી.સી. લંડન પરથી જયારે બધાએ સમાચાર સાંભળ્યા કે... ગઈ કાલે રાત્રે ૧-૩૦ (દોઢ) કલાકે ઉપડેલ ઈન્ડિયન એરલાઈન્સનું 'ચેતક' એરોપ્લેન યાંત્રિક ખામીને કારણે અને ખરાબ વાતાવરણને કારણે તૂટી પડયું છે. નાશ પામ્યું છે... અકસ્માતમાં એરોપ્લેનમાં મુસાફરી કરતાં કોઈ મુસાફરો બચ્યા નથી. બધાનાં મરણ નીપજયાં છે.'' આ સમાચાર સાંભળી નરહરિભાઈ બેસી જ પડ્યા.. ઓચ્છવલાલ (કૌશિકના કાકા) પોતાના ભાઈ મનસુખભાઈના મૃત્યુના સમાચાર સાંભળીને બેભાન થઈ ગયા જયારે ધનલક્ષ્મી (સ્નેહાની સાસુ)ની હાલત સાવ કફોડી બની ગઈ. આમ બધા જે જે ખુશીઓ લઈને આવ્યા હતા. જેટલા આનંદ, ઉમંગ, ઉમળકાથી પોતાના સગાસંબંધી સ્નેહીઓને મૂકવા માટે, વળાવવા માટે આવ્યા હતા તેના કરતાં બમણું દુઃખ દર્દ નિરાશા અને આઘાત લઈને મુંબઈ તરફ જઈ રહ્યા હતા.

- આકાશ પણ બધી જ રીતે સાવ હતાશ, નિરાશ થઈ ગયો. તેના હૈયામાં બચેલી, રહીસહી આનંદની કોઈ સંતોષની વેલ જાણે અજાણે મુરઝાઈ ગઈ. આકાશની બધી જ દુનિયા લૂંટાઈ ગઈ. બરબાદ પણ થઈ ગઈ. પોતાની ઘરવાળી પોતાના બે (અગાઉના) તથા બીજા બે એમ ચાર ચાર છોકરા વારાફરથી એક યા બીજા કારણે અકસ્માતમાં માર્યા ગયા. ભગવાનના પરમધામમાં પહોંચી ગયા. તેનાથી આકાશનું હૈયું ચિરાઈ ગયું. આકાશના દિલમાં અવારનવાર દુઃખ થઈ રહ્યું હતું. પણ કોને કઈ રીતે કહે ? કોની

આગળ પોતાની હૈયવરાળ ઠાલવી હૈયાનો બોજ હળવો કરે ? આકાશના તમામ સ્નેહી, સગાંસંબંધીઓએ આકાશને બની શકે તેટલી રીતે, બની શકે તેટલા શક્ય પ્રયાસો કરી સાંત્વન-આશ્વાસન આપવા ખૂબ ખૂબ પ્રયત્નો કર્યા.

- જિંદગી એનું નામ છે જેમાં દુઃખના પોટલાં વધારે અને સુખનો સુંવાળી સાથ ઓછો હોય છે.

- પુરૂષોએ પોતાની જિંદગીમાં આવતા તમામ દુઃખ મુશ્કેલી અને વિટંબણાઓનો સામી છાતીએ હસી હસીને સમનો કરતાં શીખવું જોઈએ. તમામે તમામ પ્રકારનાં દુઃખ દર્દ મુશ્કેલીઓને ઓગાળીને પી જાય તે જ સાચો પુરૂષ. કુદરતનાં તમામ તત્તવો પણ આ જ હકીકત કહી રહ્યા છે. સૂર્ય પોતે તપી આખી દુનિયાને રોશની આપે છે. વૃક્ષો પોતે તાપ વેઠીને પણ બીજાને ઠંડો મીઠો છાંયડો આપે છે. કાંટામાં ખીલેલું ગુલાબ પણ હસી હસીને પોતાની જિંદગી પૂરી કરે છે. બીજાને રસસુગંધ આપીને પોતાનું જીવન પરોપકારી રીતે જીવ્યાનો જે આનંદ મળે છે તે આનંદની લાગણી ગુલાબ જેવા બીજા ઘણા બધા પરોપકારી જીવોએ માણી હશે. અનુભવી હશે. આવી લાગણીઓનો ખ્યાલ સ્વાર્થી દંભીઓને ક્યાંથી આવી શકે ?

- ગુજરાત એક્સપ્રેસ વલસાડ છોડીને સડસડાટ અમદાવાદની દિશામાં આગળ વધી રહ્યો હતો. રીઝર્વેશન ડબ્બામાં (યેનકેન પ્રકારે) જગા મળી જતાં આકાશ અને બીજા બધા સ્નેહી સંબંધીનો પોતપોતાના મૂડમાં ગરકાવ બનીને બેઠા હતા.

- વલસાડ વટાવ્યા પછી આકાશને ક્ષિતિજ, કૌમુદી, ધ્રુવ, શ્વેતા યાદ આવી ગયાં. સુરત આવવાને હજી કલાક અડધો કલાકનો સમય હતો. પોતે આવા સંજોગોમાં પોતાના મિત્રમંડળને મળવા


જાય તો પોતાના સાસુ, કાકાસસરા તેમજ વડોદરાવાળા બીજા સ્નેહી સગાં મિત્રોને કેવું લાગશે ?'' એવું આકાશ મનોમન વિચારી રહ્યો હતો. ગુજરાત એક્સપ્રેસ પોતાની પૂરઝડપે અમદાવાદ તરફ આગળ વધી રહ્યો હતો - વહી રહ્યો હતો.

- ''બા, હું સુરત ઉતરી જાઉં ? મારા એકાદ બે મિત્રો સુરતમાં રહે છે ? તેમને મળી લઉં અને ત્યાં તેમને મળીને સાંજના સૌરાષ્ટ્ર એક્સપ્રેસ કે પછી બરોડા એક્સપ્રેસમાં જલદીથી પાછો આછી જઈશે આકાશ ઉવાચ...!

- ઓચ્છવલાલે પહેલાં ધનલક્ષ્મી સામું જોયું પછી કહ્યું ''આકાશ પહેલાં તમે વડોદરા ચાલો ત્યાં તમે અઠવાડિયું રહો. તમારા હૈયે હળવાશ થાય એટલે પછી જજો...''

- ''ના મુરબ્બી મારું મન કહે છે કે હં સુરત ઉતરી જાઉં અને ઝાઝું રોકાઈશ પણ નહિ... તરત જ વળતી ગાડીમાં પાછો આવી જઈશ. વડોદરા પછીથી રોકાઈશ'' આકાશે કહ્યું ત્યારે ''ભલે તમારી જેવી ઈચ્છા. તમારો સામાન અમે વડોદરા લઈ જઈશું'' ઓચ્છવલાલે કહ્યું.

- ''ના રે ના, તમને તકલીફ શું કામ આપું ? મારો કોઈ ખાસ સરસામાન નથી. એક વીઆઈપી સફારી બેગ છે. તેમાં મારાં કપડા છે. વજન પણ નથી એટલે મારી જોડે રહેશે.'' આકાશે વળતો જવાબ આપ્યો.

- બધાએ આ વાતને મૌન સેવી મૌખિક સમર્થન આપ્યું. કોઈ ખાસ કાંઈ બોલ્યું નહિ. મતલબ એ જ કે આકાશ સુરત ઉતરી જાય તે બાબતે વાંધા હરકત જેવું ન હતું.

- ''ગુજરાત એક્સપ્રેસ'' થાક ખાવા સુરત સ્ટેશને ઘડીક

થોભ્યો. એટલે બધાંને 'આવજો'- હું તરત જ પાછો ફરું છું.'' એમ કહીને આકાશ ટ્રેનમાંથી ઉતરી પડ્યો...

- સુરત શહેરમાં 'ક્ષિતિજ... કૌમુદી, ધ્રુવ શ્વેતાને શોધવા ક્યાં ? પૂરેપૂરું પણ આકાશને યાદ ન હતું. આકાશને એસ.ટી. કોલોની યાદ આવી અને એસ.ટી. વિભાગ કચેરી યાદ આવી એટલે આકાશ ''ક્ષિતિજ ઓફિસે ચોક્કસ મળશે...'' તેમ વિચારી રેલ્વે સ્ટેશનેથી સીધો એસ.ટી. ની વિભાગીય નિયામકશ્રીની કચેરીએ ગયો. ઓફીસેથી સમાચાર જાણવા મળ્યા કે 'ક્ષિતિજભાઈ તેમના કોઈ સંબંધી બેનની તબિયત બરાબર નથી એટલે તેમના ઘરે ગયા છે...'

- કોની તબિયત બગડી હશે ? કૌમુદીની કે પછી શ્વેતાની ? શું થયું હશે ?.. .વધારે બીમાર તો નહીં હોય તે ? આકાશ વિચારતો હતો. તે જોઈને પાણી લઈ આવેલા પટાવાળાએ પાણી આપ્યા પછી કહ્યું 'સાહેબ' તમારે મોટા સાહેબના ઘેર જવું છે ? ચાલો તમને મૂકી જાઉં !

- 'હા, ચાલોને ભાઈ, હું આ બાજુ પહેલી જ વખત આવ્યો છું. એટલે આ શહેર મારા માટે બિલકુલ અજાણ્યું છે.' આકાશે કહ્યું.

- થોડી જ વારમાં પટાવાળા સાથે આકાશ ક્ષિતિજના ઘરે એસ.ટી. કોલોનીમાં જ્યારે પટાવાળા સાથે આકાશ પહોંચ્યો ત્યારે કોઈ હાજર ન હતું. ત્યાંથી સમાચાર જાણવા મળ્યા કે બધાં જ શ્વેતાની તબિયત ગંભીર હોઈ શ્વેતાને ઘરે ગયાં છે.

- આકાશનો જીવ અધ્ધર થઈ ગયો. એ દોડમદોડ કરી શ્વેતાના ઘરે પહોંચ્યો. પટાવાળો ક્ષિતિજને અને આકાશને ભેગા કરી દઈ ઓફિસે જવા રવાના થયો.



- જિંદગી પરપોટા સમાન છે. પાણીમાં પડેલો પરપોટો ક્યારે ફૂટી જાય તે વાતનું કાંઈ નક્કી નથી. તેની કોઈ નિશ્ચિતતા નથી તેમ માનવીની જિંદગીનું પણ છે... આજે બે ઘડી પહેલાંનો હસતો કૂદતો, ફરતો જીવતો જાગતો માનવી બે ઘડી પછી આ દુનિયાને છોડી બીજી દુનિયામાં જતો રહે છે. ત્યારે તે વખતે આપણે આ બધાનો કર્તા હર્તા સર્જનહારે ઈશ્વર, પ્રભુ પરમ કૃપાળુ પરમાત્મા યાદ આવી જાય છે. ભગવાનની લીલા અકળ છે. ન્યારી છે, અનોખી છે.

- શ્વેતાના ઘરે બધા માણસો એકઠા થઈ ગયા હતા. શ્વેતા બેહોશ હતી. ક્ષિતિજના ફેમિલી ડોકટર ખાનપુરા સાહેબ ફોન પર સંદેશો' મળતાં જ આવી ગયા હતા અને તેમણે ઉપરાઉપરી બે ત્રણ ઈંજેકશન આપીને તાત્કાલિક સારવાર શરૂ કરી દીધી હતી. વળી ખૂબખૂબ અશક્તિ આવી ગઈ હતી. એટલે ગ્લુકોઝના બાટલા (શક્તિ માટે) ચઢાવવામાં આવ્યા હતા.

- 'સારું થયું આકાશ તમે સમયસર આવી ગયા તે બાકી અમારો જીવ તો અધ્ધર થઈ ગયો હતો...' ક્ષિતિજે આકાશના ખભે હાથ મૂકતાં કહ્યું.

- ''પણ શ્વેતાને અચાનક થયું છે શું.... ?'' આકાશે કહ્યું.

- 'કાંઈ વાંધાજનક નથી. બ્લડપ્રેશર ખૂબ નીચું ગયું એટલે ચક્કર આવવાની સાથે એ બેહોશ થઈ ગયાં. હા, મેં ઘેનનું ઈંજેકશન આપ્યું છે. એટલે પેશન્ટને આરામ કરવા દેજો.. આકાશે જ્યારે પૂછયું ત્યારે ક્ષિતિજની બાજુમાં ઉભેલા ડોકટર ખાનપુરા સાહેબ બોલી ઉઠ્યા.

- 'ડોકટર સાહેબ વાંધો તો નહિ આવે ને ? જરૂર હોય તો

હોસ્પિટલમાં ખસેડીએ...' કૌમુદી બોલી.

- 'ના...હાલ તો પેશન્ટ નોર્મલ છે. હું સાંજે ચક્કર મારી જઈશ. વચ્ચે જરૂર જણાય તો મને ફોન કરી દેજો... બધી જ દવાઓ અને ઈંજેકશન આપ્યાં છે... હવે હું જાઉં છું...'

- ફેમીલી ડોકટર ખાનપુરા સાહેબ જતા રહ્યા...

- શ્વેતાબે'નને હવે સારું છે એવા સમાચાર ડોકટર મારફતે જાણી, કાંઈક રાહત અનુભવી. શ્વેતાની આજુબાજુના આડોશી પાડોશી વરાઈ ગયા... ધ્રુવ પણ ફ્રુટસ વગેરે લેવા બજારમાં ઉપડી ગયા...

- હવે ક્ષિતિજ, કૌમુદી એકલાં પડ્યાં ત્યારે આકાશે બધી હકીકત સંભળાવી રહ્યો. પોતે કાંઈ વધારે આઘાત સહી કરી શકશે નહી... કારણકે સહનશીલતાની પણ મર્યાદા હોય છે. ક્ષિતિજ, હું તો મારી જિંદગીની વિટંબણાથી-મુશ્કેલીઓથી થાકી ગયો છું, હારી ગયો છું... લાચાર, મજબૂર બની ગયો છું. જિંદગીને જીવવામાં, જાણવામાં, માણવામાં હવે કાંઈ રસ રહ્યો નથી. એકલો જીવીને હું શું કરું ? કોના માટે જીવું ? કઈ રીતે જીવું ?' કહેતા કહેતા આકાશ લગભગ ખુલ્લેખુલ્લા મને ડૂસકે ને ડૂસકે રડી પડ્યો... તેની આંખમાંથી ચોધર આંસુની ધારા પડવા લાગી.

- જિંદગીમાં થયેલા દુઃખ ભરેલા અનુભવો, આઘાતોથી થાકીને માનવી બિલકુલ તૂટી જાય છે. હિંમત વગરનો થઈ જાય છે, નાસીપાસ થઈ જાય છે. નિરાધાર બની જાય છે. ઉપરાછાપરી બની ગયેલી દુઃખભરેલી ઘટનાઓના વજ્રાઘાતથી આકાશ પણ હવે લગભગ પાંગળો બની ગયો હતો, તૂટી ગયો હતો, લાચાર અસહાય બની ગયો હતો... કૌમુદી અને ક્ષિતિજે આકાશને રડાય તેટલો રડી



લેવા દીધો.... ખૂબખૂબ રડવા દીધો. આકાશે અડધો કલાક સુધી બાળકની જેમ રડ્યા કર્યું પછી આકાશનાં ડૂસકાં ઓછાં થયાં. એટલે કૌમુદી પાણી લઈ આવી. આકાશ પાણી ગટગટાવી ગયો. આકાશ પોતાનાં દુઃખદર્દને ઓગાળી નાંખવા પિગળાવવા માટે વ્યર્થ પ્રયત્ન કરી રહ્યો હતો...

- બાજુની રૂમમાં શ્વેતા આરામ કરી રહી હતી. આકાશની શ્વેતા. આકાશની વ્હાલી શ્વેતા બેહોશ હતી. ઘેનમાં હતી. તેને ક્યાં ખબર હતી કે જેને તરછોડીને જેનો ત્યાગ કરીને શ્વેતા કોઈ સાધ્વીની અદાથી અલગ રીતે રહી છે. તેનો આકાશ જિંદગીમાં આવી પડેલ ઝંઝાવાતથી હિંમત હારી જઈને બાળકની અદાથી ડૂસકે ડૂસકે છૂટા મોંઢે રડી રહ્યો છે.

સાંજના સાડા છ વાગ્યે શ્વેતા ભાનમાં આવી ત્યારે આકાશ શ્વેતાને મળવા તેની રૂમમાં ગયો. ડોકટરના તેમજ કૌમુદીના કહેવા પ્રમાણે કોઈ આઘાત લાગે તેવા સમાચાર કહેવા નહિ.જો તેમ થાય તો દર્દીના માટે ખતરારૂપ છે. તેથી મહાપરાણે આકાશે મનનું દુઃખ મનમાં રાખ્યું અને બહારથી હસતું મોં રાખી શ્વેતાની સામે બેઠો.

- શ્વેતાએ ધીમેથી પોતાની આંખો ખોલી દીધી. શ્વેતાએ આકાશને જોયો અને આકાશને શ્વેતાએ. બંને એકબીજાને જોઈ જ રહ્યાં. આકાશ ધીમેથી ખુરશીમાંથી ઉઠ્યો. અને પલંગ પર બેસી શ્વેતાના કપાળે તેમજ માથે હાથ ફેરવીને...

- 'શ્વેતુ કેમ છે તને હવે ? તને શું થઈ ગયું...' ગળગળા સ્વરે આકાશ બોલતો હતો.

- 'તમે આવી ગયા. ઘણું જ સારું થયું. હું તો તમારી જ રાહ

જોતી હતી. મારા મનમાં થયા કરતું હતું કે તમો ચોક્કસ આવશોજ. કોઈપણ સંજોગોમાં તમે આવ્યા વગર નહિ કરો જ... બોલતાં બોલતાં શ્વેતા થરથરતી હતી. હાંફતી હતી. તેનો શ્વાસ જોરજોરથી ચાલતો હતો.

- કૌમુદી, ક્ષિતિજ અને ધ્રુવ વગેરે પણ ઉભાં હતાં. 'શ્વેતા તું બહું બોલબોલ કરીશ નહિ, તને થાક લાગશે. તમારું દર્દ વધી જશે...' આકાશ અકળાયો.

- 'ભલે મને થાક લાગે.. ભલેને મારું દર્દ વધી જાય. મારું દર્દ તમારા દર્દ કરતાં વધારે નથી. મેં તમને ખૂબ ખૂબ હેરાન કર્યા છે. દુભાવ્યા છે. તમારી લાગણીઓને ક્રૂર થઈને મેં ઠોકરો મારી છે.મારાં છોકરાં (રાહુ-કેતુ) ને પણ હું જ ડાકણની જેમ ખાઈ ગઈ છું....' કહી શ્વેતા રડી પડી. તે ખૂબખૂબ રડવા લગી ત્યારે કૌમુદી પાસે સરી આવીને પાણીનો ગ્લાસ ક્ષિતિજ લઈ આવ્યાં. એટલે તે લઈ તેમાંથી પાણી પીવડાવતી. શ્વેતાના માથે હાથ ફેરવતાં કૌમુદી બોલી.

- "શ્વેતાબહેન, તમે હવે આરામ કરો. તમો આરામની જરૂર છે.'''

- આકાશ પણ રડતો હતો. વિધિની વક્રતા ક્રુર હાસ્ય વેરીને હસતી હતી. ખુશ થતી હતી. શ્વેતાએ પોતાની આંખો મીંચી દીધી.

- દશ મિનિટ બાદ, "ઘરે બધા મજામાં છે ને ? " સ્નેહા, જગત, ચિરાગ બધાને કેમ લાવ્યા નહિ ? તમે એકલા જ કેમ આવ્યા ? મારા ચિરાગને હું રમાડત નહિ ? હું ચિરાગને ન રમાડું એટલે જ તમે લાવ્યા નહિ. બરાબરને... હવે હું મારા લાડકાં ચિરાગને નહિ ભરખી જાઉં.." ફરીથી ઘેનમાં ને ઘેનમાં પોતાનો



બકવાટ શરૂ કર્યો પોતાની લવરી શરૂ કરી.

- આકાશ બધા પ્રશ્નનો શું જવાબ આપે ? તે શું બોલે ? પોતાના દિલના દુઃખ, દર્દને મહાપરાણે દબાવી રાખીને તેણે કહ્યું..."શ્વેતા બધા જ મઝામાં છે. તું હવે આરામ કર. હું તને લેવા આવ્યો છું...શ્વેતા..."

- બેહોશીમાં સૂઈ રહેલી શ્વેતાએ આકાશના છેલ્લા શબ્દો સાંભળ્યા... 'હું તને લેવા આવ્યો છું.. શ્વેતા... તારે..."મારે તો કોઈનીયે સાથે જવું નથી. ... હું તો મારે એકલી, અકેલી જ જવાની...હોં....' વળી પાછી શ્વેતા ઉંઘી ગઈ.

ડોકટર ખાનપુરા સાહેબ બરાબર સાડા સાત વાગે આવ્યા. તેમણે શ્વેતાને તપાસી બીજાં બે ઈન્જેકશન આપ્યાં અને ગ્લુકોઝનો છેલ્લો બાટલો ચડાવી દઈ આ બાટલો ખલાસ થઈ જાય એટલે દોરી કાઢી નાખવા અંગેની કૌમુદીને સમજ પાડેલ. ખાનપુરા સહેબે કહ્યું.... "સવાર કરતાં અત્યરે પેશન્ટની કન્ડીશન સારી છે. ધીમે ધીમે રાહત મળતી જાય છે. પણ ખૂબ ખૂબ આરામની જરૂર છે હોં..." વળી એમ પણ કહ્યું કે, "રાત્રે જરૂર જણાય તો મને ફોન કરી દેજો..." કહી ડોકટર સાહેબ ગયા.

કૌમુદી સાંજના જમવા અંગેની તૈયારી કરવા પોતાના ઘરે ગઈ. ક્ષિતિજ, આકાશ બંને જણા શ્વેતાની રૂમમાં બેઠા હતા. ધ્રુવ ટ્યુશને ગયો હતો.

કૌમુદી ઘરે જઈ ટિફિન લઈ પાછી આવી થઈ. ઘરે તાળું મારીને આવી હતી. કારણકે શ્વેતાની હાલત જોતાં બધાએ અહીંયાં જ રોકાવું પડશે એમ લાગતું હતું, કૌમુદી પોતે ઘરે જમી પતાવીને આવી હતી. ટ્યુશનેથી પાછા આવેલા ધ્રુવે પણ ઘરે જ જમી લીધું

હતું. એટલે શ્વેતા અને આકાશ, ક્ષિતિજ માટે ટિફિન લઈ કૌમુદી ઘરેથી પાછી આવી ત્યારે બંને મિત્રો બહાર કમ્પાઉન્ડમાં બેઠા હતા...'' ચાલો હવે તમે બંનેએ ખૂબખૂબ વાતો કરી લીધી. તમારે બંને માટે ટીફીન લઈને આવી છું.

કૌમુદીબહેન મને જમવાની જરાય રુચિ નથી એમ કરો. ક્ષિતિજભાઈ અને શ્વેતાને જમાડી લો. હું અહીંયા બેઠો છું. આકાશે કહ્યું. ત્યારે ક્ષિતિજ બોલ્યો.

''અરે ! એમ તે કાંઈ ચાલે યાર... જેટલું ભાવે તેટલુ ખાજે.... કૌમુદી જા જરા રૂમમાં જઈને જોઈ આવ કે શ્વેતા જાગે છે કે પછી ઘેનમાં સૂઈ રહી છે ? બહુ બહુ બકવાટ કર્યે રાખ્યો છે. એટલે થાકી ગઈ હશે....''

જેવી કૌમુદી અંદર ગઈ કે તરત જ ચીસ પાડીને બહાર દોડી આવી...

- આ ચીસ સાંભળીને ક્ષિતિજ, આકાશ, ધ્રુવ વગેરે શ્વેતાની રૂમમાં અંદર દોડી ગયા...

- 'હું તો મારે એકલી, એકલી જવાની હોં.... ' કહ્યા પ્રમાણે શ્વેતા સફેદ ચમકતા સિતારોઓની વચ્ચે ક્યાંક ક્યાંક દૂર દૂર આકાશમાં સરી ગઈ હતી.. આ દુનિયાને છેલ્લી સલામ કરીને પોતાની અનોખી દુનિયામાં પહોંચી ગઈ હતી.

- ફોન કર્યો એટલે દોડતા આવી પહોંચેલા ડોકટર ખાનપુરાએ શ્વેતાની નાડી બરાબર તપાસીને પૂરી ખાતરી કરીને પછી ''શી ઈઝ નો મોર...'' કહી જાહેર કર્યું. તે સાંભળી આકાશ બેભાન થઈ ગયો.

- ફેમિલી ડોકટર ખાનપુરા સાહેબ જતા રહ્યા...

- શ્વેતા સરી ગઈ...



- પોતાના જીવનબાગનું છેલ્લું કુસુમ પણ કરમાઈ ગયું - વિલાઈ ગયું... પોતાની જિંદગી લગભગ ખેદાનમેદાન થઈ ગઈ. તે જોઈને આકાશ ચિતભ્રમ બની ગયો... કોઈપણ જાતના શબ્દો બોલ્યા વગરનો આકાશ હાવભાવવિહિન આકાશ.

- સુરત શહેરની સામે નદીકિનારા પરના કોઈ સ્મશાનમાં ક્ષિતિજ, કૌમુદી તેમજ બીજા બધાંની મદદથી આકાશે શ્વેતાની અંતિમક્રિયા વિધિ પતાવી દીધી.

- સુરત શહેરની જાણીતી 'સ્ત્રી ઉત્થાન મહિલા મંડળ સેવા સમાજનાં કાર્યાલયે અને મંડળની બધી બહેનો પોતાની બહેન-મા સમાન શ્વેતાના અવસાનથી ખૂબખૂબ દુઃખી હતી. મીરાબહેને જ્યારે આકાશને રૂા. ૩૦,૦૦૦/- (ત્રીસ હજારનો) ચેક આપતાં કહ્યું કે...'' લો ભાઈ આ શ્વેતાબેને છેલ્લા સાત આઠ વર્ષથી પોતાના પગારમાંથી બચત કરી છે તે જમા થયેલ રકમ.. આ રકમ તેમની વાતચીત પ્રમાણે તમને અને તમારા બાળકોને માટે આપવાનું કહ્યું છે... ત્યારે....

આકાશ.... વળી પાછો રડી પડ્યો...

વડોદરા, ડાકોર તેમજ બીજા બધા સ્નેહી સગવહાલાને શ્વેતાના અવસાનના સમાચાર પહોંચાડી દીધા... બધું પાવીને ક્યાંય પણ જવું નથી. હવે મારે તો મારા ઘરે ડાકોર જ જવું છે... તેવું કહીને ક્ષિતિજ, કૌમુદી, ધ્રુવ પાસેથી હૃદયદ્રાવક વિદાય લઈને પડી ભાંગેલો હતાશ નિરાશ થયેલોઆકાશ પોતાના વતન ડાકોર રણછોડજીના ધામ તરફ પાછો વળી રહ્યો હતો ત્યારે સુરત શહેરમાં પોતાનું બધું જ સર્વસ્વ લૂંટાઈ જવાથી પોતે બરબાદ થઈ જવાથી આકાશનું હૈયું પારાવાર રડી રહ્યું હતું.

# ૨૦
# શૂન્યાવકાશ

- ડાકોર પહોચ્યાં પછી આકાશની ... જિંદગીમાં ખૂબખૂબ તફાવત પડી ગયો છે.

- લોકો-ડાકોરના-લોકો-કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ તેમજ સ્ટાફના મિત્રો - આકાશને પ્રોફેસર આકાશને તરંગે-ધૂની - અર્ધપાગલ પ્રોફેસર તરીકે ઓળખી રહ્યા છે. જો કે, આકાશના વાણી, વર્તન, વ્યવહારમાં કાંઈ ગાંડપણ જોવા મળતું નથી. આકાશ પોતના વાણી, વર્તન વ્યવહારથી કોઈને પણ સહેજ પણ દુઃખ થાય નહિ તે બાબતની ખૂબ ખૂબ તકેદારી, સાવચેતી રાખી રહ્યો છે.

- પ્રોફેસર આકાશ પોતાની ધૂનમાં જ મસ્ત રહેતો...

- કાળી કાળી જોગી જેવી દાઢી ધરાવતો પાણીદાર આંખોવાળો પ્રોફેસર આકાશ. સફેદ લેંઘો અને સફેદ પહેરણમાં સજ્જ પ્રોફેસર આકાશ કયારેક બજારમાં પોતાના બાપુજીની (ગિરધરકાકા-ગોટાવાળા) દુકાને બેસી, સામે આવેલા પરમકૃપાળુ રણછોડરાય-ડાકોરવાળાના ભજન-કીર્તનમાં મસ્ત રહેતો આ દુકાન હવે ભાગીદારીમાં ચાલતી હતી. ક્યારેક આ દુકાનની સામે આવેલા ટાવરની બાજુએ સફેદ ગાડી નીચે ચગદાઈને મરી ગયેલ રાહુને પ્રોફેસરની આંખો શોધતી હતી તો ક્યારેક ગોમતી કિનારે લટાર મારતાં ગોમતી તળાવમાં પડી ગયેલ કેતનને પ્રોફેસરની આંખો શોધી રહી હતી. ત્યારબાદ ઉંચે આકાશમાં સ્નેહા, જગત, ચિરાગ પોતાના પૂજ્ય ગિરધરકાકા, માતૃશ્રી ગૌમુખી શ્વેતા વગેરે વગેરેને આકાશની શૂન્ય આંખો-ભાવ વગરની આંખો હરહંમેશાં શોધતી રહી હતી .



- આકાશને દૂર દૂર ભૂરા ભૂરા આકાશને, આકાશની દયા, માયા, હેતભાવ વગરની શૂન્ય આંખો કાંઈક કહેતી હતી... ભલા ભગવાન તેં મારી દુનિયા બરબાદ કરી દીધી તેથી તને શો લાભ થયો ? તને શું મળ્યું ?

- આકાશને શ્વેતા યાદ આવે છે ?

- આકાશનું હૈયું ચિરાઈ જાય છે.

- રાહ, કેતુ, જગત, ચિરાગ આકાશને યાદ આવે છે.

- ત્યારે આકાશનું હૈયું હચમચી ઉઠે છે. સ્નેહા, ગૌમુખી, ગિરધરકાકા વગેરે ઉંચે આકાશ તરફ જોતાં યાદ આવી જાય છે.

- સ્નેહ, શૂન્ય જીવન... !

- હાવભાવ, પ્રેમભાવ વગરનું જીવન... !

- યંાત્રિક જીવન... પેટ્રોલથી ચાલતા વાહનમાં પેટ્રોલ ઓઈલ વગેરે સમયાંતરે નાખતાં રહેવું પડે છે તે રીતે આકાશ ખાવાની, પીવાની, પહેરવાની, ઓઢવાની તમામે તમામ પ્રકારની દેહધાર્મિક ક્રિયાઓ - પ્રક્રિયાઓ પતાવે છે.

- આકાશના હૃદયમાં આનંદ નથી, ઉમંગ નથી. બસ એ કજ શૂન્યતા છે. શબ્દ વગરની શૂન્યતા, ઘણાબધાને ગમતી હોય છે. ખૂબ ખૂબ ગમતી હોય છે... !

- આકાશ... !!

- પ્રોફેસર આકાશનો શૂન્યતા સાથેનો જન્મોજન્મનો સંબંધ જોડાઈ ચૂકયો હતો.

આકાશે ખડકો (પર્વતો), દૂર દૂરના પથ્થરો, સિતારા, ચાંદ વગેરે વગેરે ઘણી બધી પ્રવૃત્તિઓ ચીજવસ્તુઓ પણ શૂન્યભાવે જગતની ચહલપહલ હલનચલનને નિહાળી રહી છે તેમ આકાશ પણ શૂન્યભાવે જગતમાં તમામ પ્રકારની પ્રવૃત્તિઓ પરત્વે કોઈપણ જાતનો પ્રતિભાવ, ભાવ બતાવ્યા વગર નિષ્પલક રીતે જોવા મથે

છે.

- પ્રોફેસરને શ્વેતાના શબ્દો યાદ આવે છે.

- "હું તી એકલી, એકલી જ જવાની છું હો..."

- પ્રોફેસરનો સ્નેહનો પ્રેમ, સ્નેહાની દાદાગીરી અને સ્નેહા સાથે વ્યતીત થયેલું જીવન યાદ આવે છે. પ્રોફેસર આકાશને ગુલાબના ફૂલ જેવાં પોતાનાં બાળકો, રાહુ-કેતુ-જગત અને ચિરાગ પણ ખૂબ યાદ આવે છે ત્યારે આકાશનું પોચા માખણ જેવું હૃદય મીણની જેમ પલળી ઉઠે છે. દ્રવી ઉઠે છે. આકાશની આંખો દ્રવી ઉઠે છે. રડી ઉઠે છે, ચોધર આંસુડાથી છલકાઈ જાય છે.

- ક્યારેક ક્યારેક ફુરસદનો સમય લઈ સમીર આકાશનો પ્રોફેસર મિત્ર આકાશનું મન પ્રફુલ્લિત કરવા પોતાના ઘરે લઈ જાય છે ત્યારે તે વખતે સમીર અને સમીરની પત્ની તથા સમીરની મોટી બેબીને જોઈને પ્રફુલ્લિત કુટુંબને જોઈને આકાશ રડી પડે છે. નાના બાળકની જેમ ખૂબખૂબ રડી પડે છે. રડી લીધા પછી વળી પાછી આકાશની આંખો ભાવ વગરની પથ્થર જેવી કઠોર બની જાય છે. તે દૂર દૂર ગગનમાં જોઈ રહે છે અને પરમાત્માના પરમધામમાં રહી રહીને પણ ભગવાનનો ખૂબ ખૂબ દોષ કાઢે છે.

- દૂર દૂર ડાકોરના રણછોડરાયના મંદિરની આરતી સંભળાઈ રહી છે. આકાશ ઉમરેઠ-ડાકોર રોડ પર ફરી રહ્યો છે... કોઈ રોડ પરની હોટલમાં રફીના દર્દીલા સ્વરે...મન રે...તુ કા હે છો ધીર

- ઓ નિર્મોહી, મોહ ન જાતે...

- કિસકા મોહ કરે... મન રે... તુ કાહે ન ધીરે...

- ... ઈસ જીવન કી ઉજલી ઉજલી

- કલાકો કિસને રોકા

- કોન કિસકે સાથ મલે હૈ મલે હૈ, કોનને કીસકો



- ટોકા.... મન રે...

- ઉતના હી ઉપકાર સમજ લે,

જીતના સાથ નિભાયા...

જન્મ મરણ કે ફેરે મેં સબ, તું જહીં સમજ પાયા...

કોઈ જ માંગ મેરે... મન રે...

- સાંભળી ભાવપૂર્ણ દશાનો અનુભવ કરી પાછો ફરીથી જીવતો બની આકાશ રડી પડે છે. પોતાની આંખમાં આવી ગયેલ ધસી આવેલા આંસુઓને આકાશ મહાપરાણે રોકી લે છે. અને વળી શૂન્ય બની જઈ, ભાવવિહીન બની જઈ પોતાની આંખોના આંસુને મહાપરાણે લૂછી લઈને પથ્થર હૃદય બનાવી પાછો વળી જાય છે. ડાકોર શહેર તરફ...

- ડાકોર શહેરમાં ગોમતી તળાવની આસપાસ લગીરમાં ગિરધરકાકાની દુકાને અને ઓટલે અથવા સર્વોદય હોસ્પિટલ ડાકોરના કંપાઉન્ડમાં ઉંચે આકાશ તરફ મિનિટો સુધી જોઈ રહેવાને આકાશ ક્ષિતિજોને પણ ધારી જોઈ રહેનાર પ્રાફેસર આકાશ....

- શૂન્ય હૃદય ધરાવતો શૂન્યાવકાશ પ્રોફેસર આકાશ મનને આજે ક્યારેક તમો જ્યારે ડાકોરના રણછોડરાયના મંદિરે ડાકોર દર્શન કરવા જાઓ અને તમને ગોમતી તળાવની સામે લોખંડની રેલીંગને અડીને કાળી કાળી જોગી જેવી દાઢી મોટી મોટી પાણીદાર આંખો અને લેંઘો પહેરણ પહેરેલો આકાશ કે જે તળાવના ગોમતીના પૂરની ચીરી આંખે તેમાં ખોવાઈ ગયેલા પોતાના દીકરા કેતનને બહાર કાઢવા મથી રહ્યો છે. શોધખોળ કરી રહ્યો છે તેને જોઈને આશ્ચર્યમાં પડી જશો નહિ. એ જ આકાશ છે અને એ જ શૂન્યાવકાશ છે...